# સાબરમતી પૂછે છે....

# : આપણું સાહિત્યનાં સક્રિય ભાગીદારો :

(૧) પ્રિન્ટીંગ સિસ્ટમ' પ્રેસના તમામ કાર્યકરો : જેમણે વર્ષ દરમિયાન એક અપવાદને બાદ કરતાં 'આપણું સાહિત્ય'ના તમામ અંકોનું મુદ્રણકાર્ય કર્યું : સુખદેવભાઈ, ભરતભાઈ, ચંદુભાઈ, નટુભાઈ, નારણભાઈ, ચૂંથાજી, વાહિદભાઈ, કેશવભાઈ.

(૨) એક અંકનું મુદ્રણકાર્ય 'કામા પ્રિન્ટર્સ' પ્રેસમાં થયું હતું, તેના સર્વે કાર્યકર સાથીઓ.

(૩) વર્ષ દરમિયાન અંકોની વહેંચણીનું કાર્ય કરનાર સાથીદારો. બહારગામના સાથીઓનાં નામ–સરનામા અન્યત્ર આપ્યાં છે. આ છે અમદાવાદનાં સાથીઓ :
નયનભાઈ, કર્દમભાઈ, સુભાષભાઈ, ગિરીશભાઈ, નીલેશભાઈ, પ્રેમલ–જ્યોતિ' પરિવારનાં મિત્રો, વગેરે.

(૪) અનુદાન વડે પ્રવૃત્તિને જીવંત રાખનાર સાથીઓ છે.—
પ્રવીણ હીરપરા–સુભાષ ઠાકર–પ્રદીપ ખાંડવાલા–થોમસભાઈ–અમિતભાઈ–ભૂષણભાઈ–કિરણભાઈ–નિકુંજ-ડાયર–ચંદ્રકાંતભાઈ કડિયા–સ્વાતિબેન–રજનીભાઈ જિનવાલા–'પ્રેમલ જ્યોતિ પરિવાર–દિલીપભાઈ–થીંકર્સ એકેડેમી–બિમલભાઈ શાહ–દિનાઝ કલવાચવાલા–કિરીટ પાનવાલા–'દિશા'–હરિભાઈ ચૌહાણ–તુલસીભાઈ પટેલ–નાનુભાઇ નાયક .......તથા અનેક એવાં અનામી સાથીઓ જેમણે અવારનવાર શક્ય એટલું આર્થિક અનુદાન આપ્યું છે. કયારેક નામ જાહેર ન કરવાની શરતે પણ અનુદાનો આપ્યાં છે.

(૫) પોતાની રચનાઓ પત્રિકામાં છાપવા આપીને સક્રિય રહેનાર સાથીઓનાં નામો તો આ આખા અંકમાં શ્વાસ બનીને ધબકે છે એટલે એમનાં નામો અહીં અલગથી નથી લખતાં.

(૬) એવાં અનેક નામી–અનામી સાથીઓ જેમણે પ્રસંગોપાત પ્રવૃત્તિને સીધી કે આડકતરી મદદ કરી છે.

'આપણું સાહિત્ય' પ્રકાશન શ્રેણી : પુસ્તક-૧

# સાબરમતી પૂછે છે...

૧૯ ઓગસ્ટ, ૧૯૮૬ થી ૧૫ ઓગસ્ટ, ૧૯૮૭
સુધીમાં 'આપણું સાહિત્ય' (અનિયતકાલીન)
પત્રિકામાં છપાયેલ કૃતિઓનો સાહિત્યસંગ્રહ

: સંપાદન :

હિરેન
સરૂપ

સંવેદન સાંસ્કૃતિક મંચ પ્રકાશન

૯, રૂપેશ સોસાયટી, વસ્ત્રાપુર સ્ટેશન રોડ, જીવરાજ પાર્ક વિસ્તાર,
અમદાવાદ પિન : ૩૮૦૦૫૧ ફોન : ૪૧૩૮૩૫

આ પુસ્તકમાં છપાયેલ સાહિત્ય 'આપણું સાહિત્ય' છે; અને એટલે જ એનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાનો આપણને સૌને અધિકાર છે. એ માટે કોઇ પણ પ્રકારની મંજૂરી જરૂરી નથી.

— સંપાદકો


* આવૃત્તિ : પ્રથમ
* પ્રકાશન વર્ષ : ૧૯૮૭, ઓગસ્ટ
* નકલ : ૧૦૦૦
* કિંમત : રૂ. ૬/– (ઓછામાં ઓછી)
* મુદ્રક : કૃષ્ણ પ્રિન્ટર્સ, એ/૭, વાસુપૂજ્ય ચેમ્બર્સ, ઈન્કમટેક્ષ પાસે, આશ્રમરોડ, અમદાવાદ.

સુધારેલી કિંમત
રૂ. ૨૫


'આપણું સાહિત્ય'એ આપણી સહિયારી પ્રવૃત્તિ છે; અને એટલે જ એનું સર્જન,પ્રકાશન, પ્રચાર, પ્રસાર વગેરેની જવાબદારી પણ આપોઆપ જ આપણી સહિયારી બને છે.

# આપણી વાત

**સાથીઓ,**

વર્તમાન ગુજરાતી સાહિત્યનાં મૂલ્યો અને એની આખીય ઇમારતને 'પત્તાના મહેલ'ની જેમ કડડભૂસ કરી નાંખે, ખેદાનમેદાન કરી નાંખે એવાં યુદ્ધની તો હજુ વાર છે. પરંતુ એ ભીષણ યુદ્ધને આહ્વાન આપવા આપણે કટિબદ્ધ બની નીકળી પડયાં છીએ. આ પુસ્તક આપણી કૂચનો પહેલો પડાવ છે.

પેલી 'બિરબલની ખીચડી' વાર્તા યાદ છે ને ? 'એ લોકો', કહેવાતા સાહિત્યકારો, સરકાર અને શેઠિયાઓના દલાલો (અકાદમીવાદીઓ અને પરિષદવાદીએ), આપણા આ સાચા સાહિત્યને–દલિત, શોષિત, પીડિતના સાહિત્યને પામવાની પ્રક્રિયાને અત્યારે હસી કાઢે છે. કહે છે, "બિરબલની ખીચડી છે, આ તો !" પણ ઉંઘતા ઝડપાવા જેવું નથી હોં ! કાલે આપણા અગ્નિનો તાપ-પ્રતાપ વધતો જશે એટલે એ જ 'શિષ્ટ' સાહિત્યકારો 'અશિષ્ટ' બકશે, 'સમાજના બેલી'ઓ, અ-સામાજિક બનશે. આપણો અગ્નિ ઠારવા, હાંડલી તોડવા, ખીચડી બાળવા રમખાણો કરશે.

યુગોથી 'એ લોકો' આ જ કરતા આવ્યા છે. બહુ દૂર જવાને બદલે 'ગાંધીયુગ' સુધી જ જઈએ તો પણ હાલ જીવતાં કેટલાંક 'બ્રહ્મરાક્ષસો'નાં કરતૂતો સરળતાથી સમજી શકાય. મુ. મેઘાણીભાઈ અને જયંતિભાઈ જેવાંને 'સમાજાભિમુખ' સાહિત્ય સર્જવાના ગુનાસર જ કેટકેટલું સહન કરવું પડયું ?! અલબત્ત એમની પણ કેટલીક મર્યાદાઓ હતી, પરંતુ સૌથી મોટી મર્યાદા એ હતી કે એ મુરબ્બીઓ એકલદોકલ અને વેર-વિખેર હતાં. સાચા સાહિત્ય તરફની એમની પ્રક્રિયાને ભલે તહસનહસ કરી દેવાઇ, પણ એ અને એમના જેવા મુઠ્ઠીભર બિરાદરો બીજ તો વાવી જ ચૂકયાં. જેનો 'મોલ' આવતી કાલે આપણે ઊતારી શકીએ એમ છીએ. ફરીથી 'પહેલા પડાવ' પર આવીએ. ૧૯૮૬ના જુલાઈ–ઑગસ્ટ માસમાં અમદાવાદ અને ગુજરાત સતતના બીજા 'કોમી રમખાણો'નું ભોગ બન્યું. 'આપણે' ખતમ થવા માંડયા, તૂટવા માંડયા. તોફાનો પાછળ કારણો ઘણાં હતાં, પણ એક મહત્ત્વનું કારણ અત્યારના 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના પ્રમુખે પૂરું પાડયું હતું. 'સાહિત્ય પરિષદ' ઉપરાંત 'વિશ્વ હિન્દુ પરિષદ'ના પ્રમુખ એવા આ કહેવાતા સાહિત્યકારે જાહેરમાં લઘુમતી કોમ વિરુદ્ધ બેફામ વિધાનો કરી બહુમતી કોમની આગ ભડકવી. અમારા જેવા મુઠ્ઠીભર સાથીઓ ખળભળી ઊઠયાં. અમે ૧૯ ઑગસ્ટ, ૧૯૮૬ના રોજ સૂત્રો અને કાર્ટૂનોનાં પાટિયાં લઈ પહોંચી ગયાં 'સાહિત્ય પરિષદ'ના પાકા મકાન સામે 'મૌન–વિરોધ પ્રદર્શન' કરવા. એ દિવસે સમારંભ હતો 'તળિયાના માણસ'નું સાહિત્ય સર્જનારમાંથી 'આકાશી દેવો'નું સાહિત્ય સર્જન કરનાર પન્નાલાલ પટેલના સન્માનનો. તેમને થોડા વખત પહેલાં જ 'તળિયેથી આકાશ' તરફ વટલાવા બદલ 'જ્ઞાન તરફ જેની પીઠ છે' તે 'જ્ઞાન-પીઠ' ઇનામ જાહેર થયું હતું. સમારંભના પ્રમુખપદે પેલા 'પ્રમુખ' જ હતા.

અમે ચૂપચાપ 'વિરોધ–પ્રદર્શન' જારી રાખ્યું–'પાકા' મકાનની બહાર ધીમે–ધીમે 'એ લોકો' આવતા ગયા, ભવાં ચઢાવતા ગયા. હવે ખરી મજા શરૂ થઇ. અમે માત્ર 'વિરોધ' કરવા જ નહોતા ગયા. સાથી સરૂપબેનની 'કોમવાદ વિરોધી' સણસણતી કવિતા 'સાબરમતી પૂછે છે...'ની ૪૦૦–૫૦૦ નકલ સાદા કાગળ પર છાપીને લઈ ગયા હતા. એ 'દલાલો'ને સમજાવવા કે સાચું સાહિત્ય સરકાર કે શેઠિયાઓના 'પાકા' મકાનોમાં ના સર્જાય; એ તો રસ્તા પર, ઝૂંપડપટ્ટીમાં, કાચી બસ્તીમાં, ઊભરાતી ગટરોમાં, સૂકાયેલી સાબરમતીમાં, સળગતી જિંદગીઓમાં સર્જાય. અમે એમને એકએક નકલ પકડાવવા માંડી. અમારા પાટિયાઓ પરનાં સૂત્રોની જોડણીઓને પડકારીને એમણે શરૂઆત કરી. પછી તો ત્યાં સુધી આવ્યા કે 'ગુજરાતી સાહિત્ય પરિષદ' સાથે તમારે શું લેવાદેવા ? અમે મૌન. એકાદ 'ઘડાયેલા રાજકાણી'એ અમને 'પાકા' મકાનમાં આવવા કહ્યું. અમે ત્યાં જ. મૌન. છેલ્લે ચરમસીમા આવી. 'પરિષદ'ના બંધારણ મુજબ એક વખત જે પ્રમુખ (હા, 'પરમુખ' પણ કહેવાય !) થાય એને મોત કે મુદત જ હટાવી શકે.

'હવે તો યુદ્ધ એ જ પર્યાય' લઈને ચારેક કલાકે પાછા ફર્યા. નક્કી કર્યું 'સાબરમતી પૂછે છે...' જેવી રચનાઓ છાપવાનું શરૂ કરીએ. 'શેરી–કવિતા'ના નામે અનિયતકાલીન પત્રિકા શરૂ કરી. થોડા વખત પછી સમજાયું શા માટે શેરી જ? શા માટે કવિતા જ ?! 'આપણું સાહિત્ય'–એવું કામચલાઉ નામ આપ્યું. કામચલાઉ એટલા માટે કે આવતી કાલે જ્યારે 'એ લોકો' ખતમ થઈ થશે ત્યારે આ માત્ર 'સાહિત્ય' હશે. સાચું સાહિત્ય.

તો ત્યારથી શરૂ કરીને આજે તેર મહિને આપણે આ 'પહેલા પડાવ' લગી આવ્યા. અલબત્ત આ અગાઉ થોડાં વર્ષોથી દલિત, સંઘર્ષ, મુક્તિના નામે સાચા સાહિત્ય તરફની ગતિ તો શરૂ થઈ જ ગઈ હતી. નામ ગમે તે હોય આપણું ધ્યેય છે સાચું સાહિત્ય, લોકનિષ્ઠ પરિવર્તનનું માધ્યમ, સાચા સ્વાતંત્ર્ય માટેની ક્રાંતિનો બુલંદ બૂંગિયો. તેર માસ દરમિયાન છપાયેલ એક સિવાય એકેએક કૃતિ પુસ્તકમાં છે. કાપકૂપ, ફેરફાર કે સરવાળા–બાદબાકી વગર આમ બધું જ સંગ્રહસ્થ કરવા પાછળ અમારો મુખ્ય આશય છે એક તો, સાહિત્યના માપદંડોની દૃષ્ટિએ કેટલીક નબળી લાગતી રચનાઓ ઉગતા સાહિત્યકારોની છે. તેમણે મુગ્ધભાવે ચીલાચાલુ કવિતાઓ–ગઝલો લખવાને બદલે 'સમાજાભિમુખ' સાહિત્ય સર્જ્યું છે. વળી આપણા જેવા ક્રાંતિકારીઓ માટે 'હેતુશુદ્ધિ' જ સર્વેસર્વા છે–'સાધનશુદ્ધિ' હરગીઝ નહીં. એ નબળી રચનાઓ પણ સ્પષ્ટ અને સમજાય એવી છે. બીજો મહત્ત્વનો આશય છે 'દસ્તાવેજીકરણ'નો. આજે તો શરૂઆત છે. હજુ લાંબી મંજલ કાપવાની છે. આજથી જ યોગ્ય રીતે 'દસ્તાવેજીકરણ' કરીએ તો આવતી કાલે આવનારાં લડવૈયા આપણને મૂલવી શકે, આપણી ભૂલો સુધારી શકે, આખીય પ્રક્રિયાને ઊંડાણથી સમજી શકે, અને આપણી પ્રક્રિયાને યોગ્ય રીતે આગળ ધપાવી શકે.

અને ત્રીજી સૌથી મહત્ત્વની વાત, આપણે સાચા સાહિત્યનાં મૂલ્યો, માપદંડો ઘડવા હજી બાકી છે, સાચા વિવેચકો મેળવવા બાકી છે, પણ એ આજની આપણી તાતી જરૂરિયાત નથી. આજે તો જરૂર છે મબલખ 'આપણા સાહિત્ય'ની, 'આપણા સાહિત્યકારો'ની. એ મબલખ 'સાહિત્ય' સર્જાતાં જ આપોઆપ મૂલ્યો, માપદંડો, વિવેચકો ઘડાશે. એ મબલખ મબલખ મળતાં સુધીમાં જ ઘણાબધા સરવાળા–બાદબાકી થઈ જશે. એટલે એ કશાની ચિંતા કર્યા વિના જ જે લખાયું તે છાપ્યું છે.

એક છેલ્લી વાત. ઘણીબધી રચનાઓની નીચે 'રચના સંદર્ભ' છાપ્યો છે. કેટલીક રચનાઓ પછી જે તે અંકની 'સંપાદકીય નોંધ' જ જેમની તેમ છાપી છે. આ પદ્ધતિ નવી નથી. મુ. મેઘાણીભાઈની લગભગ દરેક કૃતિના 'સંદર્ભો' મળે છે અને એટલે જ એમને સાચી રીતે મૂલવી શકાય છે, સમજી શયાય છે. અમારો પણ કંઈક એવો જ આશય છે. અને બે વાર્તાઓ 'સ્ટારફીશ' અને 'ચીની લોકકથા'ની નીચે અમે વાર્તાનું વિવેચન છાપ્યું છે. એ આશયથી કે વિવેચન માટેના માપદંડો યોગ્ય છે કે કેમ તેની ચર્ચા આપણે આરંભી શકીએ. પણ યાદ રાખીએ કે 'વિવેચન' આજની જરૂરિયાત નથી જ નથી. આપણે તો આજે જોઈએ ઢગલાબંધ 'આપણું સાહિત્ય', પેલા અગ્નિની ભીષણ ગરમી, જે આવતી કાલે આપણી 'ખીચડી'ને સરસ–સ્વાદિષ્ટ પકવે; અને આજે મળતાં 'સાહિત્ય'ના નામના કાચાં દાળ–ચોખાથી લથડેલું આપણું 'સ્વાસ્થ્ય' તંદુરસ્ત બને.

બસ, તો આ પુસ્તક આપને માટે ખૂલ્લું છે. પુસ્તકને અંતે અમારા સરનામાવાળો એક કોરો કાગળ છે, આપને યાદ અપાવવા કે 'પહેલા પડાવ' સુધીની આપણી મજલ વિશેનો સ્વસ્થ, તંદુરસ્ત અભિપ્રાય અને યોગ્ય સૂચનો આપે આપવાનાં છે. જેથી 'આપણી બિરાદરી' વધુ મજબૂત બને, આપણું ધ્યેય ઝડપથી હાંસલ થાય

**તા. ૧૫ ઓગસ્ટ ૧૯૮૭** **—સંપાદકો**

# સંવેદન સાંસ્કૃતિક મંચ

## સંસ્થા પરિચય

"પોતાની રંગભૂમિને સહકાર અને પ્રોત્સાહન ન આપનાર રાષ્ટ્ર નિષ્પ્રાણ નહીં તો મૃતપ્રાયઃ અવસ્થામાં તો જરૂર છે જ, અને એ રંગભૂમિ પોતાને રંગભૂમિ તરીકે ઓળખાવવા 'ના-લાયક' છે, જે સામાજિક પ્રવાહો, ઐતિહાસિક સંદર્ભો, માનવજીવનનાં મૂલ્યો અને લોક-જુસ્સાને હાસ્ય અથવા અશ્રુ વડે પ્રવાહિત કરવામાં ઊણી ઉતરતી હોય. આવી રંગભૂમિ એ આનંદપ્રમોદનું અથવા સમય પસાર કરવાનું જાહેર-સ્થળ માત્ર છે."

**ફેડરિકો ગાર્સિયા લોર્કા**
**(સ્પેનિશ કવિ-નાટ્યકાર)**

૧૯૮૪ના મે માસમાં 'સંવેદન'નો જન્મ થયો ત્યારે અમે ગુજરાત અને ખાસ કરીને અમદાવાદની જનતાને હાકલ કરી હતી કે :

**"ઉપરોક્ત કથન સાથે માત્ર વૈચારિક રીતે સહમત થવું પૂરતું નથી; એમાં વ્યક્ત થતાં આક્રોશની છણાવટ કરવાનો ય આ વખત નથી; બલ્કે ચાલો, એવી રંગભૂમિની રચના કરીએ જે રાષ્ટ્ર સમાજ, સમસામયિક મૂલ્યો અને 'આપણા' સંવેદનોને કસોટીએ ચઢાવી સાચું દિશાસૂચન કરે,"**

– ત્યારથી આજ સુધીમાં સંસ્થાએ માત્ર તખ્તાનાં અને શેરીનાં નાટકો જ ભજવ્યાં હતાં. એની વિગતો આ પ્રમાણે છે.

### (૧) ભગતસિંહના જીવન, આદર્શો અને કાર્યો ઉપર આધારિત તખ્તાનું નાટક :

### 'ઈતિહાસની બીજી બાજુ'

લગભગ ૭૦ કલાકારો અને સાડાપાંચ કલાકનું આ ત્રિઅંકી નાટક પ્રેમાભાઈ હોલ ખાતે ૬ ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૮૪ ના દિવસે રજૂ થયું. 'રજૂ થયું'–એ મહત્વનું છે, કેમકે એ રજૂ ન થાય એ માટે ગુજરાત સરકારે એને 'સાંસ્કૃતિક પ્રમાણપત્ર' ન આપી અટકાવવાની કોશિષ કરી. એટલું જ નહીં, અમારા ઉપર 'રાષ્ટ્ર વિરોધી', શીખોને ઉશ્કેરનારાં 'આતંકવાદીઓ' વગેરે ગંભીર પ્રકરનાં જાહેર આક્ષેપો કર્યાં. સામે અમે સહી ઝુંબેશ, જાહેર સભા વગેરે માધ્યમોથી લડત આપી. ઘણાં પત્રકાર સાથીઓએ, ગુજરાત અને મુંબઈમાં રાજ્ય સરકારની જાહેરમાં ઝાટકણી કાઢી. અમે અદાલતમાં જવાની તૈયારી કરી બીજી બાજુ જાહેરાત કરી કે 'અમે નાટક ભજવીશું, જે થાય એ કરી લો.' અંતે સરકાર ઝૂકી. 'કાપકૂપ' સાથે પરવાનગી આપી. અમે 'કાપકૂપ' વિના જ નાટક ભજવ્યું. 'આર્થિક' રીતે નિચોવાઈ ગયાં પણ વધુ મજબૂત 'યોદ્ધા' બનીને બહાર આવ્યા (આ વિશેની થોડી વિગતો આ જ પુસ્તકમાં છપાયેલ 'ભગતસિંહને ..' રચનાના 'રચના સંદર્ભ'માં આપી છે.)

આ નાટકની મૂળ સ્ક્રીપ્ટને મઠારીને નાનું-સઘન નાટક તૈયાર કરવાની ઇચ્છા છે. આપને ભજવવાની ઇચ્છા હોય તો સંપર્ક સાધશો.

(૨) સદીઓ પુરાણી શોષણની સાંકળને તોડનાર આદિવાસીની ક્રાંતિકથા કહેતું મૂળ બંગાળી નાટકનું આગવું ગુજરાતી રૂપાંતર અને તખ્તા-શેરીનું નાટક:

## 'મારીચ-સંવાદ'

નાટક તૈયાર થયું અને અમદાવાદ-ગુજરાતમાં 'અનામત' અને 'કોમી' તોફાનો શરૂ થયાં. છતાં 'પ્રેમલ જ્યોતિ'ના ભોંયરામાં પચાસ, પંચોતેર, સો પ્રેક્ષકોને સાથે રાખીને પાંચ પ્રયોગો કર્યાં. અરુણ મુખર્જીની મૂળ સ્ક્રીપ્ટને તો સાવ બદલી જ નાંખી હતી. શોષક-દલાલ અને શોષિતની સાંકળ એ જ ઘરેડમાં સદીઓથી ચાલે છે. પણ અંતે, એક આદિવાસી 'ઇશલો' દલાલને ઠુકરાવી, શોષકને ખતમ કરી 'સ્વતંત્ર' બને છે. એટલેથી ન અટકતા એ શોષક-દલાલને પોષતાં તેમના પીઠુ સમાન લેખક-પ્રતીકરૂપે-વાલ્મિકીને ઉઠાવીને તખ્તાની બહાર ફગાવી દઈ કહે છે-અમારું સાહિત્ય, અમારી રંગભૂમિ, અમારું જીવન એની ગતિવિધિ અમે સર્જી લઈશું. ૨ કલાક, પાંચ પાત્રો અને ૩ સંગીત મંડળીના સભ્યોવાળું આ નાટક આપ પણ ભજવી શકો.

(૩) ભોપાલ ગેસકાંડની ઘટના અને અસરો ઉપર આધારિત શેરીનાટક:

## 'જીવતરના વેપારને રોકો'

૨ ડિસેમ્બર, ૧૯૮૫ના દિવસે 'ભોપાલ ગેસકાંડ'ની ભયાનક ઘટનાને એક વર્ષ પુરું થતું હતું. એ નિમિત્તે 'જાગૃતિ સપ્તાહ' મનાવવા અમદાવાદની ૧૬ સ્વૈચ્છિક સંસ્થાઓ એકઠી થઈ 'સંવેદન પણ એમાંનું એક હતું. અમે ૩૦-૩૫ મિનીટનું આ ચોટદાર શેરીનાટક તૈયાર કરી સપ્તાહ દરમિયાન અમદાવાદના જુદાં જુદાં વિસ્તારોમાં ભજવ્યું. ખાસ તો ૨ ડિસેમ્બર રાતની ઘટનાને પ્રતીકાત્મક રીતે જીવંત કરવા રાત્રે ૧૨ વાગે અમદાવાદની 'ભઠિયાર ગલી' પાસે મશાલ સરઘસ સાથે ચારસો-પાંચસોની મેદની વચ્ચે ભજવ્યું.
ત્યારબાદ ૧૯૮૬ ના ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં પણ સેન્ટ ઝેવિયર્સ કોલેજના વિદ્યાર્થીઓ સાથે એ ફરી ભજવ્યું. આપ પણ ઇચ્છો તો ફરી ભજવી શકો.

(૪) કોમવાદની સમસ્યાનું વૈજ્ઞાનિક પૃથક્કરણ કરતું શેરીનાટક:

## 'માણસ જાત......માણસ જાત'

લગભગ ૧૯૮૬ જાન્યુઆરીથી અમદાવાદનો 'લોક અધિકાર સંઘ' વધુ બહોળો બન્યો. અમદાવાદ અને ગુજરાતમાં વકર્યે જતા 'કોમવાદ'ને ધ્યાનમાં રાખી એ સંસ્થાના ઉપક્રમે અમે આ શેરીનાટક તૈયાર કર્યું. પણ જેમ ભગતસિંહ સરકાર માટે અપચ્ય હતા તેમ આ સમસ્યાનું અમારું વૈજ્ઞાનિક પૃથક્કરણ, ધર્મ છોડવાનું દિશાસૂચન, સશસ્ત્ર ક્રાંતિની વાત અને 'માણસ'ના પ્રાથમિક અધિકારની વાત મોટાભાગનાં કહેવાતાં 'નાગરિક સ્વાતંત્ર્યવીરો' અને કેટલાંક 'હિન્દુવાદીઓ'ને ન પચ્યાં. જેમતેમ થોડા પ્રયોગો કર્યાં.
નવેસરથી સેન્ટ ઝેવિયર્સ કોલેજનાં વિદ્યાર્થીઓ સાથે આ જ નાટક તૈયાર કરી કેટલીક શાળા-કોલેજોમાં ભજવ્યું. રજૂઆત પછી વિદ્યાર્થીઓ સાથે બબ્બે-ત્રણ ત્રણ કલાક ચર્ચાઓ પણ કરી. ફરીથી જૂન-૧૯૮૭માં વડોદરાની 'પરિવર્તન' સંસ્થાએ 'કોમી એકતા શેરીનાટ્ય મહોત્સવ' માટે આમંત્રણ આપ્યું. નવેસરથી ત્યાં, પ્રયોગો કર્યા, આ 'મહોત્સવ'માં આવેલ અન્ય રાજ્યોની સંસ્થાઓએ પણ નાટક ખૂબ વખાણ્યું. દિલ્હીની 'નિશાંત નાટ્યમંચ' સંસ્થા તો આ નાટક ભજવવા અને હિન્દીમાં પ્રકાશિત કરવા પણ તત્પર છે. ખેડા જિલ્લામાં ભજવવા હમણાં જ એક મિત્ર સ્ક્રીપ્ટ લઈ ગયાં. આપ પણ ભજવી શકો.

— આ ઉપરાંત સંસ્થાએ કેટલીક અન્ય પ્રવૃત્તિઓ કરી હતી એની વિગતો આ પ્રમાણે છે :

(૧) ૨૫ એપ્રિલ, ૧૯૮૭ ના રોજ સંસ્થાએ 'મહેમદાવાદ આર્ટીસ્ટ ગ્રૂપ' દ્વારા તૈયાર થયેલ શોષણ વિરોધી–આદિવાસી સંગઠનનું નાટક 'પોસ્ટર'–નો અમદાવાદમ' 'ટાગોર હોલ' ખાતે એક પ્રયોગ રજૂ કર્યો. સંસ્થા હજુ પણ નાના નાનાં નગરો, ગામડાંઓમાં થતી નાટ્ય પ્રવૃત્તિને પ્રોત્સહન, જીવંત સહકાર અને જરૂરી સૂચનો આપવા તત્પર છે.

(૨) ૧૯૮૬ ના શરૂઆતના ગાળામાં અમદાવાદની કેટલીક સંસ્થાઓએ સામૂહિક રીતે આંધ્ર પ્રદેશના 'જન-નાટ્ય મંચ' નાં ક્રાંતિગીતો અને મહારાષ્ટ્રની 'આહ્વાન' સંસ્થાના શેરીનાટ્ય અંશોનો એક પ્રયોગ અમદાવાદના એચ. કે. હોલમાં યોજયો હતો. સંસ્થાએ આર્થિક અને આયોજનની સહિયારી જવાબ-દારી અદા કરી હતી.

(૩) ૧૯૮૪ માં જર્મન નાટ્યચિંતક બ્રેખ્ત અને રશિયન નાટ્યચિંતક સ્તાનિસ્લાવસ્કીની બે મહાન વિચાર-ધારાઓના સંદર્ભમાં એક ચર્ચાસભા રાખી હતી. આવી શ્રેણીબદ્ધ ચર્ચાસભાઓ યોજવાની ઇચ્છા હતી, પરંતુ ભગતસિંહના નાટકના વિવાદે અમને તત્કાલ પૂરતા છિન્ન ભિન્ન કરી નાંખ્યા. ખેર, હવે ફરીથી અમે કમર કસી છે.

— આ તો થઈ સંસ્થાની ગઈકાલ સુધીની પ્રવૃત્તિની વાત, હવે સંસ્થાની સમિતિ નવેસરથી રચાઈ છે. તે 'નાટ્ય સંકુલ' મટીને 'સાંસ્કૃતિક મંચ' બની છે. નવાં, ઉત્સાહી સાથીઓ સક્રિય થયાં છે અને ખાસ તો આ પુસ્તક દ્વારા સંસ્થા પ્રકાશન ક્ષેત્રે પણ પગલું માંડી રહી છે. હા, સંસ્થાની પ્રવૃત્તિઓ વિસ્તાર પામી રહી છે, બાકી તેના મૂળ હેતુઓ અને આદર્શો એના એ જ રહ્યાં છે. **'રંગભૂમિ અને સાહિત્યના મોરચે 'એ લોકો' સામે યુદ્ધે ચઢી, 'આપણા' સંપૂર્ણ સ્વાતંત્ર્યને પામવા સંસ્થા કટિબદ્ધ છે.'**

## સંસ્થાનાં આગામી કાર્યક્રમો :

(૧) શુદ્રક કૃત 'મૃચ્છકટિકમ', ભાસકૃત 'દરિદ્ર ચારુદત્ત' અને રસિકલાલ પરીખકૃત 'શર્વિલક'ના સંયોજન વડે તથા અત્યારના સમયને અનુરૂપ કાલ્પનિક રંગો પૂરી તૈયાર કરેલ આગવું ત્રિઅંકી તખ્તાનું સર્જન—

**'મદનોત્સવથી મર્દનોત્સવ' સુધીનું નાટક :**

## 'રાજ પરિવર્તન'

લગભગ તૈયાર થઈ ગયેલ ૩૫ કલાકારો સાથેનું આ ત્રણ કલાકનું ત્રિઅંકી ત્રણ સપ્ટેમ્બર, ૧૯૮૭ ના રોજ જયશંકર 'સુંદરી' હોલ ખાતે રાત્રે ૯–૩૦ વાગે પ્રથમ રજૂઆત પામશે. એ પછી પણ એના પ્રયોગો ચાલુ રહેશે.

(૨) વિખ્યાત સાહિત્યકાર મહાશ્વેતાદેવીની નવલકથા '૧૦૮૪ વેં કી માં'–જે નકસલાઇટ ચળવળ અને સામાજિક મૂલ્યો પર આધારિત છે–તેનું આગવું નાટ્ય રૂપાંતર **'એપેન્ડિકસ' અમે રાજપરિવર્તન' પછી તૈયાર કરીશું.**

(૩) ૧૯૮૫ના ગુજરાતના 'અનામત' અને 'કોમી' તોફાનોને કેન્દ્રમાં રાખી તૈયાર કરેલ નાટક **'આ કાંઈ એકલા અમદાવાદની વાત નથી'** અમે **'એપેન્ડિકસ'ની** સાથે જ તૈયાર કરી રજૂ કરવા ઇચ્છીએ છીએ.

— આ ઉપરાંત 'સ્ત્રી-મુક્તિ ગીતો-ગરબા-કાવ્યો' નું એક પ્રકાશન તૈયાર કરવાનું આયોજન કરી રહ્યાં છીએ.

— રંગભૂમિ અને સાહિત્યના વિષયો પર શ્રેણીબદ્ધ ચર્ચાઓ આયોજિત કરી તેને પણ પુસ્તક સ્વરૂપે બહાર પાડવા વિચારી રહ્યાં છીએ.

— અને આ ૨૬ ઓગસ્ટે અમદાવાદમાં 'સેન્ટ ઝેવિયર્સ કોલેજ હોલ' ખાતે આયોજિત 'પહેલો પડાવ' કેમ ભૂલાય ? ઓગસ્ટ ૧૯૮૬થી ઓગસ્ટ-૧૯૮૭ દરમિયાન 'આપણું સાહિત્ય'માં જે જે સાથીઓની રચનાઓ છપાઈ છે-ટૂંકમાં આ પુસ્તકમાં જેમની જેમની રચનાઓ છપાઈ છે. તે તમામ સર્જકો પોતાની રચનાઓ ત્યાં રજૂ કરશે.

અમારી ઇચ્છા છે કે ભવિષ્યમાં નાના-નાના પાયે આવાં 'સંમેલનો' નાની નાની શેરીઓ, ચાલીઓ અને ઝૂંપડપટ્ટીઓ તથા ગામડાંઓમાં યોજવા. આ માટે આપનો શક્ય એટલો સક્રિય સાથ આપશો એ જ અપેક્ષા.

— તો આ છે આપણું 'સંવેદન સાંસ્કૃતિક મંચ'. એના કાર્યક્ષેત્રને હજુ વિસ્તારી, એનાં મૂળિયાં હજુ છેવાડાના માણસ સુધી પહોંચવા બાકી છે. આપનાં સૂચનો અને જીવંત સહકારની આશા-અપેક્ષા.

— **'સંવેદન સાંસ્કૃતિક મંચ'નાં સમિતિ સભ્યો.**
**હિરેન—સરૂપબેન—હિમાંશુ—મયંકભાઈ—દિનાઝ**

## આ સરનામાઓ પરથી 'આપણું સાહિત્ય' પત્રિકા નિયમિત મેળવી શકાય :

અમદાવાદ :

(૧) હિરેન ગાંધી : (દસ કે તેથી વધુ નકલો માટે)

**નીચેનાં દરેક સરનામેથી રૂબરૂ સંપર્ક વડે છૂટક નકલો મેળવી શકાય.**

સુરત :

(૧) જનક નાયક : 'કિતાબ-મહલ', અઠવા લાઈન્સ પોલિસ ચોકી પાસે, ગોપીપુરા, સુરત.

(૨) કિરીટ સી. પાનવાલા (એડવોકેટ) : ક્રિશ્ના, શાહપોર, મઢિયા ફળિયા, સુરત. પિન : ૩૯૫ ૦૦૩

(૩) 'ઉદ્‌ગાર' (સ્ત્રી સંગઠન) : C/o શ્રુતિ શાહ, ડી-૨, મમતા ફ્લેટ્સ, ચોકહોક રોડ, અઠવા, સુરત,

(૪) સેન્ટર ફોરસોશ્યલ સ્ટડીઝ : ધનશ્યામ શાહ, ઉધના-મગદલ્લા રોડ, સુરત. પિન : ૩૯૫૦૦૭

(૫) બાબુભાઈ દેસાઇ : રેકટર્સ બંગલો, (કોમર્સ હોસ્ટેલ), પોલિસ લાઈન્સ પાસે, અઠવા લાઈન્સ સુરત.

મહેસાણા :

(૬) શંકર પેન્ટર (દલિત કવિ), : બ્લોક-૮, પારસ સોસાયટી, જૈન બોર્ડિંગ પાસે, પોલિસ હેડકવાર્ટર્સ પાછળ, મહેસાણા.

(૭) પ્રો. તુલસીભાઇ કા. પટેલ : ૧, ઉદયનગર સોસાયટી, મહેસાણા. પિન : ૩૮૪ ૦૦૨.

(૮) પ્રો. યશવંત વાઘેલા : હીરાનગર સોસાયટી, સોમનાથ મહાદેવ રોડ, મહેસાણા પિન : ૩૮૪ ૦૦૧.

વડોદરા :

(૯) પરિવર્તન : બીજે માળ, નિંબાલકર ચેમ્બર્સ, ખારીવાવ રોડ, દાંડિયા બજાર, વડોદરા.

મુંબઈ :

(૧૦) અક્ષયકુમાર આર. દેસાઈ : 'જય કુટિર,' ટાઈકલ વાડી, માટુંગા (વેસ્ટ), મુંબઈ. પિનઃ ૪૦૦૦૧૬

ગાંધીનગર :

(૧૧) રણજીતસિંહ જે. પરમાર : બ્લોક નંબર-૪૪૯/૩, 'સી' ટાઈપ, સેકટર-૬, ગાંધીનગર. પિન : ૩૮૨ ૦૦૬

(૧૨) ડંકેશ ઓઝા : ૧૦૦/૫, 'ચ' ટાઈપ કવાર્ટર્સ, સેક્ટર-૧૬, ગાંધીનગર પિન : ૩૮૨ ૦૧૬.

ભાવનગર :

(૧૩) 'બુધવારિયું,' : C/o માનભાઈ ભટ્ટ, તખ્તસિંહ પરમાર, 'નિર્ભય ભુવન', શિશુ વિહાર, કૃષ્ણનગર, ભાવનગર.

હિંમતનગર :

(૧૪) 'દિશા,' : C/o મધુસૂદન મિસ્ત્રી, પહેલે માળ, સંઘવી ભુવન, સ્ટેશન રોડ, હિંમતનગર. પિન : ૩૮૩ ૦૦૧.

ઇડર :

(૧૫) નિકુંજ એસ. દવે : અધ્યાપક, આર્ટ્સ, કોમર્સ કોલેજ, ઇડર, પિન : ૩૮૩ ૪૩૦

મહેમદાવાદ :

(૧૬) મયંક ઓઝા, : ૭૨-૭૩, નારાયણ સોસાયટી, મહેમદાવાદ. પિન : ૩૮૭ ૧૩૦

ભરૂચ જીલ્લો :

(૧૭) આસનવડ ખેતી સહકારી મંડળી, : C/o કનુભાઈ પટેલ, આસનવડ તાલુકો-જંબુસર. જીલ્લો-ભરૂચ.

(૧૮) સિંધર્ણા દૂધ ઉત્પાદક મંડળી : C/o સેક્રેટરી, સિંધર્ણા, તાલુકો-જંબુસર. જીલ્લો-ભરૂચ.

# આ પુસ્તકના સક્રિય ભાગીદારો.

કૃષ્ણ પ્રિન્ટર્સ પ્રેસનાં તમામ કાર્યકરો. જેમણે આ પુસ્તક છાપ્યું.

પુસ્તકનાં 'આગોતરા ગ્રાહક' બની તેના પ્રકાશન માટે માર્ગ સરળ કરી આપનાર તમામ સાથીદારો. (એમની યાદી છાપવી અશક્ય છે.)

પુસ્તકના પ્રકાશન માટે રૂા. ૧૦૦/–કે તેથી વધુ અનુદાન આપનાર સાથીઓ–

કિરણભાઈ—કિરીટભાઈ–રાજેન્દ્ર નાણાવટી–ભૂષણ ઓઝા–હુસેનભાઈ શેખ–ઉમાકાંત પંડિત–કનુભાઈ ભટ્ટ (મહેમદાવાદ) શફીભાઈ વોરા (મહેમદાવાદ)

'આગોતરા ગ્રાહકો' બનાવી આપનાર સાથીદારો.

આ પુસ્તક ખરીદનાર સાથી.

અને આપ—વાચક.

# અનુક્રમણિકા


| અનુક્રમ | | પાનું |
|---|---|---|
| * 'આપણી વાત | | ૩ |
| * સંસ્થા પરિચય ('સંવેદન સાંસ્કૃતિક મંચ' વિશે નોંધ) | | ૫ |
| * જરૂરી સરનામાં | | ૯ |
| * આ પુસ્તકના સક્રિય ભાગીદારો | | ૧૦ |
| કૃતિ | કર્તા | |
| (૧) સાબરમતી પૂછે છે...... | સરૂપ ધ્રુવ | ૧ |
| (૨) સળગતી હવાઓ...... | ,, | ૪ |
| (૩) નહિ જન્મેલા ભગવાનની નહિ નીકળેલી શોભાયાત્રા...... | ,, | ૪ |
| (૪) બચપન હલાલ-બચ્ચા હમાલ | ,, | ૭ |
| (૫) ટેણિયો | ,, | ૯ |
| (૬) કેમ ? | ,, | ૧૧ |
| (૭) ક્રાંતિનો ગરબો | ,, | ૧૨ |
| (૮) માનવશક્તિની આરતી | ,, | ૧૪ |
| (૯) ડુંગરા ડોલ્યા છે...... | ,, | ૧૫ |
| (૧૦) સ્ટાર ફીશ | રજુઆત : હિરેન ગાંધી | ૧૬ |
| (૧૧) સંવત્ ૨૦૪૨નું સરવૈયું | સરૂપ ધ્રુવ | ૧૮ |
| (૧૨) ચીની લોકકથા | રજુઆત : ચંદુ પટેલ | ૨૦ |
| (૧૩) હિંદુ મરો કે...... સાહિત્યિક ગોરનું તરભાણું ભરો...... | સરૂપ ધ્રુવ | ૨૨ |
| (૧૪) જીવતરના વેપારને રોકો... | ,, | ૨૪ |
| (૧૫) નવું ભણતર-નવું ગણતર | કર્દમ ભટ્ટ | ૨૫ |
| (૧૬) પછી કે'તા નૈં...... | બારીન મહેતા | ૨૮ |
| (૧૭) એક શેર-એક છપ્પો-એક હાઇકુ | સરૂપ ધ્રુવ | ૨૯ |
| (૨૮) ચેત, ગુજરાતી ! ચેત ! | ,, | ૩૦ |
| (૧૯) સમાનતાની દિશા | મૌન બલોલી | ૩૧ |
| (૨૦) હું, તું અને પેલો | સાહિલ પરમાર | ૩૩ |
| (૨૧) વાયુ પ્રવચન | જનક ઉચાટ | ૩૫ |
| (૨૨) માળું બેટું જબરું ! | વિનાયક જાદવ | ૩૭ |

| | | |
|---|---|---|
| (૨૩) એક ટૂચકો | ,, | ૩૭ |
| (૨૪) આપણે બધાં ભારતીઓ છીએ ! | ,, | ૩૮ |
| (૨૫) વાડો | રાજુ સોલંકી | ૩૯ |
| (૨૬) મન્ટોની લઘુકથાઓ—ગઈ કાલની કે આજની ?! | મન્ટો | ૪૦ |
| (૨૭) એક નવો અધ્યાય : | સરૂપ ધ્રુવ | ૪૨ |
| (૨૮) બંધન | ,, | ૪૩ |
| (૨૯) ભગતસિંહને .. | ,, | ૪૪ |
| (૩૦) ખેંચતાણ | મૌન બલોલી | ૪૭ |
| (૩૧) હ્યા, નેચું જો | ,, | ૪૮ |
| (૩૨) એકલવ્યના વારસદારને... | સરૂપ ધ્રુવ-હિરેન ગાંધી | ૪૯ |
| (૩૩) દુનિયાકે મઝદૂર એક હો ! | મૂળ : વિમલરૈના<br>મુક્તાનુવાદ ; સરૂપ ધ્રુવ | ૫૨ |
| (૩૪) અગનઝાળ | મુક્તાનુવાદ : સરૂપ ધ્રુવ | |
| (૩૫) સવારે ઝાડુ... છોડો વાળુ | શંકર પેન્ટર | ૫૪ |
| (૩૬) વેઠિયા મજૂર | ,, | ૫૫ |
| (૩૭) ક્યાં સુધી સ્હેવાય ?! | ,, | ૫૬ |
| (૩૮) મશાલ જલશે | સરૂપ ધ્રુવ | ૫૭ |
| (૩૯) આતંકધારાની મેલી મુરાદ ?! | કિરણ શાહ | ૫૯ |
| (૪૦) ચિત્કાર | ,, | ૬૦ |
| (૪૧) એન્કાઉન્ટર | રાજુ સોલંકી | ૬૧ |
| (૪૨) સ્ટેજ | મૂળ : વાહરૂ સોનવણે<br>અનુવાદ : જગદીશ પટેલ | ૬૨ |
| (૪૩) હમ સબ એક હૈં ! | પ્રવીણ પંડ્યા | ૬૩ |
| (૪૪) કોણ ચલાવે રાજ બોલો... | સરૂપ ધ્રુવ | ૬૪ |
| (૪૫) નીલગિરિ ફૂંજે-ઓફીસર્નું નાળચું અને બાબુ-બદરૂનો શ્રમ | મૌન બલોલી | ૬૪ |

## સાબરમતી પૂછે છે

આ તરફ દુકાનો ને પેલી તરફ મકાનોની વચ્ચે વહેતી
લીલીછમ સાબરમતી પૂછે છે—
આસમાની સુલતાનીનો રંગ આટલો બધો લોહિયાળ ક્યારેય લાગ્યો'તો ખરો ?
હજી તો નુરમહંમદ ને નારણજીએ પૂરા ત્રણસો પાંસઠ દિવસની
રોજી ય ગણી નથી,
હજી તો બિસ્મીલ્લાબીબી ને ગંગુબાઈએ પૂરા ત્રણસો પાંસઠ દિવસનો
ચૂલો ય સંકોર્યો નથી;
આમદ ને ચંદુ તો હજી ય ઊભા જ છે લાઈનમાં—ગયા વરસની રકમ લેવા માટે...
ગયે વરસે સળગી ગયેલાં પ્લાસ્ટિકનાં છાપરાં
હજી તો પૂરાં ઢાંક્યાં ય નથી;
એટલી વારમાં તો ફરી પાછું ?...
કેમ ? શા માટે ? શું કામ ? શાથી ?
કોણ કરે છે આ બધું ?
એમને તો કોઈને ય મારવા નથી કે ક્યારેય આમ મરાવું નથી...
તો પછી ?
કોણ કરાવે છે આ બધું ?
આ તરફ દુકાનો ને પેલી તરફ મકાનોની વચ્ચે વહેતી
ધગધગતી સાબરમતી પૂછે છે—

આ ભાંગી પડેલી જિંદગીઓનો બોજ ઉઠાવવાની તાકાત છે, તમારા મંદિરો ને મસ્જિદોમાં ?
બળેલાં ઝળેલાં શરીરોને ફરીથી બેઠાં કરવાની કરામત છે, તમારા મંતરો ને તંતરોમાં ?
પથ્થરનાં પૂતળાં અને કાગળના તાબૂત ખેંચતા તમારા ધરમ ઈમાનના હાથ
માણસ જાતને અડતાંની સાથે જ કેમ લાશો ને લોથો ઢળવા લાગે છે ?
ચરડ ચિરાતી ને કળીએ કળીએ કપાતી આ સાબરમતી પૂછે છે—
શો હક્ક છે તમને ?
ઓ ગુફાઓ અને ઘુમ્મટોમાં ભરાઈ બેઠેલાઓ !
શો હક્ક છે તમને લોહી અને પસીનાનું નામ લેવાનો ?
ટળવળતાં પેટ ને કરગરતા હાથની સામે તુલસીની માળા, ને તિલસ્મી તાવીજ મૂકનારાંઓ !
શો હક્ક છે તમને આંસુ અને વિશ્વાસની વાત કરવાનો ?
શ્વાસની એક લેરખી પણ આપવા માટે લાચાર, કાયર,નપુંસક મહાત્માઓને
શો હક્ક છે શ્વાસનું એક બુંદ પણ છીનવી લેવાનો ?
ગોમૂત્રથી ખરડાયેલા, તમારા ઝાડ ફૂંકથી ખોટા પડી ગયેલા હાથની મુઠ્ઠીમાં
સેંકડો શ્વાસ પૂરી રાખવાનો શો હક્ક છે તમને ?
હાથે, માથે, કપાળે ને ગાલે ચાર-પાંચ ચિતરામણ કરીને જાતની જાહેરાત કરનારાઓ !
શો હક્ક છે તમને આ આદમની એકની એક ઓલાદને ઓશિયાળી બનાવવાનો ?
શો હક્ક છે તમને ?

(સાબર-૧)

આ તરફ દુકાનો ને પેલી તરફ મકાનોની વચ્ચે વહેતી ગૂંગળાતી સાબરમતી પૂછે છે—
ક્યાં ગયા એ મૂઢમતિ ! કેમ મૂંગા છો ? ક્યાં ગઈ તમારી સબકો મળેલી સન્મતિ ?
હિંદુ અને મુસલમાનને ભારતમાતાની આંખો કહીને બિરદાવનારા !
એ આંખો પર કયા રંગનાં ચશ્મા ચડાવી બેઠા છો ?
ગીતા અને કુરાનને આત્માનો અવાજ કહીને ઓળખાવનારા !
શું કહે છે તમારા એ માણસવિરોધી મુસદ્દાઓ ?
કેમ ચૂપ છો કવિજન ? ભાષા ભૂલ્યાં કે શું ?
કે પછી જીભ પર સરકારી સલામોની લાલ પટ્ટીઓ બાંધી દીધી છે ?
કે પછી ઇમ્પોર્ટેડ લિટરેચરની ચ્યૂંઇંગમ ચગળવાની મજા માણો છો ?
કે પછી પૂરાં થયેલાં પાંચપચીસ પ્રેમ-પ્રકરણોના ઘા હજી રૂઝાયા નથી ?!
કે પછી જમના કે તટ પર કિસન કનૈયા,
રાધાપ્યારી પનઘટવારી—તમારો પીછો છોડતાં નથી ?!
કે પછી અમદાવાદને માની લીધું છે તમે ટ્યુટોરિયલ ટંકશાળ ?
હા હા માન્યું છે ને મનાવ્યું છે.
તમે તો સને ૧૮૩૩થી અમને આવું ને આવું જ ભણાવ્યું છે !
પોળમાં, પાડામાં, વાસમાં, વાડામાં, કોલોનીમાં, સોસાયટીમાં, ડુપ્લેક્સમાં
કમર્શિયલ કૉમ્પ્લેક્સમાં તમે તો ભીંતડાં ઊભા કરી દીધાં છે, ને-શિક્ષણનાં સ્ટીકર ચીપકાવી દીધાં છે—
પારકાં છોકરાં ટીચ્યાં છે ને ભર્યાં ખીચાં છે ..
કેમ મૂંગા છો શહેરે અહમદાબાદના આલિમ ફાજિલો,
પગ તળેથી પથ્થર ખસતા લાગે છે કે શું ?
કે પછી તમે આજ સુધી ભણાવેલા ઇતિહાસની આરસીઓ
આજે તમારી જ સામે ઘુરકિયાં કરવા લાગી કે શું ?
તમે જ બનાવેલો ભૂતકાળનો ભોરિંગ ગળે વીંટાતો વીંટાતો ઝેર ઓકવા લાગ્યો કે શું ?
ક્યાં સુધી અમારી આંખે પાટા બાંધ્યા કરશો ? ક્યાં સુધી ?
દાંડીકૂચને દિવસે ઠોકરે ચઢાવેલી ને ડંડે ડંડે ભાંગીને ભૂક્કા કરેલી સાબરમતી પૂછે છે—
ક્યાં સુધી આ પૂતળાં પૂજ્યે રાખવાનાં છે ? ક્યાં સુધી ખુરશીઓ સજાવ્યે રાખવાની છે ?
ક્યાં સુધી માણસજાતના અહિંસાપ્રેર્યાં ઘા પર મા'ત્મા છાપ મલમ ઘસ્યે રાખવાનો છે ?
ક્યાં સુધી હિમાલય જેવડી ભૂલો પર તપતિરથના ધજાગરા ચડાવ્યે રાખવાના છે ?
ક્યાં સુધી ઓગણચાલીસ ઓગણચાલીસ વરસની ઊણપોને
અવળા દૂરબીનથી અવગણ્યે રાખવાની છે ?
આ તરફ દુકાનો ને પેલી તરફ મકાનોની વચ્ચે વહેતી
સણસણતી સાબરમતીનો સવાલ છે સાલાઓ !
તમે મારા શહેરને શાનું બજાર બનાવી બેઠાં છો ?
મકાનોમાં રહેતી માણસજાતના કપાયેલા હાથપગ, બળેલાં પેટ-પીઠ, કાળાભઠ્ઠ ચહેરા
અને ઠરડાયેલાં આંતરડાના ઢગની કઈ જાતની દુકાન માંડીને બેઠા છો ?
બળીને ખાખ થયેલી ઘરવખરી અને ભાંગીને ભૂક્કા થયેલા રાચરચીલાને
આમ સરિયામ રસ્તા પર શાના પાથરી બેઠા છો ?

શાના ચલાવો છો લાલ શાહી ભરેલી બનાવટી બોલપેનોને ?
શાના ઘુમાવો છો તમારા નાગાનફફટ કેમેરાને અમારી આંસુ નીંગળતી આંખો સામે ?
ધન્ય છે તમને ધુરંધરો ! ધન્ય છે !
અમારાં ભાંગેલા ચૂલા પર કેરિયરની કેક બેક કરનારાઓ !
તમારી, દૂણાયેલા ડાચાં ફાડતી ડોક્યુમેન્ટરીઓમાંથી નીકળતા નિષ્ઠુર, ક્રૂર,
થીજેલા બરફ જેવા અવાજનો ટોટો પીસી નાંખતા અમને વાર નહીં લાગે-
એ બદામની બહાદુરીના બહાને મારું શહેર લિલામ કરનારાઓ !
હવે ઝાઝી વાર નહીં લાગે—
તમારા પેંતરાને પળવારમાં ભોંયભેંગા કરી દઇશું,
તમારા કેમેરાને ધૂળ ચાટતા કરી દઈશું,
તમારી બદચાલ બોલપેનોને બોબડી બનાવી ગલીએ ગલીએ બદનામ કરીશું.
તમારા મૂંગામંતર મોઢામાં અમારાં કોશ, કોદાળી, દાતરડાં ખોસીને એને પહોળાં કરીશું
તમારાં ઇતિહાસનાં થોથાં જલાવી દઈશું મંદિરમસ્જિદના ભંગારભેગાં
તમારા ભરેલાં ખિસ્સાં લૂંટીને અમારી રોટી ખરીદીશું.
હવે વાર નહીં લાગે—
આ હું, તું, તે, આ નુરમહંમદ, આ નારણજી, આ ગંગુબાઈ, આ બિસ્મીલ્લાબીબી
અમારા બધાનાં હાથમાં પથ્થર છે, સળગતા કાકડા છે, એસિડના બલ્બ છે,
આ પડેલી લાશોના પેટમાં અસ્ત્રા છે,
પગમાં ગોળીઓ છે, પીઠમાં ખંજર છે.
બધું તૈયાર છે...ટનાટન...
હવે ઝાઝી વાર નથી...
બધાં ઊભાં થઈને, બેઠાં થઈને, સામાં થઈને ઉગામીશું—એક પછી એક—
તૂટી પડીશું, ફરી વળીશું, કચ્ચરઘાણ બોલાવી દઈશું...
આપણે
અમદાવાદનાં મકાનવાસીઓ ભેગાં થઈને
ભેંકાર કરી દઈશું પેલી ચમકતી દમકતી દુકાનોને.
આ તરવરતી થનગનતી સાબરમતી પૂછે છે દોસ્તો—
ક્યારે ? હવે કેટલીવાર ? હજુ શાની વાર ?

—સરૂપ ધ્રુવ
તારીખ : ૧૯ ઓગસ્ટ. ૧૯૮૬

* **રચના સંદર્ભ**

- ૧૯૮૪-૮૫ દરમિયાન ગુજરાતભરમાં ફાટી નીકળેલ 'અનામત આંદોલન'ને ગણ્યાગાંઠ્યા સત્તાધારીઓ અને સત્તાલાલચુઓએ 'કોમી હુલ્લડ'માં પલટાવી નાંખ્યું એ ઘટનાનું લોહી હજુ સૂકાય એ પહેલાં જ ફરી કોમી આગ ભડકાવાઈ અને આ કાવ્ય રચાયું.
- આ કાવ્ય એક પત્રિકામાં છાપી મુઠ્ઠીભર મિત્રોએ ૧૯ ઓગસ્ટ, ૧૯૮૬ના રોજ 'ગુજરાતી સાહિત્ય પરિષદ-ના મકાન સામે 'પરિષદ' પ્રમુખને હટાવવા વિરોધ પ્રદર્શન યોજ્યું. કેમકે 'પરિષદ' પ્રમુખ 'વિશ્વ હિંદુ પરિષદ'ના પણ પ્રમુખ હતા અને એમણે એક અંગ્રેજી દૈનિકને આપેલી મુલાકાતમાં લઘુમતી કોમ વિરુદ્ધ એકોમ ઉશ્કેરણીજનક ઉદ્ગારો કાઢ્યા હતા.
- 'પરિષદ' પ્રમુખ તો ન હટ્યા, ઉપરથી દેખાવો દરમિયાન ઘણાં સાહિત્યકારોનું કોમી માનસ અને વલણ છતું થયું. પરંતુ એ જ દિવસથી 'આપણું સાહિત્ય (અનિતકાલીન) પ્રવૃતિશરૂ થઈ.'

## સળગતી હવાઓ

સળગતી હવાઓ શ્વસું છું હું, મિત્રો !
પત્થરથી પત્થર ઘસું છું હું, મિત્રો !

હજારો વરસથી મસાલો ભરેલા ખયાલોનું શબ છું ને ખડખડ હસું છું;
મળ્યો વારસો દાંત ને ન્હોરનો, બસ ! અસરગ્રસ્ત ભાષા ભસું છું હું, મિત્રો !

અરીસા જડેલું નગર આખું તગતગ, પત્થર બનીને હું ધસમસ ધસું છું,
તિરાડોની વચ્ચેનું અંતર નિરંતર, તસુ બે તસુ બસ, ખસું છું હું, મિત્રો !

સવારે સવારે હું શસ્ત્રો ઉગાડું, હથેલીમાં કરવતનું કૌવત કસું છું;
પછી કાળી રાતે, અજગર બનીને, મને પૂંછડીથી ગ્રસું છું હું, મિત્રો !

નથી મારી મરજી, છતાં પણ મરું છું, સતત ફાંસલામાં ફસું છું હું, મિત્રો !
પણે દોર ખેંચાય, ખેંચાઉં છું હું, અધવચ્ચ નગરમાં વસું છું હું, મિત્રો !

સળગતી હવાઓ શ્વસું છું હું, મિત્રો !
પત્થરથી પત્થર ઘસું છું હું, મિત્રો !

**સરૂપ ધ્રુવ**

તારીખ ૨૬ ઓગસ્ટ, ૧૯૮૬

### સંદર્ભ રચના

૧૯૮૪–૮૫ દરમિયાન ફાટી નીકળેલ અનામત આંદોલન વખતે કહેવાતાં સવર્ણ અને કહેવાતાં શિક્ષિત એવાં કૈંક લોકોનું વર્તન અને વાણી અ-સામાજિક બન્યા હતાં, બુદ્ધિજીવીઓ પણ નિવીર્ય અને નમાલા સાબિત થયા હતા. એ સમયસંદર્ભમાં આ કાવ્ય રચાયું હતું.

## નહિ જન્મેલા ભગવાનની નહિ નીકળેલી શોભાયાત્રા—

એક નહિ જન્મેલા ભગવાનની
નહિ નીકળેલી શોભાયાત્રાનો અફસોસ ન કરશો દોસ્તો,
એમાં આપણે કશું જ ગુમાવ્યું નથી.
ગુમાવી હોય તો ફક્ત એક વધુ લોહિયાળ સાંજ !
હા, આગલી સાંજે કેટલાંક ઘેટાંબકરાંને પાંજરે પૂરવામાં આવ્યાં હતાં,
પણ એ પાંજરાના સળિયા તો સાકરમાખણના બનેલા છે–એ વાત તો
પાંજરાની અંદર પુરાયેલા અને પાંજરું ઊભું કરનારા બંને જાણે છે !

એ બંનેના હાથ તો એટલા લાંબા છે કે
ગમે તેવા સળિયાને ભેદીને ય હળતામળતા રહે છે !
અલબત્ત,
એ ઘેટાંબકરાં તો સદીઓથી એમ જ ચાલે છે—ચાલતાં આવ્યાં છે—
પણ એમને ચલાવનાર ભરવાડ તો કોઈ બીજા જ છે !
જે લોકો માણસને પૂરવાની વાડ કરે અને પોતાના વાડા ભરે એને અમારી બાજુ—'ભરવાડ' કહે છે !
આ ભરવાડોએ આપણી આજુબાજુ પણ
નામ, ઠામ, અટક, સરનામા, ગામ, ગોળ, નાત, જાત, પ્રાંત, દેશ, પ્રદેશ, ખંડ, ઉપખંડ
અરે, ગોત્ર, નક્ષત્ર, રાશિ, નાડિ, વર્ણ, વર્ગના વાડા બાંધ્યા છે અને—
હવે આપણી સામે બંધારણીય હક્કોનું ઘાસ નીરીને આપણને કતલખાને લઇ જવા માગે છે.
આપણા ભેજામાં વ્રત ઉપવાસ યમનિયમની રોટીઓ નાખી નાખીને
એ લોકોએ આપણી બધી જ બુદ્ધિ શોષી લીધી છે, જેથી—
આપણે આપણી વાસ્તવિકતા ભૂલીને
કોઈ બીજી જ દુનિયાનાં સપનાં જોઈએ
એ લોકોએ આગલા ને પાછલા જન્મોની જલેબીઓ જમાડી જમાડીને
આપણાં મોં ભાંગી નાંખ્યાં છે જેથી—
આપણે કદીએ બીજું કશું માંગીએ નહિ, કદીએ જાગીએ નહિ !
બસ આ જ રીતે આપણને ધરમનું અફીણુ પાઈ પાઈને ઘેનના ઘોડિયે
હિંચોળે રાખ્યાં છે જેથી આપણે—
આ જીવનના, આ મળેલા શ્વાસોના સાચા હક માગીએ નહિ !
અરે, એમનાં કેટલાંક તારણહારો તો એવાં છે, દોસ્તો !
જે અહીંની રોટલી છીનવીને ત્યાં (ઉપર) અમૃત આપવાનાં વચનો આપે છે !
અહીં તન પરનું એકનું એક ચીંથરું તાણી લઈને
બાવન ગજની ધજાઓ ફરકાવે છે...
અહીં દસ બાય દસની ખોલી ખૂંચવીને 'ત્યાં' નંદનવન વિકસાવવાની
ગુલબાંગો મારે છે !
અસલ વાત તો એ છે, દોસ્તો !
કે, એ લોકો આ જીવન પર, માણસ જાત પર, ભરોસો નથી રાખી શકતા
એટલે જ આપણને પથ્થર પર શ્રદ્ધા રાખવાનું શીખવાડે છે !
એ લોકો માણસજાતને, આપણને. ધિક્કારે છે એટલે જ
તેત્રીસ કરોડ પૂતળાંનાં વન વસાવે છે.
એમને નથી તો કોઈના દિલમાં વસવું કે નથી કોઈને વસવા દેવા,
એટલે જ મંદિરો ને મસ્જિદો બાંધે છે ને તોડે છે.......
એ લોકો પ્રેમ નથી કરી શકતા એટલે જ પાપ અને પુણ્યના હિસાબ માંડે છે.
એ લોકો તો એ લોકો જ છે ભલેને પછી એ—
દાઢી ઉગાડતા હોય કે ચોટલી રાખતા હોય, પૂર્વ તરફ મોં રાખી નાકલીટી તાણતા હોય કે પશ્ચિમ તરફ મોં રાખી ઘુંટણિયે પડતા હોય.........

આખરે તો એ બધા જ
કાચબા અને શહામૃગોની ઔલાદો છે!
દોસ્તો,
ચાલો આપણે સિત્તોતેર કરોડ ભેગા થઈને એમને પૂછીએ કે—
કોણ છે તમારો આ ભગવાન?
અરે, એ છે પણ ખરો કે?
દોસ્તો! એ લોકો કહે છે એ પ્રમાણે જો એ એક છે—અનાદિ છે—અનંત છે
—સર્વવ્યાપી છે, તો પછી શા માટે એના અમુક કે તમુક સહસ્ત્ર નામ છે?
શા માટે એ ફલાણા યુગમાં, ફલાણા દેશમાં, ઢીંકણી તારીખે,
અધરાતે, મધરાતે, પરોઢે કે બપોરે જન્મ્યો?
શા માટે એ દર વર્ષે નવેસરથી જન્મે?!
દર વર્સે જન્મીને દૂધ પીતો થતો એ લોકોનો આ સર્વસમર્થ,
એના હજારમાંથી એકાદ હાથ લંબાવીને એમના કહેવાતા 'ધરમ'નું પૂંછડું કેમ નથી પકડતો?!
કમ સે કમ એ દલાલોને તો આમ 'ભવરણ'માં ભૂખ્યા વરૂની જેમ ભટકવું ના પડે!
જવા દો, રહેવા દો, આ 'માયા'ના તર્કબદ્ધ તૂત અને 'લીલા'ના
લયબદ્ધ ટીલાંટપકાળા ભવાઈ વેશ!
અને અમને કહેવા દો કે—
તમે પોતે જ માણસમાં નથી એટલે જ તમારે ઢોલનગારાં પીટી પીટીને
જાતની જાહેરાતો કરવી પડે છે, નાતનાં છબછબિયાં વગાડવાં પડે છે ને
ગળાં ફાડી ફાડીને ગલીએ ગલીએ ભજનિયાં ગાવાં પડે છે!
આવો દોસ્તો!
એ કાચબાઓ અને શાહમૃગોને કહી દઈએ કે—
માણસથી વધારે બીજું કંઈ જ—કશું જ—કોઈ જ ના હોઈ શકે!
અને એટલે જ,
એક નહિ જન્મેલા, કહેવાતા ભગવાનની પાછળ અફસોસ કરવાને બદલે
આપણે લાખ્ખો માણસો
એક–અખંડ–અક્ષત રહ્યા–આપમાંનો એક પણ ઓછો ના થયો એનો ઉત્સવ ઉજવીએ......
આજે અત્યારે, આ જ જનમમાં આપણને કૈક જાણવા, નાણવા, પ્રમાણવા મળ્યું
એનો મહિમા કરીએ .... ...

—સરૂપ ધ્રુવ

તારીખ : ૫ સપ્ટેમ્બર, ૧૯૮૬

**રચના સંદર્ભ :**

– સંવત ૨૦૪૨ (ઈ.સ. ૧૯૮૬)ની સાલની જન્માષ્ટમીના દિવસે કેટલાંક ચૂસ્ત હિન્દુવાદીઓએ અમદાવાદમાં ક્યારેય નહીં નીકળતી કૃષ્ણની 'શોભાયાત્રા' કાઢવાની જીદ કરી હતી. જો કે આમ જનતાને આવી કોઈ યાત્રાફાત્રામાં રસ નહોતો; કેમ કે રથયાત્રાના પ્રસાદ રૂપે એ કર્ફ્યુ, ગોળીઓ, આતંક, દિવસોની બેકારી, ભૂખમરો ઘણું બધું મેળવી ચૂકી હતી. રાજ્ય સરકારે પોતાની સ્થિરતાના સ્વાર્થે છેલ્લી ઘડીએ કેટલાંક કહેવાતા–ન કહેવાતા અસામાજિક તત્વોની ધરપકડ કરી અને 'શોભાયાત્રા' ના નીકળવા દીધી. અલબત્ત સરકારે પાછળથી સ્થાપિત ધર્માચાર્યોની માફી માંગી લીધી, જેથી........ જવા દો, કહેવામાં નહીં, સમજવામાં સાર છે!

## બચપન હલાલ–બચ્ચા હમાલ !

બાઅદબ ! બામુલાહિઝા ! હોશિયાર !
આ રહા હૈ–આ રહા હૈ–આ રહા હૈ !
સારે હિંદુસ્તાનમેં ધમાલ ! કાયદેકા કમાલ !
બચપન હલાલ...યાનિ...બચ્ચા હમાલ !
નહિ સમજે યે 'બચ્ચા હમાલ' ?
આઓ, ખોલ કે બતાદૂં મૈં સારે હાલહવાલ !
આ રહા હૈ–બહુત જલ્દ–એક બાળમજૂર બિલ !
ના મારા સાહેબો
એમાં બાળમજૂર નાબૂદીની વાત નથી; આ તો છે બાળમજૂર મંજૂરી ખરડો !
હા મહેરબાનો !
હવે આપણાં બાળકોને ચૌદ વરસનાં થવાની રાહ જોવી નહિ પડે !
હવે તો કદાચ, જનમતાંવેંત જ...
નહિ—નહિ

હવે તો સગર્ભા સ્ત્રીઓ જ લાઇન બનાવીને ઊભી રહેશે; નાની મોટી હોટલોનાં ઓટલે, ચાના ગલ્લે, ફુટપાથ પર, સ્ટેશનો પર, બસસ્ટેન્ડો પર, બંધાતાં બિલ્ડિંગોની નીચે, બનતી સડકોની ધારે ધારે, મિલોમાં કારખાનામાં, ખાણોમાં ખજે–બજે, ખેતરે ખેતરે, રસ્તે. હાટે, વાટે, ઘાટે...સગર્ભા સ્ત્રીઓ લાઇન બનાવીને ઊભી રહેશે–એમનાં ભાવિ બાળકોની મજૂરી માટે !

એવાં બાળકો જે આ ભૂખ, દુઃખ, વેઠ અને શોષણથી ખદબદતી દુનિયામાં જન્મ લેવા માટે જાતે તો જરા પણ જવાબદાર નથી—એવાં બાળકોની ભાવિ મજૂરી માટે માતાઓ લાઇનમાં ઊભી રહેશે જેમ મધ્યવર્ગની શહેરી માતાઓ કે. જી. થી જ કોન્વેન્ટ બુક કરાવે છે તેમ..

પછી તો અહીં લાઇનમાં જ જન્મેલાં બાળકોનાં મોમાંથી અંગૂઠા કાઢી લઈને, એના ઉપર કાળી શાહી ચોપડીને, પગાર પત્રક પર અંગૂઠો મારતાં શીખવવામાં આવશે. માવતર હવે 'બાવો આયો'ની બીક નહિ બતાવે; હવે તો 'મુકાદમ આયો' સાંભળીને જ ફફડી ઉઠેલાં છોકરાને કપાતે હૈયે સોંપી દેવાં પડશે સગે હાથે—દલાલો ને વેપારીઓના હાથમાં !

અધૂરી રહી ગયેલી બાળવાર્તામાંથી આગળ જઈ પહોંચેલી પેલી ચુડેલના ચરખા જેવા ચક્રોમાં, જાતે જ હોમી દેવાં પડશે આપણી આંખનાં રતનને...આજ સુધી તો એમાંના કો'ક કોકે જ શે'રની મજા માણી હશે પણ હવે પછી તો એનાં બધાંય ભાઇભાંડુને મોટરોની હડફટે ચડવા મળશે, હોટલોમાં એંઠવાડ ઊંટકવા મળશે, પિક્ચરોનાં પોસ્ટર જોવા મળશે

બસ, જલસા જ જલસા !

ને ભાઈ, એય કેમ ભૂલો છો—હવેથી એમને બોબિનો ભરવાં, લેબલો ચિપકાવવા, ગાસડાં વાળવા, બીડીઓ વાળવા, બાકસ ભરવા ને હીરા ઘસવા જેવાં ઉજળાં કામ જ કરવા મળશે !

આ કંઈ આપણે માટે નવું નથી...સદીઓથી આમ જ થતું આવ્યું છે...ને હવે તો આમ જ થતું રહેશે

કારણુ જાણો છો, દોસ્તો ?
બાળકોનાં આ કાળમુખા કષ્ટો પર કાયદાની મ્હોરો વાગશે !
અલબત્ત, ધરપત રાખજો !
આપણી સરકાર માબાપ આપણાં બાળકોને અઢળક સવલતો આપશે !
બાળઉદ્યોગો, બાળ હસ્તકલા કેન્દ્રોના ઉદ્‌ઘાટન થશે !
બાળ ઉદ્યોગ તાલિમ શિબિરો યોજાશે !

અને હા—નવાં ખાતાં, નવી ફાઈલો, નવા ધોડા, નવા હોદ્દા, નવા અમલદારો, નવા જુલમગારો તો ખરા જ !
બધી જ તકેદારી લેવામાં આવશે !
અને પછી...
નકામી અને નવરી પડેલી નિશાળો રદબાતલ કરીને ત્યાં ખરેખરાં કારખાનાં ખૂલશે—બાકાયદા !
બાળવાર્તાઓ, બાળગીતો, બાળનાટકો, બાળફિલ્મોને દાટવા, ડુબાડવા કૂવા તળાવ ખોદાશે—બાકાયદા !

માસ્તરોને તો મુકાદમ બનાવાશે જ—બાકાયદા !
—ને ક્યારેક કોઈ ઉત્સાહી માજી માસ્તર નવી બારાખડી બનાવશે કે,
ક કામનો ક
મ મજૂરનો મ
થ થાકનો થ ત્યારે...(એ બનાવશે તો ખરા, પણ મુરખના સરદાર ભણાવશે કોને ? !) એ નવું સવું બધું જ સગેવગે થઈ જશે—બાકાયદા !
રમતનાં મેદાનો, શેરીના ખૂણા, આંબલી-પીપળી-બધું જ નિરર્થક બનીને ઠિંગરાઈ જશે અને ફેરવાઇ જશે ગોદામોમાં—બાકાયદા !
સંતાકુકડી અને સાતતાળી હશે પછી તો માલિક મજૂરની વચ્ચે.. આંધળો પાટો તો ચાલુ જ હશે ચોવીસ કલાક...બાકાયદા !

ઓછો પગાર અને ઓછું ખાવાનું અને કામના વધારે કલાકની ત્રિરાશિ નહિ સમજાય ત્યારે ધોલધપાટ ને લાત પણ મળ્યા કરશે—બાકાયદા !

હા...ક્યારેક ક્યારેક મુમુક્ષુ માલિકો ધર્માદાને નામે ટુકડા ફેંકતા રહેશે ને ખાસ ફેસ્ટિવલ યોજનાઓ ફરકાવતા રહેશે.. જેમ કે,
આ અમારો ટેણિયો 'નવો' ને ટેણિયો 'જૂનો'...
ઉંમર...અં...પાંચથી પદંરની અંદર ગમે ત્યાં...
કોઇપણ કાયદાના ફાયદા વગર...

રોજરોજ, સવારના સાડાપાંચથી તે રાતના સાડા અગિયાર સુધી, ઊભે પગે દોડાદોડ અને નીચી મુંડીએ ગદ્ધાવૈતરું કરે છે ..અસંખ્ય કડક કમશકર ને કડક મીઠીના કપ પિવડાવી ચૂકે છે, સેંકડો ગ્રામ ખારી ખવડાવી ચુકે છે, પછી મણમણ દૂધનાં ખાલી તપેલાં ધોઇ વીંછળી, ઊંધા પાડી એના પર માથું મૂકી, પેટમાં પગ ઘાલીને ઊંઘી જાય છે ત્યારે...એમને માટે સરકાર માબાપ તૈયાર જ રાખે છે કેડબરિઝ ફાઇવ-સ્ટાર, મેગી, બુસ્ટ, બોર્નવીટા, એકમેન ને બ્રિટાનિયાનાં ¦ દૂર દર્શનિયાં સપનાં !
વાહ ભૈ, વાહ ! ઉનકો કિતના ખ્યાલ હૈ અપના ! કિતની દૂરંદેશી ! કિતના દયાદાન !
જય જય હિંદુસ્તાન, જય જય હિંદુસ્તાન !
ભલા વાંચનાર !

હાલી ઊઠયાંને ?
પણ ફક્ત દુ:ખી થયે કંઈ નહિ વળે;
ચિંતા કર્યે હવે નહિ ચાલે;
પલપલિયાં પાડવાં તો સ્હેજે નહિ પોસાય !
દોસ્તો !
હવે તો આપણાં બાળકો માટે જોઈએ છે એક જવાબ, એક ઉકેલ, એક ઉપાય !
હવે તો એવું કંઈ કરીએ કે આ કાયદાના કરનારના હાંજા જ ગગડી જાય !
આપણે એક અવાજ–એક પોકાર–એક પત્ર–એક કવિતા–એક નાટક–એક પથ્થર–એક જવાબ–એક ઉકેલ–એક ઉપાય...
આવો, સાથે મળીને એવું કંઈક કરીએ કે આ કાળા કાયદાનો ગર્ભ જ ગળી જ જય

સરૂપ ધ્રુવ
–તારીખ ૧૨ ઓકટોબર ૧૯૮૬

## રચના સંદર્ભ :

– બચપન હલાલ–બચ્ચાં હમાલ અને 'ટેણિયો'–આ બંને રચનાઓ ૧૯૮૬માં સંસદમાં રજૂ થયેલ બાળ-મજૂર ધારો સુધારો' ના ખરડા સંદર્ભે લખાઈ હતી.
– આ ખરડો પાછળથી પસાર પણ થઈ ગયો અમુક ઉદ્યોગોમાં શરતી અને અમુક ઉદ્યોગોમાં બિનશરતી રીતે બાળમજૂરોને કાયદેસર બનાવી સરકારે શેઠિયાઓ સાથે મળી દેશના બચપણને હલાલ કરી નાંખ્યું.
– યાદ રહે કે આજે પણ બાળમજૂરોના સંગઠન બનાવવાની બંધી છે. અને તેમને માટે કોઈ લઘુત્તમ વેતન નક્કી નથી થયાં.

## ટેણિયો

[સંસદમાં રજૂ થનાર બાળમજૂર ધારા-સુધારા અંગે થોડી વાત]

'મારું નામ 'ટેણિયો' નહીં, હોં સાયેબ! એમ તો મું બધુંય હમજું છું.
આ કાલે જ જુવો ને, રાતના હાડા અગ્યાર હુંધી પેલા બે જણા જે જીભાજોડી કરતા'તા...અરે, પેલો બગલથેલાવારો ને બીજો દાઢીવારો! વચમાં મું ચચ્ચાર વાર અડધી આલી આયો, ને ૭ તો શિગારેટો લાઈ દીધી 'તી!
બાબુલાલ તો કયેં કે હેંડો, ગલ્લાની વસ્તી કરવા માંડો, તે મું તો મુંડા-બુડાયે ઉહાળ્યા માંડયો ને ફાણસેય ઉતારી લીધું...પણ પેલા બે ચ્હકવાનું નામ નાં લે !
ઠેઠ તપેલાં વેંછળવા બેઠો તારે એમની વાતો કંને પડી ને નૅંકર્યું તારે કોથરા મંઇથી બલાકું નૅંકર્યું ! (સાબર–૨)

એક કયે' કે નવો કાયદો આયો છે કે હવે પછી આપડા દેશમાં, છોકરાં ચૌદ વરહનાં નોં થાય તાં લગી મજૂરીએ નંઈ વરગાડવાના...ને બીજું કયે કે; ગાંડા ભૌ આ છે ને, એ કાયદો કેનશલ થૈ જવાનો—ચૌદ વરહની ઉમરના બાધ્ર જ પેલવેલ્લો નેંકરી જવાનો! હવે તો નેનાં નેનાં છોકરાંને જ મજૂરીએ વરગાડશે... લ્યો, કરો વાત! એમાં એણે નવું શું કીધું? આટલી અમથી વાતમાં આટલો ઝઘડો? અલા લા મને પૂછી લીધું હોત તો?

મું તો કઈ દેત કે કાયદો ને નોં કાયદો. ચૌદ હોય ને ચાર હોય અઈં કયા ભૂતો ભૌને ફરક પડી જવાનો હતો? 'લ્યા, અઈં તો ઘોડિયેથી જ ઝડપાયા છીએ ને? બાપા હંગાતે ઘોડો ઘોડો રમેલા કે નંઈ એ તો કંઈએ હાંભરતું નહિં પણ બાના ખોરા મંધ્યથી ઝરડઈને અહીં શેંરમાં કા'રે આઇ પોંકયા એ ય હવે તો ઇયાદ નહિ ર'યું!

હું પૂછ્યું, સાયેબ? અ ઈ આયો તારે કેટલા વરહનો હતો, એમ? ઓહોહો...બઉ કરી! ભૌ—મું તો હું જોણું; પણ બાને કે'તી હાંભરેલી કે રોયા! તું જલ્મ્યો તારે દકાર પડેલો! લો, હવે એ તે કંઈ એંધાણી કે'વાય? તમે જ કયો, દકાર તો મારો બેટો વરહોવરહ આવતો જોઉં છું.. ને મું તે..હમજણો થયો તારથી રૂપિયાના તૈણ અડધા શોધતો થૈ ગ્યો છું તો!

સાયેબ, અમારામાં કૈં શોરે શાન ન વીશે વાન ન એવું બધું કંઈ નંઇ હોં! અમે તો માના પેટમાંથી જ હમજણ લૈને આયા છાએ કે, ઘરબાર એટલે તો આ ફુટપાથ, કે ગલ્લાનું ઊંધું પાડેલું પાટિયું કે આડી પાડેલી હાથલારી, ઢોરાંથી ભરેલી કોઢ, ને પેલું હું પિચ્ચરનું ગીત છે ને—ઉપર ગગન વિશાર...

માનું દૂધ પીધું હશે તેણે પીધું હશે, પણ હમજણ આઈ તારથી તો રોટલો એટલે તો આ જ...ઘરાકોએ છાંડેલાં ગોઠિયા-ભજિયા; માગી આણેલી એંઠને શેકી ખાધેલી ખિશકોલી! હા, હા, ખરું કઉં છું! આ જુઓ, પેલ્લો-હામે રોડ માથે કામ કરે છે ને એ મેઘજી—મારા જેવડો જ છે, દકારિયો છે! કયે' કે, 'અમારા મલકમાં તો માબાપ જ હવારના પોરથી તગેડી મેલે—વગડામાં જવાનું, ગલોલ લૈને ફરવાનું—નોં હોય તો પથરાય ચાલે! ખલકોડીને તાકવાની, હાંડીકડાં વેણી, દેતવા પાડી, શેકીને પેટ ભરી લેવાનું!'

સાયેબ, મને તો હાંભરીને એવું કંઈક થૈ ગ્યું ને કે, બે દાડા લગી ખાવા બેહું ને ભાણામાં ખલકોડી દેખાય!

કયો હવે, આ હમજણ કેટલામાં વરહે આઈ હશે ને કઈ નેહારમાં શીખ્યો હશે?!

મને પૂછે છો ભણવાનું? અરે જવા દો સાયેબ! અમારા જેવાને વરી નેંહાર કેવી ને વાત કેવી, અમારે તો ઘરાકના હિસાબની ચોપડીઓની હેરફેર થાય એટલે પત્યું—ભણી પરવાર્યાં હાચું કઉં?—આપડે તો કારા એટલા મકોડા; ને લાલ એટલી કીડી; ઘડીક મલે જો ટેમ; તો ટેસથી ફૂંકી લૈયે બીડી!

અંઈ કના બાપની ઇકોતેર પેઢીમાં કોઈએ નેહાર ભારીયે છે તે...!

આ તો પેલા બે જણ હમજે નંઈ; બાકી મને પૂછત તો મું કઈ દેત કે મું અંઈ શેરમાં આયો તારે નાના ભૌ બેનો બઉં રડેલાં.. પણ હવે તો અંઈ આબ્બા જેવડાં થૈ ગ્યાં હશે! આવતા જતાંની હંગાથે એય આઈ પૂગશે અંઈ..મોટરોની હડફટે ચડવા, કપરકાબી વેંછળવા, બંગલે બંગલે કચરાં પોતાં કરવા, બૂટ—પાલીશ કરવા ને એંઠવાડ જંબા કાયદો કે નોં કાયદો: પેટ કૈં કોઈનું હગું થયું છે?—ને તોય પે'લું હગું તો મારું બેટું પેટ જ છે ને?!

અમે તો હમજણાં થયાં ત્યારથી આ પેટના જ પાઠ ભણતા આયા છીએ—રંબાજંબાના દા'ડા તો જોયા જ નંઈને...આંબલીપેંપરી ને ખોખો તો અંઈ અડધી કડકમીઠીને અડધી કમશકર આલવામાં જ રમી લૈયે છીએ ને હાત્તારી ને હંતાકુકડી વરી મુકરદમો હંગાતે રમી લેતા હશે—મારા જેવા કેટલાય ટેણિયાઓ, વરી ઘરાકોની ટણી વેઠતા હશે તે જુદી! આ તમે જોયેલું ને સાયેબ, ચાર દા'ડા પે'લાં જ પેલા ઘરાકે પાંણીનો

ખાલી જગ કેવો મારા મોં પર મારેલો ? મું એકલો તે કેટલા ઘોડા કરૂં ? બાબુલાલને તો જલ્સા...મારા જેવા પોરિયાને તો ઓછું ખાવાનું ને ઓછા પૈસા આલીને ઢહેડા કરાઈ લેવાના ને ઉપરથી દયા-દાન...જે જે હિંદુસ્તાન !

મારા જેવા તો લાખ્ખો ટેણિયાના હાથ આમ કામ કરી કરીને ઘસૈ ગ્યા હશે ને પેલા બે, બીડી બાકસને ફટાકડાના મુદ્દા પર ઝઘડતા'તા...અલે ભૌ—બીડી નંઈ વારવા દે તો દોરા બાંધવાનું સોંપશે; બાકસ પર ગંધકના ટોપસા નંઈ મેલવા દે તો બાકસમાં દિવાહરી ભરવાનું કે'શે; ફટાકડા નંઈ બનાબ્બા દે તો ખોખાં ભરવા આલશે...એમને કેટલા ટકા ?

એ લોકોને ય મમમમથી કોંમ છે ને ? ને અમારેય બધા મમમમના જ ખેલ છે ને ?

કાયદો કે નોં કાયદો—સુધારો કે કુધારો—આવું ગણતર તો અમે ગણતા જ નથી; પણ પેલા ભણેલા ગણેલાય આટલું નંઈ હમજતા હોય ? મું કઉં છું ને મને પૂછી લીધું હોત તો...મું તો કે'ત હોં કે આમ મુઠિયો વારીને, અડધી અડધી રાત લગી હામ હામે લડવાને બદલે હેંડો, થૈ જાવ ભેરૂ ને ભડ હો તો ગામ આખાયમાં ફરી વરીએ ને ભેગા કરીએ મારા જેવા હંધાય ટેણિયા ને પોરિયા—અને લૈ જઈએ એક સરઘસ ઠેઠ દિલ્લી.

અલ્યા, ભારે થૈ જાય હોં ! આમ અમારા જેવા એકે એક ટેણિયાના હાથમાં એકેકો પથરો જ હોય ને, તોય બસ..... !

પછી તો..... !

મું શું કેતો'તો સાયેબ, મારું નામ કૈં 'ટેણિયો' નહિ હોં, મારી બાયે તો મારું નામ 'અશોક' પાડેલું...અશોક હોય કે અકબર, કને ફરક પડવાનો છે ? પણ પેલું સરઘસ કાઢવું હોય તો.. કે'જો હોં કે સાયેબ, એમ તો મું બધુંય હમજું છું.

—સરૂપ ધ્રુવ

—તારીખ : ૧૮ સપ્ટેમ્બર ૧૯૮૬

## કેમ ?

('મેંદી લેશું મેંદી લેશું'—એ ઢાળ)

દીકરો વ્હાલો, દીકરી નહિ,
હું પૂછું કેમ ? રે ભાઈ, હું પૂછું, છું, કેમ ?
સદાઓ જૂનો ભેદ રાખીશું,
આપણે એમનો એમ ? કેમ ? હું પૂછું છું કેમ ?
એક જમાનો એવો દીકરી દૂધ પીતી થઈ જાતી,
આજે માના પેટમાં જનમ પહેલાં એ ગૂંગળાતી—કેમ ?
હું પૂછું છું કેમ ?

દીકરો જનમે પેંડા વહેંચો, દીકરી હોય જલેબી,
માને ભોંઠપ, બાપને માથે દીકરી બોજા જેવી, કેમ ?
હું પૂછું છું કેમ ?
દીકરો રમે ગિલ્લીદંડે, દીકરીને ઘરકામ;
દીકરો રળી ઘર ઉજાળે, દીકરી પારકે ઠામ, કેમ ?
હું પૂછું છું—કેમ ?
"પારકી થાપણ" "સાપનો ભારો" "દીકરી ગરીબ ગાય;"
એનાં ઝાઝાં જતન શાનાં; દોરો ત્યાં એ જાય—કેમ ?
હું પૂછું છું, કેમ ?
જેટલાં માનાં, એટલાં બાપનાં, છૈયાં સરખાં એનાં;
એમ છતાંયે માને માથે આટલાં વૈતરાં શેનાં ? કેમ ?
હું પૂછું છું કેમ ?
સરખી કરે મહેનત બંને, સંગમાં કરે કામ;
એકને મળે ઝાઝું વેતન, એકને છે કમ દામ, કેમ ?
હું પૂછું છું, કેમ ?
ઓરત–મરદ : એક ગાડીનાં પૈડાં બે કહેવાય.
એક ઊંચું ને એક છે નીચું, કેમ કરી ચલાય ? કેમ ?
હું પૂછું છું, કેમ ?
જીવતર સૌને માટે સરખું; સુખ–દુઃખ સૌનાં સરખાં;
મરદ માણે જીવન, અસ્ત્રી વેઠે દુઃખડાં સઘળાં, કેમ ?
હું પૂછું છું—કેમ ?

## ક્રાંતિનો ગરબો

('મા પાવા તે ગઢથી'—એ ઢાળ)

સખી ! ધગધગતા લોહીથી પ્રગટી છે, આ ક્રાન્તિ રે !
એણે સાંભળ્યા પીડિત ચિત્કાર, હોજી ક્રાન્તિ રે !
એ તો આંસુ, પસીનાથી નિપજી છે, આ ક્રાન્તિ રે !
સુણ્યો જ્યાં જ્યાં જંજીર ઝણકાર, ત્યાં ત્યાં ક્રાન્તિ રે !
એક નાની ચિંગારી—શી હૈયામાં, ઝગમગ જલતી;
મચાવશે હાહાકાર, હો જી ક્રાન્તિ રે !
સૌ ભૂખ્યાં દુખ્યાંની સાહેલડી છે, આ ક્રાન્તિ રે !
નોધારાનો આધાર; હો જી ક્રાન્તિ રે !

## ૧૩

ક્યાંક ખેતરમાં લીલીછમ લહેરાતી આ ક્રાન્તિ રે,
કૈંક ઝૂકી ગયા જમીનદાર, હો જી ક્રાન્તિ રે !

ક્યાંક કારખાને સાંચેથી નીકળી છે, આ ક્રાન્તિ રે,
એણે માલિકને કીધો પડકાર; હો જી ક્રાન્તિ રે !

એણે સહ્યો નથી અન્યાય, માથું ઊંચકયું,
એ તો ન્યાયનો લાવી પોકાર હોજી ક્રાન્તિ રે !

એ તો લાલ લાલ કાળ ઝાળ. ઓપતી ચંડી ક્રાન્તિ રે !
ભડભડતી અગન કેરી ઝાળ, ઝળહળ ક્રાન્તિ રે !

એનાં હાથે હથિયાર–લોહિયાળ–ખૂનખાર ખણખણતાં રે;
કરે પળમાં સંહાર, પારાવાર, આ તો ક્રાન્તિ રે !

એના પગલે સત્તાધારી કંપતા, આ ક્રાન્તિ રે !
એના નામથી ધ્રૂજ્યા જુલમગાર, હોજી ક્રાન્તિ રે !

ભૂંડા પરધાનો, ભ્રષ્ટાચારી ભાગિયા કે આવી ક્રાંતિ રે !
અહીં કાયરના શા ભાર ? આવી આવી ક્રાન્તિ રે

ઉઠો ! ભૂખ્યાં–દુખ્યાં–ને દુભાયલાં કે આવી ક્રાંન્તિ રે !
હવે સહેવા નહિ અત્યાચર, આવી આવી ક્રાન્તિ રે !

સહુ સાથે મળીને ઝીલશું ટક્કર; ઝૂઝીશું;
રગેરગમાં હવે લલકાર; આવી આવી ક્રાન્તિ રે !

— સરૂપ ધ્રુવ
તારીખ ૨૪ સપ્ટેમ્બર ૧૯૮૬

## માનવશક્તિની આરતી

જય માનવશક્તિ ! બોલો, જય માનવશક્તિ !
આખા જગમાં વ્યાપી, આખા જગમાં વ્યાપી,
જય જય જનશક્તિ !......બોલો, જય માનવશક્તિ !
પ્રચંડ તારી કાય; ખળભળતો લાવા......તું ખળભળતો લાવા...
તને રુંધવા થાતા, તને રોકવા થાતા,
કૈં કાવાદાવા...હાય માનવશક્તિ !
આરંભથી સત્તા સ્વારથના સર્પે દંશ દીધો....હા, સર્પે દંશ દીધો...
કુળ, કબીલા, ટોળી, ચામડી કાળી–ધોળી,
ભેદ પરથમ કીધો...હાય માનવશક્તિ !
પછી પાડિયા વર્ણ, શ્રમનું નામ લઈ...હા, શ્રમનું નામ લઈ...
શ્રમજીવીને તોડયા, સામ–દામથી ફોડયાં,
વર્ણવ્યવસ્થા કહી .. હાય માનવશક્તિ
ખંડ કર્યા ઉપખંડ; દેશને પ્રદેશમાં તોડયા,...હા પ્રદેશમાં તોડયા...
હદ સરહદના વાડા, ભાષાભેદ અખાડા,
શસ્ત્રાસ્ત્રો છોડયાં...હાય માનવશક્તિ !
સલામતીને નામે વળગણ ધરમનાં બહુ સરજ્યાં...હા, ધરમનાં બહુ સરજ્યાં...
અફીણુ દઈ મૂઢ કીધાં, સ્વર્ગ–નરક દઈ દીધાં,
ભોળાં જન ભરખ્યાં...હાય માનવશક્તિ !
નાત-જાતનાં તૂત, થર પર થર કીધા...એનાં થર પર થર કીધા...
છૂત-અછૂતના વાડા, ઊંચનીચના ખાડા,
આજ લગી કીધા.. હાય માનવશક્તિ !
કણકણ થઈને વિખરાતી માણસજાતને રોક...તું માણસજાતને રોક...
ઉગામ મુઠ્ઠી તારી, ઉઘાડ હિંમત તારી
તું ધગધગતો ધોધ...જય માનવશક્તિ !
તારી પાસ છે હાથ, છલકતા જોમ-ઝમક-જુસ્સો...છે જોમ-ઝમક-જુસ્સો
કચડાયેલાં તનમન, વેર ઝંખતાં, તનમન;
કાળઝાળ ગુસ્સો...જય માનવશક્તિ
તારે પક્ષે શ્રમજીવી છે; લાખ્ખો નરનારી...
બાળમજૂરનાં ટોળાં, અભણ. નિરક્ષર, ભોળાં
લેશ ન લાચારી...જય માનવશક્તિ !
ભલે રેલતાં રક્ત, છોને જીવન હોમાતાં...છો જીવન હોમાતાં...

પ્રાણ આહુતિ દેશું, છેક લગી ઝૂઝીશું
કુરબાનીની ગાતાં...જય માનવશક્તિ !
ભલે આંગળી પાંચ, એની મુઠ્ઠી વાળીશું...હા મુઠ્ઠી વાળીશું...

આજ સુધી છો અટક્યાં, આજ સુધી છો ભટક્યાં,
સાટું વાળીશું...હવે જગને બદલીશું...હવે ક્રાંતિ પેટવશું, જય માનવશક્તિ !

માનવશક્તિની 'આરતી', જે ભાવે ગાશે હા જે કોઈ ગાશે...
અંધારાં કંઈ ટળશે, બળ ને હિંમત મળશે,
મુક્તિ સાંપડશે...જય માનવશક્તિ !

—સરૂપ ધ્રુવ
તારીખ. ૭ ઓકટોબર, ૧૯૮૬

## ડુંગરા ડોલ્યા છે

**[હો મોરલી ચાં વાજે છે—નોઢાળ]**

હોહો હોહો હોહોહોહોહો (૨)
અમે ઈંડિયો,
હાં હાં ઈંડિયો. ઓહો ઈંડિયો ગઢ જીતશું રે,
હે કે ડુંગરા ડોલ્યા છે !
અમે મારગડો
હાં હાં મારગડો, ઓહો મારગ શોધી લેશું રે,
હે કે ડુંગરા ડોલ્યા છે !
ભલે ઊંચા ડુંગર
ભલે કંકર પથ્થર (૨)
અમે કેડીઓ, હાં હાં કેડીઓ, ઓહો કેડીઓ કોતરશું રે,
હે કે ડુંગરા ડોલ્યા છે !
અમે જલતી ચિંગારી
ભલે ઘાટી અંધારી (૨)
અમે સુરંગ રે, હાં હાં સુરંગ રે, ઓહો સુરંગ ચાંપી દેશું રે,
હે કે ડુંગર ડોલ્યા છે !
અમે રસ્તો અમારો
અમે દીવડો અમારો (૨)

અમે છાંયો અમારો, ઓહો છાંયો અમારો ઉછેરશું રે,
હે કે ડુંગરા ડોલ્યા છે !
અમે જાતે ઝૂઝીશું
અમે પંડે લડીશું (૨)
અમે જીવતર રે ! હાં હાં જીવતર રે ! ઓહો જીવતર
હોમી દેશું રે, હે કે ડુંગરા ડોલ્યા છે !
અમે પથ્થર ફોડીને ફૂલ ફોરમશું
અમે પરસેવો સિંચી વેલ વાવશું
અમે રગત રેડીને રંગ રેલવશું
હે કે ડુંગરા ડોલ્યા છે !
ચલો ઉઠો ને બેનો !
હવે જાગોને બેનો
હવે નવો સૂરજ, હાં હાં નવો સૂરજ, ઓહો
નવો સૂરજ પેટવશું રે...હે કે ડુંગરા ડોલ્યા છે

—સરૂપ ધ્રુવ
તારીખ. ૭ ઓકટોબર ૧૯૮૬

* **રચના સંદર્ભ :**

- 'કેમ' અને ડુંગરા ડોલ્યા છે' – બંને રચનાઓ ટી.વી. પર બે ભાગમાં તૈયાર થયેલ કાર્યક્રમ 'હે કે ડુંગરા ડોલ્યાં છે' માટે લખાયા હતા.
- ઇડર પાસેના વેરાબર ગામની એક ગરીબ સ્ત્રીનું એના પતિએ નાક કાપી નાખ્યું હતું, કેમ કે એ સ્ત્રીના સસરાએ એ સ્ત્રી પર નજર બગાડી અને સ્ત્રીએ ચૂપ ન રહેતાં એ ઘટના સામે લાલ આંખ કરી. એ નાક કપાયેલ સ્ત્રી પિયર આવી એની ગરીબ વિધવા માએ હિંમતથી એને સાથ આપ્યો. ટી.વી. કાર્યકરો અને અન્ય સ્થાનિક કાર્યકરોની મદદથી મા–દીકરી કોર્ટમાં ભરણપોષણનો કેસ જીતી ગયાં. આખી ઘટનાને આવરી લેતી આ બે ભાગની ટી.વી. કાર્યક્રમશ્રેણી હતી.

## સ્ટારફીશ

એક હતું ગામ. ગામને પાદરે જ મસમોટો દરિયો હતો. એ દરિયામાં અઢળક સ્ટારફીશ હતી. આ સ્ટારફીશ એક પ્રકારની માછલી છે. એની શરીરરચના વિચિત્ર છે. એના શરીરને જો સૂર્યનાં કિરણ અડકે તો તે તરત જ મૃત્યુ પામે છે.
હવે રોજ એવું બનતું કે દરિયામાં આવતી ભરતીની સાથે હજારો લાખો સ્ટારફીશ કાંઠા પર ઘસડાઈ આવતી, અને પછી.. ? પછી એ આખી રાત કાંઠાની રેતીમાં પડી રહેતી, મૃત્યુની વાટ જોતી; કેમ કે ઓટ આવતાં જ દરિયાનાં પાણી તો પોતાનાં મૂળસ્થાને ચાલ્યાં જતાં; બસ પછી સવાર પડતી, સૂર્યનાં કિરણો કાંઠા પર પડતાં, અને પેલી હજ્જારો, લાખો સ્ટારફીશ ત્યાં ને ત્યાં જ મરી જતી.

પેલા ગામમાં એક માણુસ રહે. એ રોજ દરિયાકાંઠેથી પસાર થતો અને જોતો કે લાખ્ખો માછલીઓ કોઈ જ ગુના વિના મરી ગઈ છે. તેને અંદરને અંદર કૈંક થઈ જતું. જો કે એને એવો વિચાર કયારેય ન આવ્યો કે લાવ, આ માછલીઓનો ધંધો કરું, અથવા તો એને એવી ઇચ્છા પણ ના થઈ કે એના ફોટા પાડી વેચું, એનો ટી.વી. કાર્યક્રમ બનાવી કે એનો અખબારી અહેવાલ (સેન્સેશનલ સ્ટોરી) તૈયાર કરી નામ અને દામ કમાઉં. એને તો એક દિવસ એક જ વિચાર આવ્યો, જે બીજા દિવસથી એણે અમલમાં મૂકયો. બીજા દિવસથી તેણે મોડી રાત્રે દરિયાકાંઠે જવાનું શરૂ કર્યું. ત્યાં જઈ એ એક માછલી ઉપાડતો... પછી બીજી, પછી ત્રીજી...પછી ચોથી, આમ સવાર પડતાં સુધી સતત માછલીઓને પાછી દરિયામાં પહોંચાડવાનું કામ કર્યા કરતો અને સવારે ગામમાં પાછો આવી પોતાના રોજિંદા કામે વળગી જતો.

એક રાત્રે એક બીજો માણુસ દરિયાકાંઠેથી પસાર થઈ રહ્યો હતો. એણે પેલા ગામવાસીને તલ્લીનતાથી માછલીઓને દરિયામાં મૂકતો જોયો. થોડીવાર તે જોઈ જ રહ્યો પછી મૂછમાં હસી પેલા ગામવાસીને પૂછયું.

"ભાઈ, આ શું કરો છો ?' ગામવાસીએ પોતાનું કામ ચાલુ રાખતાં જવાબ આપ્યો :

"હમણાં સવાર પડશે ને આ માછલીઓ મરી જશે. એટલે એમને દરિયા સુધી પહોંચાડું છું."

પેલા ભાઈએ તરત જ પ્રશ્ન કર્યો :

"એથી શું ફરક પડશે ?"

ગામવાસીએ એક માછલી ઉપાડી એને દરિયામાં મૂકતાં કહ્યું :

"આને ચોક્કસ ફેર પડશે."

**એક સાંભળેલી વિદેશી વાર્તા**

## વાર્તાનું વિવેચન

દોસ્તો,

વાર્તા સાંભળતાં જ મને કેટલાક પ્રશ્નો થયા હતા. આજે અહીં જાહેર રજૂઆત કરી રહ્યો છું એટલે મને એ પ્રશ્નોના મારી રીતે મેળવેલાં સ્પષ્ટીકરણો રજૂ કરવાની પણ ઇચ્છા થાય છે. આ સ્પષ્ટીકરણો મારા વિચારો અને માન્યતાઓ છે. આશા છે આપ સૌ પણ તેની સાથે સંમત થશો. જો સંમત ન થતાં હો તો જણાવશો. આપણે જરૂર એ વિશે ચર્ચા કરીશું.

(૧) પેલા ગામવાસીને માછલીઓની લાચારીનો ઉપયોગ કરવાની ઇચ્છા ન થઈ અને તેમને જીવતદાન દેવાની ઇચ્છા થઈ એ એની ફરજનિષ્ઠા બતાવે છે. પરંતુ માછલીઓને દરિયા સુધી પહોંચાડવાનું કામ ચાલુ રાખી એણે સતત વિચારતાં રહેવું જોઈએ કે—

—સવાર પડયા પછી એ એવું શું કરે કે જેથી ગામલોકો તેની સાથે કામમાં જોડાય અને તેથી વધુ માછલીઓને બચાવી શકાય.

—એણે એવાં સાધનો (મશીનરી) બનાવવા વિશે વિચારવું જોઇએ કે જેના ઉપયોગથી બધી જ માછલીઓને બચાવી શકાય.

—સૌથી સારી વાત તો એ છે કે એણે એવા ઉપાયો શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ જેથી માછલીઓ ભરતી સાથે કાંઠા પર ધસડાઈ આવતી જ અટકે.

(દોસ્તો ફરી યાદ અપાવું, આ બધા વિચારો કે પ્રયત્નો એણે પોતાનું કામ ચાલુ રાખીને જ કરવા જોઈએ).

(સાબર–૩)

(૨) ગામવાસીએ માછલીઓને બચાવવાનું કામ પોતાની ફરજ સમજીને જ કરવું જોઈએ. એવા આશયથી ના કરવું જોઈએ કે આવતી કાલે પરમ દિવસે કે ક્યારેક કોઈ દિવસ એ આ દરિયાકાંઠાનો સરપંચ, તલાટી, મુખી, સૂબો કે રાજા બને. (આ થોડી અઘરી વાત છે નહીં !!)

(૩) આ વાર્તામાં સ્ટારફીશ પ્રતીક તરીકે રજૂ થઈ છે. પણ એ પ્રતીક સાવ ખોટું છે. એને આપણા જેવા લાખ્ખો અબજો ગરીબ, શોષિત કે પીડિત લોકો સાથે સરખાવી જ ન શકાય, કેમ કે—

—માછલીઓની એ મર્યાદા છે કે એ જાતે અથવા સંગઠિત થઈને દરિયા સુધી પહોંચી નથી શકતી, જ્યારે આપણે...? !

—માછલીઓ તો કુદરતી કારણોને લીધે લાચાર–ગરીબડી દશામાં મૂકાય છે. જ્યારે આપણે......? !

(ખેર, પ્રતીક તો ભલે ખોટું રહ્યું, બોધપાઠ તો સાચો જ મળે છે ને...)

—**રજૂઆત : હિરેન ગાંધી**

તા. ૨૪ ઓકટોબર ૧૯૮૬

## સંવત ૨૦૪૨નું સરવૈયું

દિવાળી આવી ગઈ છે, દોસ્તો !
વરસ પૂરું થઈ ગયું છે અને ત્રણસો ને પાંસઠેય દહાડા
હાંફતાં હાંફતાં, આ ભાંગીને ભુક્કો થવા બેઠેલા અમદાવાદના ઉંબરે ફસડાઈ પડ્યા છે !
ને તોય...ઓછા તો ઓછા—ફટાકડા ફૂટ્યે જાય છે; ધીમા તો ધીમા–ઢોલ ઢબૂક્યે જાય છે,
આછાં તો આછાં–તોરણ ફરક્યે જાય છે, ઝાંખી તો ઝાંખી–રંગોળી પુરાયે જાય છે...
અને માંહી બેઠેલો અમદાવાદી જીવ ઉધમાત મચાવ્યે જાય છે કે,
સરવૈયું કાઢો– સરવૈયું કાઢો– સરવૈયું કાઢો
ગયા વરસનું સરવૈયું...કયા વરસનું સરવૈયું ?
જમા મૂડી કુલ મહિના બાર;
તેમાં છ તો ગયા હુલ્લડે ઉધાર !
બાકી રહ્યા એ દુકાળે સુકાયા,
એનું તો આવતી સાલ પણ ચક્રવૃદ્ધિ વ્યાજ ગણીને ચૂકવવાનું ને !
ગયે વરસે આપણે ભૂખ્યાં થયાં ત્યારે 'એ લોકોએ'
આપણને એકબીજાના જ હાથ ચાવી ખાવા આપ્યા,
કે જેથી આપણે એકમેક સાથે હાથ મિલાવી જ ના શકીએ,
કે જેથી આપણે રોજીરોટી કમાઈ જ ના શકીએ;
કે જેથી વખત આવ્યે એ લોકોની સામે હાથ ઉગામી જ ના શકીએ;
–ને પછી તો જમણાએ ડાબાને ભરખ્યો ને ડાબાએ જમણાને કરડી ખાધો !
આપણને તરસ લાગી ત્યારે એ લોકોએ લોહી ચૂસતાં શીખવાડ્યું.
–એ તો એમને બહુ ફાવે ને !

બંધ મિલોના સાંચામાંથી એમણે ભગવા, લીલા, કેસરી, ભૂરા, પીળા ઝંડા કાઢયા– કાઢતા જ ગયા અને
આપણાં નાગાંપૂગાં શરીરો ઉપર લપેટતા જ ગયા, વિંટતા જ ગયા...
કે જેથી આપણે અટવાઈએ, અથડાઈએ, પછડાઇએ, ગૂંગળાઇએ...
આપણે ઘર માગ્યાં ત્યારે એમણે બૂસ્ટર આપ્યાં;
ગટરને બદલે કમ્પ્યૂટર આપ્યાં;
અરે હજી તો આપણામાંનાં લાખ્ખો 'વિદ્યાર્થીઓએ' જૂની તરેહનાં કક્કો–બારાખડીનુંયે મોઢું નો'તું જોયું
ત્યાં તો નવી તરેહ'નાં નખરાં શરૂ કરી દીધાં !
માંડ માંડ મધ્યાહ્ન ભોજન જમતાં થયેલાં છોકરાંનાં હાથમાંથી કોળિયા ઝૂંટવીને એમને મજૂરીએ વળગાડયાં
અને આસપાસ નજર જ ના જાય એટલે આંખે કાનૂની ડાબલા ચડાવ્યા !
આપણને એંસી ટકાને રાતે પાણીએ રોવડાવ્યાં અને દસવીસ દેડકાં ફુલાઇને ફરે એટલે ગુબ્બારા ઘડાવ્યા !
છગન, મગન અને રતનબાઈને રાજી રાખવા ઇનામો, ટ્રોફીઓ અને ચંદ્રકો લટકાવ્યા !
(પી.ટી. ઉષાથી પન્નાલાલ સુધી)
એ લોકોએ તાલીઓ પાડી અને આપણે રાચ્યાં !
એ લોકોએ ડાકલાં બજાવ્યાં અને આપણે નાચ્યાં !
અને આ બધું જે કંઈ થયું એ તો રિમોટ કંટ્રોલથી થયું;
હેલિકોપ્ટરના ચડાણ અને ઊતરાણની અધવચ્ચેસ્તો !...
ગયા વરસમાં તો આપણું ઘણું બધું કરી નાખ્યું એ લોકોએ !
પણ એ લોકોને આવું બધું કરવા દેનારાં આપણેય તે કેવા ?
શું થાય– લાચાર છીએ– નહિ વારૂ ?
હાસ્તો, આમેય આ પરમપવિત્ર આર્યભૂમિમાં આપણી ફરજો જ એટલી બધી વધી ગઇ છે કે આપણી
કમર વળી ગઈ છે, કરોડરજ્જુ તૂટી ગઈ છે, માથું... રહ્યું છે જ કયાં ? જે રહી છે તે માત્ર ટોપીઓ અને
પાઘડીઓ જ છે ને ?

પણ આ ફરજોની વણઝારની વચ્ચે આપણો 'હક' ખોવાઇ ગયો છે !
આપણે એ શબ્દ ભૂલી ગયા છીએ; આપણને એ શબ્દ જ ભૂલાવી દેવામાં આવ્યો છે !
કદાચ યાદ આવે અને માગવા જઈએ તોયે 'કરમનાં ફળ', 'વિધિના ખેલ', 'લખ્યા લેખ' જેવી મોંપાટ
ગોખાવવામાં આવે છે.
પણ દોસ્તો ! આ હક્કો માગવા અને ના મળે તો ઝૂંટવવા એ પણ ચૂકવા જેવી ફરજ નથી હોં !
અને એટલે જ, ગયા વરસે ભલેને આપણું ઘણું બધું લૂંટાઈ ગયું હોય, છીનવાઈ ગયું હોય; પણ આવતા
વરસે તો લેકે રહેંગે...!—ભલેને એ લોકોથી ના જીરવાય.
ગયું વરસ ભલે એ લોકોનું ગયું
પણ આવતું વરસ આપણું બને એવું કંઇક કરીએ...
અરે ! ભલા વાંચનાર !
આ સાલમુબારકના સનેપાતમાં સરવૈયું કાઢવા બેસી ગયા એય તે અમારા પેલા આર્ય સંસ્કારના જ
તાપ–પ્રતાપ હોં !
હજીય આ જીવ—
હિંદુવાદી બહુમતિયો અમારો જીવ, ચોટલીમાંથી છૂટયો નથી લાગતો, કહો ન કહો પણ દલાલો ને દુકાનદારો
વચ્ચે રહી રહીને જ આમ દિવાળી ટાંકણે ચોપડા યાદ આવે !

નહિ તો સરવૈયું કાઢવા માટે નાતાલ, ઈદ, પતેતી, નાનક જયંતી કે એવા બીજા સપરમા દહાડા કેમ હૈયે, હોઠે કે ન કલમે ના ચડ્યા ?

શું થાય ?......

ઓતરફ આ રંગબેરંગી ચડ્ડી બનિયાનધારી ટોળકીઓની નિશ્રામાં જીવતાં જીવતાં આમ ટેવવશ જ કાને જનોઈ ભેરવાઈ ગઈ, અને...!

—સરૂપ ધ્રુવ

તા. ૩૦ ઓકટોબર ૧૯૮૬

## ચીની લોકકથા

પહાડની તળેટીમાં ગામ વસેલું. પહાડનો પડછાયો આખો દિવસ ગામને ઘેરી વળેલો રહેતો. એક ડોસાને થયું, આ પહાડ ખોદી નાંખીએ તો સૂર્યનો પ્રકાશ જરૂરથી મળી શકે એમ છે. એણે ઘરમાં વાત કરી. ઘરના માણસોએ કહ્યું કે આ પહાડ કયારે ખોદી રહીએ અને કયારે સૂર્યનો પ્રકાશ મળે ? શું ઘડપણની સાથે સાથે ગાંડપણ તો નથી આવતું ને ?

ડોસો ગામના એકે એક માણસને મળ્યો. પોતાની વાત સમજાવી, પણ બધાંએ એક જ વાત કરી કે ડોસા, આવડો મોટો પહાડ તે વળી ખોદાતો હશે ! કયારે પાર આવે ને કયારે સૂર્યનો પ્રકાશ મળે ? જા, ડોસા જા, ભૂખે મરવાનો ધંધો ના શીખવાડ. ડોસાને તો બસ પહાડ ખોદી નાંખવાની જ લગની લાગી હતી. એની આ લગની ગામવાસીને ગાંડપણ લાગ્યું. બધા જ ડોસાને ગાંડો ગણવા લાગ્યા.

અંતે કોદાળી પાવડો ખભે નાખી તે ડોસો તો નીકળી પડ્યો પહાડ ખોદવા. ખાઇ પી, ઘરના કામથી પરવારી નવરાશના સમયે એણે પહાડ ખોદવાનું શરૂ કર્યું. પહાડ ખોદવાના કામને એણે પોતાનો નિત્યક્રમ બનાવ્યો. સમય વીતવા માંડ્યો જતાં આવતાં માણસોએ જોયું કે ડોસાએ થોડો પહાડ ખોદીને જમીન સરખી કરી છે. ડોસાના ઘરના માણસો પણ જોડાયેલાં છે. સરખી જમીનમાં ખેતી કરતાં જાય છે ને પહાડ ખોદતાં જાય છે. પછી તો ધીમે ધીમે ગામ આખું જોડાયું.

**કોદાળાથી પહાડ ખોદાતો જાય છે. પાવડાથી માટી સરખી થતી જાય છે. સરખી જમીનમાં સહુ સાથે મળીને ખેતી કરતાં જાય છે, અને પાક માથાદીઠ વહેંચતા જાય છે.**

ડોસો તો મરી ગયો. પહાડ ખોદતાં ખોદતાં કેટલાય ગામવાસી મૃત્યુ પામ્યા. પણ પેઢી દર પેઢી પહાડ ખોદવાનું કામ ચાલુ જ રહ્યું. અંતે એક દિવસ પહાડ ખોદાઈ ગયો, અને સૂર્યના પ્રકાશમાં ગામ કિલ્લોલવા માંડયું.

**રજૂઆત : ચંદુ પટેલ**

**વાર્તાનું વિવેચન :**

(૧) ગામ અને ગામલોકો યુગો સુધી પહાડના પડછાયા પછવાડે અંધકારમાં રહ્યા. સીધી સાદી રીતે કહીએ તો ગામ અને ગામવાસીઓ યુગો સુધી અજ્ઞાન અને પછાતપણાના અંધારામાં અટવાતા રહ્યાં ત્યાં સુધી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, રાજ્ય સરકાર. કેન્દ્ર સરકાર કે જવાબદાર સત્તાધીશો શું કરતા હતા ?

(૨) એક ડોસો જાગૃત થયો. પ્રકાશની જરૂરિયાત સમજ્યો. પોતાની ફરજ અને પોતાનો અધિકાર પણ સમજ્યો, ધીમે ધીમે તેનાં ઘરવાળાં અને એકે એક ગામવાસી સાચી સમજ પામ્યા. પેઢી દર પેઢી સુધી પહાડ ખોદવાનું–અંધકાર ઉલેચવાનું કામ ચાલ્યું. ત્યારે પણ ઉપર જણાવેલ બધા જ સત્તાધીશો કયાં ખોવાઈ ગયા હતા ? તેમની કોઈ ફરજ નહીં ?

(૩) મહત્વનો મુદ્દો તો એ છે દોસ્તો, કે પહાડ સાચેસાચો પહાડ નથી. એ તો સત્તાધારી અને શોષણખોરોનાં સ્વાર્થનો પહાડ છે. જે કદી સૂર્યપ્રકાશને–કુદરતી ન્યાયને–સાચી સમજને ગામવાસીઓ સુધી પહોંચવા દેતો નથી.

(૪) અને હવે એક એવો મુદ્દો જે આ વાર્તાને અધૂરી, એકપક્ષી અને ગેરમાર્ગે દોરનારી સાબિત કરે છે. મુદ્દો એ છે કે જો આ પહાડ સત્તા, સ્વાર્થ અને શોષણનું પ્રતીક હોય તો એણે દરેક કોદાળીના ઘાનો વળતો જવાબ કેમ ના દીધો ? આપણે હાલતાંને ચાલતાં અનુભવીએ છીએ કે આપણા નાનામાં નાના અથવા તો સાવ પાયાના અધિકાર માટે પણ કેટકેટલું ઝઝૂમવું પડે છે–વેઠવું પડે છે. આ એક નારા કે સરઘસનો જવાબ લાઠી, ગોળી, જેલ કે કરફયુ હોય છે. તો પછી આ તો કોદાળીનો ઘા છે. સત્તાધીશો એની સામે લશ્કર, ટેન્કો કે કટોકટી જ છોડેને ?!

(૫) આમ છતાં એક મુદ્દો સાચો જ છે કે ગામવાસીઓને સૂર્યનો પ્રકાશ પામવા–સાચું સ્વાતંત્ર્ય મેળવવા પેઢીઓની પેઢીઓ સુધી ઝઝૂમવું પડયું.

(૬) એક બીજો વિચાર પણ આવ્યો કે આપણે જ્યારે લોકનાયકનો વિચાર કરીએ છીએ ત્યારે હંમેશા 'પુરૂષ' નેતા જ નજર ચડે છે, એમ કેમ ? શું કોઈ સ્ત્રીને લોકનાયક તરીકે આજે પણ આપણે કલ્પી શકીશું. નહિ ?!

(૭) વાર્તાનું સૌથી સબળ પાસું મોટા અક્ષરે છાપેલ ફકરાના શબ્દોમાં છે. સંગઠિત તાકાતથી કશુંક મેળવ્યા પછી સૌએ સરખે ભાગે વહેંચીને એને ઉપયોગમાં લીધું. એવા ઉપયોગમાં જે આવતી કાલે ગામને સદ્ધર બનાવી શકશે.

(૮) જ્યારે જ્યારે પરિવર્તન કે વિકાસની વાત કરીએ ત્યારે લાંબા ગાળાની વાત સાંભળતાં જ અધીરાં થઈ જઈએ છીએ. પેઢી દર પેઢી કામ કરવું પડે, એટલે આપણો રસ ઓછો થઇ જાય છે પણ એવે વખતે આપણે ભૂલી જઈએ છીએ કે ધીમો પણ મક્કમ ક્રમિક વિકાસ તો શરૂ થઈ જ ગયો હોય છે. 'થોડો પહાડ ખોદતાં' જ જમીન સરખી થવા લાગી છે, ખેતરો બનવા લાગ્યાં છે અને પાકની વહેંચણી પણ શરૂ થવા લાગી છે...... આ જ વાત વ્યાપક રીતે હંમેશાં કયાંકને કયાંક લાગુ પડતી જ રહે છે. કામ કરતી દરેક પેઢીને એનાં ફળ મળતાં જ હોય છે.

(૯) દોસ્તો, કહેવાની જરૂર ખરી કે આ કાંઈ ચીન દેશના કોઈ એક ગામની જ વાત નથી. મારા, તમારા, દુનિયાના એકએક શોષિત, દલિત, પીડિતના ગામની વાત છે.

અને છેલ્લે : વાર્તાનો ડોસો તો સાચી સમજ–જાગૃતિની એક ચિનગારી બની બીજી અનેક ચિનગારીઓ પેટાવતો ગયો. છતાં એના જીવન દરમિયાન કે મૃત્યુ પછી કયારેય એ ગામપિતા (રાષ્ટ્રપિતા જેવું કોઈ એક કલ્પિત પદ), ગામપતિ કે સરપંચ, સૂબો ન બન્યો. કે ના તો અન્ય ગામવાસીઓએ એને બનાવ્યો. અરે, કોઈ ગામવાસીએ એની ટોપી, ફાળિયું, ફોટો કે મુગટનાં મંદિરો, મસ્જિદો, ગુરુદ્વારા કે દેવળો પણ ના બંધાવ્યાં કે ના તો એનું પૂતળું ગામને ચોરે કે પાદરે મૂકયું.

આ જ હકીકત સાબિત કરે છે કે ડોસો સાચા અર્થમાં લોકનાયક હતો. અને ગામવાસીઓ પણ સાચી જાગૃત પામ્યાં હતાં. એટલે જ ડોસાના મૃત્યુ પછી એના વારસદાર બનવાની હુંસાતુંસી વિના લોકોએ સંગઠિત રહી પહાડ ખોદવાનું કામ ચાલુ રાખ્યું. સાચા લોકનાયકને સાચા પ્રજાજનો તરફથી અપાયેલ સાચી શ્રદ્ધાંજલિ બીજી કઈ હોઈ શકે ?!

— હિરેન ગાંધી

તારીખ : ૧૨ નવેમ્બર, ૧૯૮૬

## હિંદુ મરો કે.....;          સાહિત્યિક ગોરનું તરભાણું ભરો!

[કે. કા. શાસ્ત્રીને ૧૯૮૬નો 'વિશ્વગુર્જરી એવોર્ડ' મળ્યો તે નિમિત્તે]

દોસ્તો !
જોઈ શું રહ્યા છો ?
તોડી નાખો આ તોરણોને, ફાડી નાખો આ ધજાપતાકાઓને !
આજે એ લોકોએ આપણને લપડાક મારી છે !
ક્રૂર મશ્કરી કરી છે આપણી !
આપણી આંખમાં ધૂળ નાખવાની ગંદી ચાલ ચાલ્યા છે એ લોકો !
આપણા જીવતર પર થૂંક્યા છે,
આપણાં સ્વજનોનાં મોતની ઠેકડી ઉડાડી છે એ કાયર હિંસાખોરોએ !
એ લોકો આજે નવાજવા બેઠા છે, ૧૯૮૬ના સૌથી બદમાશ કતલખોર,
સૌથી નીચ સાહિત્યકાર અને સૌથી ભયાનક બ્રહ્મરાક્ષસને
આપીને એવોર્ડ વિશ્વગુર્જરી !
વાહ ગુર્જરી ! ધન્ય ગુર્જરી ! કૃતકૃત્ય થઈ ગઈ !
ખમ્મા ખમ્મા તને, મારી રોળાયેલી, રગદોળાયેલી, ચગદાયેલી, વિંખાયેલી, પિંખાયેલી, ચૂંથાયેલી,
ચિરાયેલી, છેદાયેલી, વિંધાયેલી ગુર્જરી ! આજે તું ધન્ય થઈ ગઈ !
હવે, તારો આ જ ચહેરો દુનિયાના દર્પણમાં દેખાશે !
આજે તારી ચૂરેચૂરા થયેલી ખોપરી પર ધર્મધુરંધરોએ ચંદનનું તિલક તાણી આપ્યું છે–
ધન્ય થઈ ગઈ છે તું !
આજ પછી આપણી ગુજરાતનો, ગુજરાતી ભાષાનો, ગુજરાતની પ્રજાનો, સમસ્ત માનવજાતનો આ-આવો–
કોમવાદી ચહેરો પોંખવાનો છે આપણે ?!
આ જ નીકળ્યું આખા વરસનું સરકારી સરવૈયું ?!
જોઈ લીધો આપણે તો તંત્રની મેલી વિદ્યાનો ચમત્કાર !
વાહ ! કમાલ છે આ કોમવાદ પર સિક્કા–એ–સરકાર !
વાહ રે સરકાર !
આખા ગામના હડકાયા કોમવાદી કૂત્તાઓને ચાટવા રાખેલી એંઠી પતરાળીઓની ચાટ–વાહ !
કર દિયા કમાલ !
દોસ્તો !
આ નકશીદાર તામ્રપત્રો, જરિયાન શાલદુશાલાથી શું સાબિત કરવા માંગે છે એ લોકો ?–
–આપણે મૂરખ છીએ ? આંધળાં છીએ ? લાચાર છીએ ?
એક દિવસ ખુદ આ જ સરકારે જેને કોમવાદીનો સિક્કો મારેલો એ માથા વિનાના ખવીસને આજે
પાઘડી પહેરાવીને શું સાબિત કરવા માંગે છે એ લોકો ? –
–કે ૧૫૧મી કલમ, ગુંડાધારો અટકાયત એ બધું મારે ને તમારે માટે છે અને એમને માટે છે

આ એવોર્ડ ? !
દોસ્તો ! આ નફફટાઈ છે, નાગાઈ છે, આ જ હડહડતો ત્રાસવાદ છે !
–અને છાપાં ચૂપ છે.
છાપાં તો છકેલી છપ્પન છૂરી બની ગયાં છે : ઘડીકમાં આમ લટકો તો ઘડીકમાં તેમ ઠમકો –
ક્યારેક આને સલામ તો કદીક પેલાને મુજરો ...
ટી. વી. અને આકાશવાણી નામના સરકારી અંધાપા અને બોબડાપણાનો તો હવે કોઈ ઈલાજ જ નથી !...
અને સાહિત્યકારો ? – અરે, એ શાસ્ત્રીનાં સગલાં તો ખુશ છે સાલાં
–જુઓ જુઓ–ભૂત અને ભાવી વિશ્વગુર્જરી વિજેતાઓની પટપટતી પૂંછડીઓ અને લબલબતી જીભો
તમને નથી દેખાતી ?! ..
એમને તો આમેય એકબીજા માટે ચોવીસે કલાક સાબદા જ રહેવું પડે છે ! – ચાર કાંધિયા, દસત્રીસ
ડાઘુ, દોણીના દોરનાર એ અને ફૂંદંફૂંદા કરતા કદરદાન કિર્તનિયાઓની તો ક્યાં ખોટ જ છે ?
એ કરોડરજજુ વગરના કાનખજુરાઓ તો કાયમ ઠેરના ઠેર
એ લેનારા લોભિયાઓનું તો થઈ પડશે, મિત્રો !
પણ આ આપનારા ધુતારાઓની ધજ્જિઓ ઉડાડો હવે !
આ જ હડહડતો ત્રાસવાદ છે !
હડહડતો અન્યાય છે, દોસ્તો !
એક પલ્લામાં આપણું લોહી છે ને બીજા પલ્લામાં ગોમૂત્ર !
આપણા લોહીમાંસની આમ ઉઘાડે છોગ થયેલી હાંસી સાંખી લઈશું ? શા માટે ?
હજીય કંઈ મોડું થયું નથી...અફસોસ ના કરશો...
નિરાશાવાદી નપુંસકોની જેમ કહેશો નહિ કે, હવે શું ?
દૂધ તો ઢોળાઈ ગયું...
ના દોસ્તો ! દૂધ ભલે ઢોળાયું, ઢોળાયું છે તો એમના ભરાઇ ગયેલા ઘડામાંથી !
આ તો શરૂઆત છે !
આ તો શરૂઆત છે ફાસીવાદી તમાશાની !
અત્યારથી જ જાગો –
અત્યારથી જ એમના પગ ભાંગો –
અત્યારથી જ એમને પર્દાફાશ કરો –
નહિ તો......

—સરૂપ ધ્રુવ

**રચના વિશે...**

**શ્રી કે. કા. શાસ્ત્રી સંસ્કાર-પુરૂષ તરીકેના માન-અકરામ ઉઘરાવે, અને કોઇ એમની ટીકા કરે ત્યારે મુદ્દો એ બને છે કે એમણે આપેલા બંધના એલાનને કારણે જ્યારે કુડીબંધ લોકોના જાન જાય અને તે છતાં આ કહેવાતા "સંસ્કાર-પુરુષ"નું રૂવાડુંય ન ફરકે ત્યારે એમને ભ્રષ્ટ, સ્વાર્થી ને અધમ રાજકારણી જ ગણવા જોઈએ. "ઈન્ડીયન એકસપ્રેસ" ને આપેલી મુલાકાતમાં એમણે પોતાનો રથયાત્રા રસ્તા વિશે દુરાગ્રહ દોહરાવ્યો અને પોતાની નફટાઈ ગાઇ બજાવીને પ્રદર્શિત કરી.**

**સાહિત્યકારને પ્રજાના જાનમાલના રક્ષણ કે કાયદા-વ્યવસ્થાના પ્રશ્નોને અવગણવાનું લાય-સન્સ મળેલું હોય તો બાકીના જે સમાજને એ એલાનને કારણે વેઠવું પડયું હોય તેને એ સાહિત્યકારની ટીકા કરવાનો અધિકાર તો મળે જ છે.**

**હર્ષદ દેસાઇ**

તારીખ : ૨૩ નવેમ્બર, ૧૯૮૬

## જીવતરના વેપારને રોકો

રોકો, રોકો, સર્વનાશને, ખૂની અત્યાચારને રોકો !
ગૂંગળાવતા, ગળાં દાબતાં. ગોઝારા વેપારને રોકો !
કરે વેપલો અધિકારીઓ
બન્યા દલાલો વૈજ્ઞાનિકો
લોહી ચૂસતાં વકીલ—દાકતર
એક એક જણ ગજવાં ભરતો,
પરદેશી પૈસાની સામે જીલબ્બે સરકારને રોકો !
અંધ—પાંગળાં બાળક જન્મ્યાં
લોહી ટપકતી ગોદ ઉજડતી
વરસ વરસથી પાગલ, નિર્ધન
નારી આ ભોપાલમાં જીવતી
ઝેર શ્વાસમાં, ઝેર કૂખમાં, ઝેરીલા સંસારને રોકો !
લાશ ઊંચકતી લાશનો બોજો
બેકારીનો સવાલ મોટો;
ભૂખ પેટની, દુઃખ પેટનું
છાતી હાંફે, સળગે આંખો
ન્યાય તણા નાટકને રોકો-શોષણ પારાવારને રોકો !
ગઇ કાલે ભોપાલનો વારો,
આજ આપણો વારો છે;
સૂરજ આવતી કાલનો
તારે—મારે મન હત્યારો છે !
પ્રગતિ ને ઉદ્યોગને નામે જીવતરના વેપારને રોકો !

—સરૂપ ધ્રુવ
તારીખ ૨ ડિસેમ્બર ૧૯૮૬

**રચના સંદર્ભ :**

– બીજી ડિસેમ્બર, એ ભોપાલ કે ભારત માટે જ નહીં, સમગ્ર ત્રીજા વિશ્વ માટે કાળો દિવસ છે. ૧૯૮૪ના એ ગોઝારા દિવસે 'યુનિયન કાર્બાઇડ' નામની ભોપાલસ્થિત મલ્ટિનેશનલ કંપનીના કારખાનામાંથી ઝેરી ગેસ લીક થયો અને હજારો લોકો મૃત્યુ પામ્યાં. લાખો લોકોએ અંગો ગુમાવ્યાં. અસરગ્રસ્તોની પેઢીઓની પેઢીઓનું ભાવિ તે જ દિવસથી ધૂંધળું બની ગયું.
– આ ઘટનાનું એક વર્ષ પૂરું થયું ત્યારે કેટલીક સંસ્થાઓએ ભોપાલ સપ્તાહ નિમિત્તે ઠેરઠેર પ્રદર્શન અને શેરીનાટક દ્વારા લોકજાગૃતિનું કામ કર્યું. એ વખતે રજૂ થયેલ શેરીનાટક માટે આ ગીત લખાયું હતું.

## નવું ભણતર—નવું ગણતર

વાત ટૂંકીને ટચ છે. પણ અઘરી એટલી કે ન્યૂટન જેવા ન્યૂટનનું ય બિલાડું ફસાઈ જાય. અવાવરૂ ખાબોચિયા જેવા ભેજામાં પથરો પડ્યા જેવો ખળભળાટ મચી જાય અને ભેજાને છેક શેઢે સુઘડ રીતે ઓળેલા વાળ પણ ઘડીભરમાં આઇનસ્ટાઇનના છૂથરાંની જેમ ઉભા થઈ જાય. સૂર્યમંડળો, નક્ષત્રો, નિહારિકાઓમાંથી સતત સંભળાતા ઘોંઘાટ જેવો જ–હા એવા જ ઘોઘાંટનું રહસ્ય જાણવા ચારે દિશામાં લહેરાય. પછી તો મંડી પડે જ્ઞાનીઓ, પંડિતો અને ધુરંધરો...તોય ન ઉકલે ભેદ મ થન...ચાલે ગનાનનું રસોડું ધમધોકાર ભરાય પાછું જ્ઞાનનું ખાબોચિયું...બંધિયારપણું અકળ વેને ફરી પથરો પડ્યા જેવો સવાલ ડબકે ડબાક કે ફરીથી...

આમ તમારૂં 'શાંત નિશ્ચલ, નિર્વિકાર વિશ્વ' પળવારમાં તો ઘોંઘાટ, ઘોંઘાટ, ઘોઘટથી ભરાઇ જાય.

કહું છું ને, વાત બહુ નાની છે. પણ ભેજાનું બિલાડું ફસાય નહીં તો કહેજો...

આમ તો 'એ' બહુ ખંતીલો. મનોબળ તો એવું કે સીંદરીના વળની ઉપમા ય ઉણી ઉતરે. સાદો તો એટલો કે પોતાની વાતમાં છળ–કપટ હોય તો પોતાને જ ખબર ન પડે. ઘણીવાર તો પોતે બોલે એમાંથી પોતાને જ ઘણું બધું જાણવાનું મળે. ટાયરના ચંપલ, ઝભ્ભો–લેંઘો ખાદીનાં, ખભે લટકે બોજ જ્ઞાનનો. 'મહાત્મા' તો હૈયે એવા વસેલા કે હૈયું ધબકે કે મહાત્મા એ સમજવું ય મુશ્કેલ.

આવો 'એ,' નિરક્ષરોને સાક્ષરો બનાવવા પડ્યો મેદાને. ભણતર હોય તો.. શોષણ નાબુદ થાય વગેરે વગેરે પ્રેરણાસૂત્રો આંખમાં ભરી, કરૂણાથી છલકાતો ઝુંપડપટ્ટીમાં જાય. રોજ રાતે ગરીબ–ગુરબાનાં છોકરાઓને ભણાવે. ભણતરનો ચાલે ક્રમ.

"આજે શરૂ કરીએ ગણિત" એણે કહેલું ને કોણ જાણે થાકી પણ ગયેલો. એનું કારણ છે. છોકરાઓ મૂળે અપલખણા. પૂછ્યા જ કરે. '૧+૧=૨ જ કેમ ?" એક ટિખળીએ તો પાટીમાં એકડો બે વાર ઘૂંટીને બતાવ્યું. ૧+૧=૧ (**જાડો એક**) ને બધાં ખંખડી પડેલા. એ મૂંઝાઇ ગયેલો. તે દિવસે ૧ થી ૧૦૦ આકડા શીખવવાનો એનો મનસૂબો મનમાં જ રહી ગયેલો. છોકરાઓને ૧+ +૧+૧= વધુને વધુને વધુને વધુ '**જાડો એક** બનાવવામાં મજા પડી ગઈ. એને થયેલું એકડો ઘુંટવાનો' આખો ખ્યાલ જ આમાંથી આવ્યો હશે કદાચ.

બીજે દિવસે એ નિયત સમયે ઝુંપડપટ્ટી પહોંચ્યો. ત્યારે એક કૌતુક જોયું. પેલા શાહુકાર–વેપારીના પાછળ દોડતાં દોડતાં છોકરાઓ બોલતાં હતાં, "**જાડો એક ! જાડો એક** ! !

પડ્યો પથરો ડબાક...

એટલે જ તો થાકેલો. આ લોકોને સરવરળા નહીં આવડે તો ભાગાકાર, બાદબાકી, ગુણાકાર, ત્રિરાશી, પંચરાશી બધુ કેમનું આવડશે ? આ પળોજણુ તો બસ જાડા અને દુબળા એકના સરવાળાનો છેક જ ઈન્કાર કરીને બેઠી છે. શું થશે ભાવિ પેઢીનું ?

સમય વીતતાં મામલો ત્રિરાશી સુધી પહોંચ્યો ખરો એણે પાટિયા પર રકમ લખતાં કહ્યું : "આજે ત્રિરાશી શરૂ કરીએ," આંખોમાં રોજનું તોફાન લઈને છોકરાઓ શીખવા લાગ્યા. ત્રિરાશીની રીત રસમ સમજાવી, બે ત્રણ નમૂનાના દાખલા કરી બતાવી એણે છોકરાઓ પાસે એક દાખલો મૂકયો :

"લખો અને ગણો–એક કિલો તેલના રૂ. ૨૦/– થાય તો ૧૦૦ ગ્રામ તેલનું શું ?"

આમ તો એક કિલોના ગ્રામ કેટલાં ને કેટલાં ગ્રામનો એક કિલો બધુંય સમજાવેલું પણ આજે નવી આફત

જેવો પેલો ઓથમીર એની સામે ધુરક્યો, માથું ખંજવાળતો બોલ્યો. સાહેબ, આ દાખલો અમારો છે જ નહીં."
એને નવાઈ લાગી, દાખલામાં તે વળી અમારું-તમારું હોતું હશે ? એણે ધીરેથી કહ્યું, જો, દોસ્ત ! આ ગણિતનો દાખલો કહેવાય. એમાં અમારું-તમારું ના હોય, હું કહું છું-શીખવું છું એમ કરીશ તો આપો-આપ સમજાઈ જશે."
"પણ સાહેબ, મારી મા મને કયારે ય કશું ય સો ગ્રામ ખરીદવા મોકલતી જ નથી. ખાલી પચાસ પૈસા જ આપે છે. એમાંથી મરચું, મીઠું, તેલ, ગોળ...સમજ્યા સાહેબ ?.. આ તમારો દાખલો અમારા ભેજામાં ઉતરે એવો નથી..."
એ કંઈ જવાબ આપે એ પહેલાં બીજો ચબરાક વચ્ચે કૂદી પડ્યો, ' સાહેબ, એ છે જ સાવ અડબૂથ, એને નહીં આવડે. હું પેલા શેઠને ત્યાં કામ કરવા જાઉં છું, એટલે મને ખબર છે. શેઠાણી જોડે ખરીદી માટે જાઉં ત્યારે એ દસ કિલો તેલ, પાંચ કિલો ખાંડ, વીસ કિલો ચોખા એવું બધું ખરીદે. એ પૈસા ચૂકવે ને હું ગણિત ગણું છું. "જરૂર હોય એટલું ખરીદવા કેટલા પૈસા જોઈએ ?"
"પણ સાહેબ...જંપે તો ઓથમીર શાનો ?" મારે એ જ કહેવાનું છે કે આ કિલોને ગ્રામવાળો દાખલો તો જેઓ જરૂર મુજબ ખરીદી શકે એમનો છે. અમારે તો હોય એટલામાં જ હોળી ને દિવાળી...'
એણે ઘણુંય સમજાવવા પ્રયત્ન કર્યો પણ ઓથમીરના સાગરીતોય માથું ખંજવાળતા બોલ્યા, "ઓથમીર સાચું કહે છે."
"સારું, તમારી રીતે દાખલો ગણીયે .." એણે રકમ બદલી નાંખી.
૨૦/ રૂા. એટલે કે ૨૦૦૦ પૈસાનું એક કિલો તેલ મળે તો ૫૦ પૈસાનું કેટલું તેલ મળે ?
એ રકમ પૂરી લખે એ પહેલાં છેલ્લી હરોળમાં બેઠેલો ટેણિયો જોરથી બોલ્યો, "વાણિયો આપે એટલું."
એને ધરતી રસાતાળ જતી લાગી. ડોળા કાઢી એણે છોકરાને તતડાવ્યો. "કેમ તોફાન કરે છે ?"
છોકરાએ તો એ જ નિર્દોષભાવે, ધીમા તથા સ્પષ્ટ અવાજે ઉમેર્યું "સાહેબ, હું ખોટું નથી કે'તો, પૂછી જુઓ બીજા બધાંને..."
ને કોરસ ચાલુ થઈ ગયું, "હા, હા સાહેબ, ટેણી સાચું કહે છે, વાણિયો આપે એટલું જ મળે."
એકાએક એને દુ:ખ થઈ આવ્યું. આ આખી વેજાને કડવું ઝેર પીવડાવવામાં આવ્યું છે.—નફરતનું બિચારો વાણિયો ! ત્રણ-ચાર વાર વાણિયો વાણિયો થતાં એને 'પૂજ્ય બાપુ'નું સ્મરણ થઈ આવ્યું ને અચાનક કોઠાસૂઝ કામ આવી. ('બાપુ'નું સ્મરણ અને કોઠાસૂઝ થવી એ યોગાનુયોગ જ ગણવો).વાત વાળવા એણે પૂરતી નરમાશથી છોકરાઓને સમજાવ્યું કે આ દાખલા પ્રમાણે કેટલું તેલ મળે એ જોઈએ. પછી તમે વાણિયા પાસે એટલું તેલ માંગજો જ.

| પૈસા | પૈસા | | કિલો | |
|---|---|---|---|---|
| ૨૦૦૦ | ૫૦ | } | ૧ | $\frac{૧ \times ૫૦}{૨૦૦૦} = \frac{૧}{૪૦}$ |

છોકરાઓના સવાલો અને કોરસને કારણે કે ગમે તેમ પણ કિલોના ગ્રામ કરવા રહી ગયા અને જવાબ આવ્યો એક ચાલીસાંશ ! જવાબ અપૂર્ણાંકમાં આવ્યો. એ કરતાં હવે છોકરાઓને સમજાવવું કેવી રીતે ? એ વિચારતાં એ મુંઝાયો. છોકરાઓ તો બાઘાની જેમ એક-બીજા સામે તાકી રહ્યા ને કાયમ ચૂપ રહેતા એક ઢ એ આંખો કાઢીને પૂછ્યું, જાડા એકની નીચે ૪૦ કેમ મૂકયા સાહેબ ? થોડું ખી.. ખી...ખી ..
પણ પેલા ઓથમીરની આંખો તો એની સામે જ મંડાયેલી હતી. એનાં ઝીંથરા હવે આઇનસ્ટાઇનને શરમાવે એવા જણાતા હતાં. એની રાંની બિલાડા જેવી આંખો ઉંદર ઝડપવા મંડાયેલી હોય એમ ઝીણી થઈ. એ સટાક દઇને ઊભો થયો ને બોલ્યો, "સાહેબ, મારા બાપુ, બિમાર મા, બે બહેનો, એક કીકલો અને હું, અમારા ઘરમાં અમે છ જણા ખાવાવાળા. બાપુ દિવસના આઠ કલાક કામ કરી

રૂા. ૩/-કમાય છે ને કહે છે કે જો રોજના રૂા. ૧૨/-કમાઇ શકે તો બધાને પેટ પૂરતું ખાવાનું મળી રહે. તે હેં, સાહેબ, મારા બાપુએ એક દિવસના રૂા. ૧૨/- કમાવા માટે દિવસના કેટલા કલાક કામ કરવું જોઈએ ?"

ઓથમીરના ભેજામાં જાણે એક સામટી ૩૬૫ સાંઢણીઓ દોડી ગઈ હોય એમ ખૂબ જ ઝડપથી નવો સવાલ પૂછીને બેસી ગયો.

ઘડીભર એને થયું કે આ ત્રિરાશી ન આવડતો છોકરો પંચરાશીમાં સવાલ પૂછે છે. વાહ ! બાકી છે, રામાનુજન ! જિનીયસ ! પણ એ ઝાઝું વિચારી ન શક્યો, કારણ કે છોકરાઓમાં ગણગણાટ થવા લાગ્યો. આનાકાની છતાં આખરે એણે ઓથમીરનો દાખલો, માત્ર જવાબ મળે એ હેતુથી ગણવો જ પડ્યો.

એક દિવસના રૂા. ૩/- કમાવા માટે ૮ કલાક કામ કરવું પડે તો એક દિવસના રૂા. ૧૨/- કમાવા માટે કેટલાં કલાક કામ કરવું જોઈએ ?

જવાબ આવ્યો : બત્રીસ કલાક ! !

એનાં ગાત્રો . શિથિલ થઈ ગયાં. 'બારો એક' ને' એક દિવસના બત્રીસ કલાક–બે શબ્દો એની સામે ઘૂરકવા લાગ્યા. એણે છોકરાઓને સમજાવવા પ્રયત્ન કર્યો, "જુઓ, ગણિત આમ ન ભણાય. હું ભણાવું તેમ જ ભણાય નહીં તો જીંદગીભર તાળો ન મળે. દિવસના બત્રીસ કલાક તે હોતા હશે ? જવાબ ખોટો છે કારણ કે સવાલ જ ખોટો છે. તમે અહીં માત્ર ભણવા આવો છો, તમારા સવાલો ઉકેલવા નહીં, સમજ્યા ? !"

હવે ઓથમીર ફાટી પડ્યો, "સાહેબ, સવાલ સાચો છે અને જવાબે ય સાચો જ. હવે અમને બરાબર સમજાય છે કે એક દિવસના રૂા. ૧૨/- કમાવા માટે બત્રીસ કલાક કામ કરવું પડે. મારા બાપુ 'તમારા ગણિત' મુજબ કામ કરે છે. એટલે જ એમને ટી. બી. થયો છે. ટેણિયાનો જવાનજોધ ભાઈ મજૂરી કરતાં કરતાં શા માટે ઉકલી ગયો એય હવે સમજાય છે ! અને હા, તમારું ગણિતેય હવે અમને થોડું થોડું સમજાય છે !"

એના આખા શરીરમાંથી ભયની ધ્રૂજારી પસાર થઈ ગઈ. એણે સમાજમાં તો બે જુદી જુદી દુનિયા જોઈ હતી, પણ ગણિતમાંય ..? ગણિત જેવા શાસ્ત્રીય વિષયમાં પણ બે જુદી જુદી દુનિયા છે એ તો એને આજે જ સમજાયું. એને લાગ્યું કે પોતે ભણેલાં બધા જ શાસ્ત્રોને ઉધઈ લાગી ગઈ છે. અને તેની સામે મંડાયેલી છોકરાઓની આંખોમાંથી જૂના દેશી હિસાબની જેમ એ 'ચાલી'માંથી સરકી ગયો ને 'નેશનલ હાઈ–વે' પર ચાલવા લાગ્યો.

—કર્દમ ભટ્ટ

તારીખ. ૧૦ ડિસેમ્બર, ૧૯૮૬

*** બારીન મહેતાના મૂળ કથાવસ્તુને આધારે**

*** 'પ્રતિબદ્ધ'ના ૨૫ માર્ચ, ૧૯૮૮ના અંકમાંથી સાભાર.**

*** દોસ્તો, વાર્તા સ્વયંસ્પષ્ટ અને સરળતાથી સમજાય એવી છે, છતાં જેટલી વાર વધુ વાંચશો, એટલીવાર વધારેને વધારે સમજાતી જશે.**

## પછી કે'તા નૈં

હવે
હાંઉ કરો હાંઉ
એમ કાંઈ કોમ્પ્યુટરોની ચાંપુથી
ગરીબોની ચામડીના ટેભા નો લેવાય, મારા ભા !
જરીકે ય પોરો કે સા' ખાવા નો મળે
એવી લૂ ઝરતી જિંદગીમાં
અમથા અમથા દેતવા કાં હોમો, બાપા !
એનો બચારાનો ઈ જ ગનો ને
કે એને બંધારણે બાંધ્યો
ને સંસદે જોતર્યો
એમ તો આદિવાસીની ઝૂંપડીમાં
જારનો રોટલો ને છાશ તો ઘણા ય લે,
પણ આદિવાસીનો જંગલનો હક
અપાશે ને પાધરોક
તે એને છત્તર તો મળે !
ઈ તો કરવું નથી.
ને કરે એને સાંખવા નથી
લો, ત્યારે જુઓ :
ચાય ચારે પા ભૂખનાં ભજન રખડે છે
ને એને ગાનારા ય પાવલીના પાંચ મળે છે.
પણ ભૂખ ભાંગવાની વાત કોરાણે મેલી
ભૂખનાં દર્શન, કારણ ને ઉપાયોના કથા માંડી
એ ય તે ભાગનો ભાગ
ને લાગનો લાગ
અખબારોએ છાપી દીધું
ટીવીએ દેખાડી દીધું
કે પત્યું
વિધાનસભાનો જેજેકાર
લોકસભાનો ખરડો પસાર
ને પાંચ વરહમાં બેડો પ.ર...
એ આ આવ્યો યોજનાઓનો સાતમો વાયરો
જે વાય
જે વાય
કે આકાશવાણીએ બોલવું જ નો પડે !
ટીવીએ દેખાડવું જ નો પડે
ને અખબારોએ છાપવું ય નો પડે
આંકડાઓના આંકડા
ઊડયા જ કરે
કાશ્મિરથી કન્યાકુમારી સુધી
ને જ્ઞાનીઓ જે ગોથાં ખાય
જે ગોથાં ખાય
ને માળા ઉકેલે ય ખરા :
'વાહ, વાહ, શું વિકાસ છે,
શું વિકાસ છે !'
અને, મારા ભા,
આ ઉઘાડાં શરીરોની પાંસળીયું તો ગણો
યોજનાઓનો 'યો'
મગજનું ગુમડું થઇ જાય
એટલી તો એમાં વેરાયટી છે !
પણ ફુરસદ છે જ કયાં ?
મંદિરોનાં પગથિયાં પછી કોણ ગણશે ?
હવાઈ સફરોનાં લેખાંજોખાં પછી કોણ કરશે ?
લોટરીની ટિકિટોના ડ્રો પછી કોણ ખેંચશે ?
હેં ?
શું કીધું ?
આ બધું બકવાસ છે ?
ઓઝપના બળાપા છે ?
એદીનાં ચળવીતરાં છે ?
દૂધમાંના પોરા છે ?
કયો, બાપલા, કયો !
કહી લો,
જીભે જે ચડે તે
પણ યાદ રાખજો, મારા વાલીડા !
કે આઝાદી કોઈની બંદી નથી.
ને ગુલામી કોઈની સગી નથી !
પછી કે'તા નૈં કે
કીધું નો'તું, હા.....! ! !

**બારીન મહેતા**

તારીખ : ૨૦ ડિસેમ્બર, ૧૯૮૬

દોસ્તો,

આપણામાંના લાખ્ખો મિત્રો–જેઓ જન્મ પછીના પ્રથમ રૂદનથી માંડી છેલ્લી ઘડીનો છેલ્લો શબ્દ ગુજરાતીમાં જ કાઢે છે–એમને ખબર નથી. કે 'બંધ મિલોના શહેર અમદાવાદમાં સાબરમતીના કિનારે આશ્રમ રોડ પર એક 'ગુજરાતી સાહિત્ય પરિષદ' નામની સંસ્થા ચાલી રહી છે. આપણને એની ખબર ન હોય તેમાં વાંક આપણો જ હોવો જોઈએ, કેમ કે આ સંસ્થા છેલ્લા એક્યાશી વરસથી કહેવાતા સાહિત્યકારોની વફાદારીપૂર્વક સેવા બજાવતી રહી છે.

આ સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે આપણે ખાસ જાણતા નથી; એ શું રાંધે છે, બાફે છે, તળે છે કે શેકે છે એ જાણવાનો આપણને અધિકાર નથી એવું એ સંસ્થાના કર્તાહર્તાઓ માને છે. એમની દલીલ એવી છે કે આપણે સાહિત્યને સમજવા માટે 'સજ્જ ભાવકો' નથી.

ખેર, મુદ્દાની વાત. આજથી ત્રણ દિવસ માટે દુષ્કાળગ્રસ્ત સૌરાષ્ટ્રના અમરેલી ખાતે આ સંસ્થા એક રસોડું (ભૂખ્યા લોકોને ભોગે ગનાન પકાવવા) ખોલવાની છે. એટલે કે એક 'જ્ઞાનસત્ર' (દોસ્તો બોલતાં ના ફાવે તો 'ગનાન સત્તર' બોલવાની છૂટ) યોજી રહી છે. આવાં માંડવા એ દર એકાંતરે વરસે બાંધે છે. (કહેવાતા સાહિત્યકાર મિત્રો, તમારામાંથી જે અકાદમિયા હશે તે ખુશ થશે; પણ થોભો ! શેઠિયા કે સરકાર વચ્ચે અમે કોઈ ભેદ નથી પાડતા)

આવા કેટલાક માંડવાની હવા ખાઇ આવેલા સરૂપબેન એ વિશે કશુંક કહેવા માંગે છેઃ– લો વાંચો, અને વંચાવો અને...? ! અને બીજું તો શું, સાહિત્ય પરિષદની ઇંટો પરથી શેઠિયાઓએ ચઢાવેલો સોનાનો ઢોળ ઉખાડી ઇંટોનો અસલ લાલ રંગ પાછો લાવવા મંડી પડો.

—હિરેન ગાંધી

## છમકલાં
## એક શેર

ભરો, ભરો ! જ્ઞાનસત્રો–સભાઓ !
અધિવેશનોના કરજો ઠઠારા;
ભૂખ્યા જનોની મુક્કી વિંઝાશે;
સબૂત નહિ રે' ગન્યાની ગબારા !

## એક છપ્પો

'ધારમિક' પરમુખ, 'મારમિક' સહુ !
ડાંપણુ ડોળવા ચાલિયા બહુ !
ખોદશે મડદાં, કરશે ચરચા,
જીવતાં જણમાં, એમને ન શરધા !
લખશે અધરું, બોલશે મધરું,
વાહ રે વાહ ! આ કેવું કાવતરું !

## એક હાઈકુ

આ ધ્યાનબ્હેરી
    સાહિત્ય પરિષદ
મૂંગી ન શાને ?

સરૂપ ધ્રુવ

## ચેત, ગુજરાતી ! ચેત !

છંદ : મનહર
('ઊંટ કહે આ સભામાં–'નો ઢાળ)

અમરેલી શહેર માથે જ્ઞાનની ચડાઈ છે
રહ્યાં સહ્યાં લીલાં ઝાડ સૂકાશે એ બીક છે !
પાણીના દેકારા વચ્ચે, વાણી વહેશે ધડેડાટ
તરસ્યાં ને ભૂખ્યાં સામે ભાષણોની ઝીંક છે !
એ બધાં સાહિત્યકાર ! એમને શી દરકાર ? !
આપણી પીડા તો એ સહુને મન–'ઠીક છે' !

ભાષાબાજી નામે એક જીવલેણ રોગ થકી
કહેવાતા સાહિત્યની તો માંદી–ફિક્કી કાય છે,
લથબથ લાગણીથી ખખડે છ ફેફસાં, ને
ભારેખમ શબ્દોથી અજીરણ થાય છે !
પ્રકૃતિ–પ્રભુ ને પ્રેમ–ભલે લાગે હેમખેમ,
જાય છે અંતિમ શ્વાસ, ઘડીઓ ગણાય છે !

જોષીથી તે જોષી * તોયે ભાખવાને ભેગા થયા,
જીવનથી દૂર બેઠા, ઠાલા લાળા ચાવશે !
એ જ લખે, વાંચે એ જ, સમજે ય એટલા જ;
સામસામી જોખશે ને સામસામે પોંખશે !
ગાંગરે ગન્યાંનગાય, દોહી લેશે માંહોમાંહ્ય;
આપણે માથે તો ખાલી હાંડી બસ, ફોડશે !

---

* ઉમાશંકર જોષી થી વિનોદ જોષી

એકાંતરે–એકાંતરે માંડવા આ કોને માટે ?
લોક ક્યાં છે ? કોણ છે ? શું કરે છે ? ક્યાં ભાન છે ?
રેલાયાં છે લોહીમાંસ, હોમાયાં છે ઘર-બાર;
બેકાર ને દા'ડિયાંનાં રોળાયેલાં ધાન છે.
ભીંસાય છે મધ્યમવર્ગ, વિદ્યાર્થીઓ વેડફાય;
રૂંવાડુંયે ફરકે ના; (આ) કેવું અપમાન છે ? !

ચેત, ગુજરાતી ! ચેત ! વેચી ખાશે આ દલાલો;
તારી છે આ ભાષા અને તારો અધિકાર છે !
કાં તો હવે મૂંગા મરે; કાં તો કરે વાત તારી;
જડ ને જરઠ આ જમાતના શા ભાર છે ?
કહે 'અગનાની' એક. ટેક તમે રાખો નેક,
ના મળે તે, ઝૂંટવીને લેવામાં જ સાર છે !

સરૂપ ધ્રુવ
તારીખ : ૨૬ ડિસેમ્બર ૧૯૮૬

## સમાનતાની દિશા

આ સંસદીય સત્તા
ઇંડા-ખીમાની લારી પર સર્વિસ આપતા
બદરૂના બેટાને
હોટલમાલિક બનવાનો મોકો આપતી નથી,
કે થિયેટર પર ઠંડું પાણી વેચી ખાતા
બાબુના બેટાને
આઇસ ફેક્ટરી ઊભી કરવાની તક આપતી નથી.
પણ ગુંડાધારામાં પકડાયેલો બુટલેગર
પ્રત્યેક ટંકે જેલમાં
ફાઇવસ્ટારનું ડીનર લઈ શકે છે
ને તિહાર જેલમાં સજા ભોગવતો દાણચોર
ગુજરાતનો મુખ્યમંત્રી રાજીનામું આપવાનો છે
એવી બાતમી મેળવી શકે છે.
પછી બાળમજૂરની વ્યાખ્યા કરનારાં
ભારતીય ભેજાંબાજો ભલે કહેતા હોય
કે અમે ઓજારો ઘડીએ છીએ.
પણ સિનેમાની ટિકિટ વેચી ખાતો હુસેન ચીડીમાર

કે દારૂના અડ્ડા ઉપર પૌઉં વેચતો દીનુદાઢી
સુપરે જાણે છે,
કે એકસો એકાવન, મીસા કે કોફેપોસા
માત્ર પોલિસ અમલદારો માટે
ખાનગી પગાર વધારો છે
ને વકીલો માટે વધારાની આવક.
એકલપેટા ભારતીય ભેજાંબાજોને
અસામાજિક કે સમાજવિરોધી વચ્ચે
ભેદરેખાની ભૂંગળ વગાડવાનું સૂઝતું નથી.
એટલે જ દાણચોરીનું રણ ખેતર બનતું નથી
ને દાદાગીરીના દેશને સરહદો નડતી નથી.
શ્રમજીવીના પેટને
લશ્કરી છાવણીઓમાં વહેંચી ખાનારા
ને સત્તામેધમાં રચ્યા પચ્યા રહેનારા
એ લોકોની યોજનાઓ મહદ્અંશે
ભવિષ્યની બેરરબોન્ડ યોજનાઓ છે
એટલે જ કહું છું બાબુ,
પરમાર–પટેલ કે હિંદુ–મુસલમાન બનતું રહેવા દે
માણસભૂમિ અયોધ્યાને
એકલા રામની ભૂમિ બનાવવા
સહકાર ના આપ
પ્રત્યેક અયોધ્યાવાસી અયોધ્યાસ્વામી બને
એવી માંગણી બુલંદ કર.
પ્રત્યેક ભારતીય ભારતસ્વામી બને
એવી માંગણી બુલંદ કર.
પણ આ સરકારી સીમેન્ટથી
સમાન–કોડની બિલ્ડીંગો રચવા
તબરકાં ઊંચકવા રહેવા દે,
એનાથી બિરલા, બદરૂ કે બાબુની આવક
કે વિચારધારા કયારેય સમાન નહીં થાય.
દલિતવંચિતની તરફદારી જ
સમાનતાની દિશા છે.
એટલે આ ભારતીય ભેજાંબાજોને
માનવીય રસ્તે સમજાવી દે
કે મજૂરોને પૂરતું વળતર આપો.
માલિકોની સરપ્લસ કાપો.

**—મૌન બલોલી**
તારીખ : ૨૮ ડિસેમ્બર, ૧૯૮૬

# હું, તું અને પેલો

હું નથી આયાત થયો અફઘાનિસ્તાનથી
કે નથી આયાત થયો તુર્કસ્તાનથી,
દોસ્ત, હું આ જ ભૂમિમાં પાંગરેલો અદનો આદમી છું.
એ લોકોના હાકોટા હોબાળાથી મારાં રૂંવાડા ધ્રૂજી ઉઠે છે ક્યારેક—
પણ પળ-બેપળ,
કેમ કે આખરે એ રૂંવાડા નથી,
આ ધરતીને ધાવીને ફૂટેલા અંકુર છે.
એમના કુહાડાની ધાર ગમે એટલી તીક્ષ્ણ હશે તો ય
આ ધરતીમાં રોપાયેલા મારા પગ
એ લોકો ક્યારેય કાપી શકવાના નથી;
કે બળવાન હશે એમના હાથ
પણ મને મૂળસોતો ઉખેડી શકવાના નથી
એ લોકો ચડ્ડી, ધોતી કે પેન્ટ-ગમે તે પહેરે છે
ને તોય નાગા છે.
એ લોકોના ત્રિશુળ પર ફરફરતો ભગવો ભાળી
તું હરખાય છે—
ખરેખર એ લોકો દેશપ્રેમી છે.

તારા ને મારા હાથમાંથી ઉફેલાઇ
ખાનગી તિજોરીમાં જકડાયેલી
અને જાહેર તિજોરીમાં ઠલવાયેલી
પાઈ પાઈથી પેદા થયેલા એ લોકો
દવ લાગીને બળતા વૃક્ષને છોડી જતાં પંખીઓ જેટલા પણ
ઈમાનદાર નથી.
એમને ફૂટેલી પાંખો
એમને પારકી ભૂમિના એરપોર્ટ પર ઉતારે છે અને—
એમનું 'મેઈડ ઇન ઇન્ડિયા' બ્રેઈન
વૈતાળની જેમ
પારકી સેવામાં હાજરાહજૂર રહે છે.
ખરેખર એ લોકો દેશપ્રેમી છે.

આમ તો એમના બે જ હાથ દેખાય છે,
પણ સહસ્રાર્જુન છે એ લોકો
એમના હજાર હજાર હાથથી ફલેચે જાય છે આ દેશની રસાળ માટી,

અને આપણને મૃગજળ દેખાડી
એમણે જ સર્જેલા રણની અંતરિયાળ ભટકાડી દે છે.
ખરેખર એ લોકો દેશપ્રેમી છે.

એ લોકો ચીતરે છે એ ચોપડા નથી,
કરોડ કરોડ બગલાઓની ચાંચ ભેગી કરતાં ય
સપાટીને ન પહોંચે એવા કૂવા છે;
એમાંથી જન્મે છે—મંદિર, ફાઈવિસ્ટાર અને ઘણુંબધું
અને પાછા એ બિલાડાઓ
યોજના, મુદ્દા અને બજેટની તાસકમાં થોડુંક રેડી
આપણને મનભેર નિમંત્રે છે
ખરેખર એ લોકો દેશપ્રેમી છે.

એમના કૂવા અકબંધ રાખવા
પેલાને તો એમણે રાખ્યો છે વનવગડામાં જ,
મારી છાતી સામે તાકે છે ત્રિશુળ,
ને તારા કૂવામાં રેડે છે કેરોસીન
બળે છે તારું ગળું, તારું પેટ, તારું જીવતર.
પોતાના તમામ કૂવા પવિત્ર રાખવાની
એ લોકોની તમામ રીતો ઉમદા છે.
ખરેખર એ લોકો દેશપ્રેમી છે.

એ લોકોમાંના કેટલાક તો હિમાલયની કેડી–કેડીની,
ને ગંગાના વળાંકેવળાંકની,
ગુજરાતની ગલી ગલીની ને કેરાલાની કૂંચી કૂંચીની
'બ્લ્યુ પ્રીન્ટ' પાડતા કેમેરા છે,
જે વિદેશી ઝોળીમાં જ છુપાઈ રહે છે.
અને મને —
પરદેશી આંખ કહીને વગોવે છે.
ખરેખર એ લોકો દેશપ્રેમી છે.

... લોકોનાં પાણીને ય કાપે એવાં ચપ્પાં
હજીયે એટલાં જ ધારદાર છે જાણે
એ લોકો કાપતા જ જાય છે આપણને, કાપતા જ જાય છે.
એમને મન આપણે અમીબાનો જીવનરસ છીએ.
એટલે જ ટુકડા કરીને એમની અનુકૂળતાએ
એક ટુકડાને બીજા સાથે, ત્રીજાને છઠ્ઠા સાથે, ને ચોથાને બારમા સાથે જોડે છે,
ને ફરી પાછા કાપે છે, ફરી પાછાં ક્રમ બદલીને જોડે છે.
એમની ખુરશીઓના પાયાના પોષણ માટે
ને આપણા ભૂખ્યા આંતરડામાં વલવલતી આપણી ભૂખી ભોમકા,

ગળે આવીને ખોંખારે ત્યારે—
વિશ્વભાગલાવાદી ને થીંગડાવાદી પરિષદના એ પ્રણેતાઓના થનગનતા કૂચડા
આપણા ચહેરા પર લાલ, લીલાને વાદળી રંગના લપેડા ચીતરી દે છે.
ખરેખર એ લોકો દેશપ્રેમી છે.

આવ દોસ્ત, આવ,
ભલે દેશપ્રેમી ગણાતા એ લોકો,
દેશપ્રેમ એમનો ઇજારો નથી એનું ભાન કરાવીએ આપણે
એ લોકોને આપણી રીતે.
આવ, આપણે એકમેકને ભેટીએ,
ડર નહીં દોસ્ત, ડર નહીં—હું નથી અફઝલ કે તું નથી શિવાજી
મેં નથી ભાળ્યું મયુરાસન કે તેં નથી ભાળ્યું સિંહાસન,
હું નથી એમ. એલ. કે તું નથી એમ. પી.
ને પેલો તો હજી માંડ ફરકયો છે આ બાજુ.
ચાલ દોસ્ત, ચાલ,
ભલે કાળી હવાથી ખલાસ થયા હોય તારાં ફેફસાં—
તારી સાથે ખેતરના ખોળે રમતો તારો ભાઈ છે.
ને દોસ્ત, તું પણ ચાલ—
આ ઝાડ ચીરવા છોડ,
ને બુઠ્ઠી કુહાડી ફેંક.
જો, મારી ધમણ
હવે આગ પેટાવવા આતુર છે.

— સાહિલ પરમાર
તારીખ : ૯ જાન્યુઆરી ૧૯૮૭

*** રચના સંદર્ભ :**

– દલિત, મુસ્લિમ, આદિવાસી એકતાના સંદર્ભમાં આ કાવ્ય રચાયું છે.

# વાયુ પ્રવચન

હવે
આડત્રીસ વર્ષ પછી
સંબંધકર્તા તમામ શખ્સોને
એ જણાવવામાં આવે છે કે
ઘર–એ પરીકથામાં આવતી
કલ્પના માત્ર છે.
અને સરકાર
નક્કર નિયમો, પરિપત્રો તથા
બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતો
દ્વારા ચાલે છે.
લોકોની કલ્પના અને સરકાર
જુદી જુદી રીતે કામ કરે છે.
વળી
સમગ્ર વિશ્વ આપણું ઘર હોઈ
'વસુધૈવ કુટુમ્બકમ'ની ભાવના
સફળ બનાવવા કેટલીક ક્ષુલ્લક
સંકુચિતતાનો ત્યાગ કરવા
લોકોને ભારપૂર્વક અપીલ કરવામાં
આવે છે.
રોટી અંગેના કેટલાક વિવાદનો
ખુલાસો કરવો જરૂરી છે.
તે નસીબના ખેલ અને અમેરિકાની
સીધી મહેરબાનીનું પરિણામ હોઈ,
વિદેશનીતિને લગતા આ પ્રશ્નમાં
સામાન્ય નાગરિકને માથું નહીં મારવાની
આથી સૂચના આપવામાં આવે છે.
કપડાં વિશે સામાન્ય લોકોને
કેટલીક વખત અમુક તત્ત્વો દ્વારા
બહેકાવવામાં આવતા હોવાનું
સરકારની જાણમાં છે જ.
આ અંગે સ્પષ્ટ જણાવવાનું કે
કપડાં–એ ભારતીય સંસ્કૃતિની
ભવ્ય ઋષિપ્રણાલી વિરુદ્ધનું કાર્ય છે.
અને તે અંગે લોકોએ પોતે જ
અનિવાર્ય જાગૃતિ દાખવી
તેની પાછળ રહેલા
વિદેશી હાથને ઓળખી લઈ,
ખોટી રીતે ન દોરવાઈ જવા
અનુરોધ કરવામાં આવે છે.
લોકોને આ સાથે ફરી વિશ્વાસ
આપવામાં આવે છે કે–
પારાવાર મુશ્કેલી, બાહ્ય આક્રમણનો
ભય, તથા આંતરિક અશાંતિ છતાં
સરકાર
તેના ઉક્ત ત્રણ સિવાયનાં
તમામ વચનો પરિપૂર્ણ કરવા
કટિબદ્ધ છે.
અને તે દિશામાં
નોંધનીય પ્રગતિ કરી રહી છે.
આડત્રીસ વર્ષના અવિરત
પરિશ્રમ પછી,
આજે સમગ્ર દેશ
વિશ્વમાં ઉન્નત મસ્તક થઈ રહ્યો છે.
જે પ્રજાસત્તાક ભારતના તમામ
નાગરિકો માટે ગૌરવપ્રદ હકીકત છે.
સંરક્ષણ ક્ષેત્રે વધુ સરંજામ,
જાહેર સાહસોના જંગી ઉત્પાદન,
અણુવિદ્યુતની સવલતો,
તથા
જીવન ઉપયોગી ચીજવસ્તુઓની
નિકાસ દ્વારા પ્રાપ્ત થતું
કિંમતી હુંડિયામણ
આપણા પાયાને વધુ મજબૂત
કરી રહ્યું છે.
આ તકે
ખોટા પ્રચારથી ન દોરવાઈને
શાંતચિત્તે
ધૈર્યથી અને
નિષ્ઠાપૂર્વક
દેશની 'અખંડિતતા' અને 'એકતા'
જાળવી રાખીને
'શ્રમ એવ જયતે'ને જીવનમંત્ર બનાવી
દેશના વિકાસમાં લાગી રહેવાનો
આથ આદેશ આપવામાં આવે છે.
જયહિન્દ.

—જનક ઉચાટ

તારીખ : ૨૬ જાન્યુઆરી ૧૯૮૭ (પ્રજાસત્તાક દિન)

## "માળું બેટું જબરું !"

[આવીને ગયેલી અને આવનારી ચૂંટણીઓ વિષે]

'ભેટ' મળેલી સાડીમાં સજ્જ ને પવાયેલ મહુડાથી મસ્ત
એવાં જીવલી ને છનિયો
નીચાં નમતાંક ને ઘરની બખોલમાંથી નીકળે છે.
સાથે ખાદીધારી, ધોળી ટોપીધારી અંગરક્ષકો છે.
-રખેને, મળેલો શિકાર છટકી જાય !
ચૂંટણી ટાણે જ
'બનાવટી અપહરણ' યોજવા
અમદાવાદની જ ફ્લાઈટને પસંદ કરવાની
બુદ્ધિ દોડાવી
લોકોનું વશીકરણ કરવાની બનાવટ કરનારાં
પી. સી. સરકારોની માલિકીની
સ્ટાન્ડર્ડ-૨૦૦૦
બહાર વાટ જોતી ખડી છે.
બીજો ટોપીવાળો, આજ પૂરતો ચપરાસી,
ઝૂકી ઝૂકીને દરવાજો ઉઘાડે છે.
ને આજ પૂરતાં બની ગયેલાં
'માનવંતાં' જીવીબહેન અને છગનભાઈ
એમાં સન્માનપૂર્વક ગોઠવાય છે.
જીવલીનો હરખ માતો નથી :
"માળુ બેટું જબરું"......
..ને આંગળીએ ટીલું કરાવી પાછાં વળે છે
ત્યારે પેલી સ્ટાન્ડર્ડ-૨૦૦૦ ગાયબ !
ન મળે પેલા ખાદીધારી અંગરક્ષકો
કે ન ભાળ્યા પેલા ધોળી ટોપીવાળાઓને !
ને જીવલી તડૂકી :
"માળા બેટા જબરા !"
કઈ ભાષામાં હું સમજાવું કે
હવે પાંચ વરસ લગી
નહીં જોવા મળે
એ સ્ટાન્ડર્ડ-૨૦૦૦
કે એ ખાદીધારી અંગરક્ષકો (-કે ભક્ષકો ?)
નહીં ચાખવા મળે
એ મફતિયું મહુડું
કે નહિ પહેરવા મળે
એ ભપકાદાર પટોળું !
...મારું બેટું જબરું ?!

—વિનાયક જાદવ

## એક ટૂચકો !

બે ધર્મો
ફીશ માર્કેટમાં ભટકાઈ પડ્યા.
એકથી ન રહેવાયું,
"અલ્યા ! તું સુધર જરા—છે તારા ચાહકો કોઈ ?
જો, મારી પાછળ કેટલા 'ગાંડાં' બન્યા છે ?"
બીજો તડૂક્યો, "જૂઠું, તદ્દન જૂઠું !
મારી પાછળ તારા કરતાં વધારે 'ગાંડાં બન્યા છે."
બસ, આટલી જ વાતે જામી પડી !
તમાશો જોતા વણતેડેલાઓમાંથી
'એક જ' બહાર આવ્યો ને ત્રાડયો: "બસ કરો !
તમારી પાછળ 'ડાહ્યાં' કેટલા બન્યા છે,
એની વાત કરો."
શાંતિ પ્રસરી ન પ્રસરી ત્યાં તો
એક સાધુ મહારાજે એને બોચીએથી પકડયો,
"સાલા પિશાચ !
તારો આત્મા નરકમાં જાઓ !"
...'તથાસ્તુ' કહી બિચારા 'માનવી'નો
વૈકુંઠનો વિઝા રદ કરી નાખ્યો !

—વિનાયક જાદવ

# "આપણે બધાં ભારતીઓ છીએ!"

ઓ મારા દેશના
'ઇંગ્લીશ સ્પીકીંગ લોકો'!
ગુજરાતીમાં લખું તો તમને સમજાશે?
તમે કેમ ચૂપ થયાં છો?
તમને તો જાણે
આ દેશમાં કશું લાગતુંયે નથી
ને વળગતુંયે નથી?!
ઓ દેશના 'ફોરેન રિટર્ન' નાગરિકો!
તમને તમારા વતનમાં ઘર જેવું લાગે છે?
કે પછી રિટર્ન ટિકિટ લઈને જ આવ્યા છો?
પરદેશ ન જવા છતાંય
મને આ દેશમાં ઘર જેવું લાગતું નથી!
ક્યાંથી લાગે?
પણ હું ક્યાં નાસી જવાનો છું?
નાસવુંયે નથી......
દેશની બેચેનીઓનું ભારે લગેજ લઈ
કસ્ટમમાંથી પસાર કેમનો થાઉં!!!
...પણ તમે તો અહીંનાય નહિ ને ત્યાંનાય નહિ!
...કેમ આમ જીવો છો?
ભલે ધોબીના કૂતરા રહ્યા...કશુંક તો ભસો!
થોડુંક તો ગામ ભણી તાણો!
ક્યાંકના તો થાઓ!
ડોક્ટર તો તમે અમારી સીટ ઉપર
થતા થતા રહી ગયા!
–એન્જિનિયરેય રૂપિયાના ધુમાડે બન્યા–
ડોલરના નહિ!
ને રીગન કે થેચર ધકેલી મૂકશે
ત્યારે પાછા તો અમારે જ માથે પડવાના ને?!
એટલે જ કહું છું, ભલા!
હજીયે મોડું નથી થયું...
પેલી બાજુનાં બણગાં ફૂંકતાં ફૂંકતાં
આ બાજુનું થોડુંક તો બેચો,
અમને તમારું 'ઓક્સફર્ડ ઇંગ્લીશ' નહિ સમજાય
તો 'વાંકી ઇંગ્લીશ' તો ક્યાંથી સમજાવાનું?
ત્યાં ફ્રેન્ચ કે અરેબિકની તો વાત જ શી?
પણ તમારું આ મૌન સમજવું તો એથીય
અઘરું છે!
તમારી આ હાથ ધોઈ કાઢવાની ટેવ
એથીય અસ્વીકાર્ય છે–અગમ્ય છે–અક્ષમ્ય છે!
તમારી હાજરીમાં તો હું યે એક
અજાણ્યો–ફોરેનર જ હોવાનો મને ભાસ થાય છે!
માટે બોલો...
બહુ નહિ તો આટલું જ...
"આપણે બધાં ભારતીઓ છીએ"!

—વિનાયક જાદવ
તારીખ: ૨ ફેબ્રુઆરી, ૧૯૮૭

## વાડો

એણે વર્ષોથી
વાડામાં જીવવાની મને ફરજ પાડી છે.
મેં કદી એનો વિરોધ નહોતો કર્યો.
આજે સમયના શિલાલેખ પર
મારી ઉચ્છૃંખલ અભિવ્યક્તિઓ આલેખાતી જોઈને
એ કહે છે :
"તારી કવિતા એક વાડો છે."

હું અપલક નજરે
એના ચહેરા પર વિસ્તરેલા
થોરના ઝૂંડ નિહાળું છું.
થાય છે–
કમ સે કમ હું રણ હોત
તો એનો ઉચ્છ્વાસ મને આટલો દઝાડી ન શકત.
ને વાંઝણી માનવતાનું મૃગજળ
મારી કૂખમાં ઉગાડી શકત,
અથવા તો ઝેરી, દુર્ગંધયુક્ત દૂધ હોત.
એની નસોમાં બેરોકટોક વહી શકત–અનંતકાળ લગી.
ને બધાનું લોહી લાલ હોવાના
ક્ષણભંગુર પુરાવા ઊભા કરવાની માથાકૂટમાંથી બચી શકત

પણ હું બન્યો માણસ.
ઉન્નત મસ્તક.
આકાશ અને પૃથ્વી વચ્ચે ફેલાયેલા
શૂન્યાવકાશને ચીરતો અવાજ.
જેના રૂદનથી એ ભય પામ્યો
અને હાસ્યથી ક્ષોભ.
વાડાબંધી સામેની લડતને
એ પડકાર સમજ્યો પોતાના અસ્તિત્વ સામેનો
ને ફરી મને વાડામાં પૂર્યો.

થોરના ઝૂંડ સાફ કરવા ઊઠેલા મારા હાથને
હવે હું કેમ કરીને કહું :
"માણસને ખાતર તું જરા થોભ."

રાજુ સોલંકી
તારીખ : ૧૩ ફેબ્રુઆરી, ૧૯૮૭

* **રચના સંદર્ભ :**

– આ રચના એક દૃષ્ટિએ 'પ્રતિકાવ્ય' છે. 'આપણું સાહિત્ય'ના એક અંકની નોંધમાં તેના સંપાદક હિરેન ગાંધીએ લખ્યું હતું કે : "......આપણે ક્યારનાંય જાગી ચૂક્યાં છીએ. દલિત સાહિત્ય, સંઘર્ષ સાહિત્ય, મુક્તિ સાહિત્ય આવાં અનેક નામે આપણે આપણું સાહિત્ય, આપણા પ્રશ્નો અને સંઘર્ષોને વાચા આપતું સાહિત્ય ખેડવાનું શરૂ કરી દીધું છે. આપણે 'દલિત' કે 'શેરી'ના વાડામાં ન બંધાતાં 'આપણું' સાહિત્ય જ વિકસાવીએ. કાલે આપણે મુઠ્ઠીભર સત્તાધારીઓ અને લેભાગુ દલાલોને બુલંદ અવાજે કહીશું—આ જ સાહિત્ય છે—જે અમારાં પ્રશ્નો, સંઘર્ષો અને અરમાનોને વાચા આપે છે."—આ વિધાન સામેની પ્રતિક્રિયારૂપે દલિત કવિએ આ કાવ્ય રચ્યું.

– અલબત્ત કાવ્યનો વ્યાપ 'પ્રતિકાવ્ય' કરતાં ઘણો વિશાળ છે.

## મન્ટોની લઘુકથાઓ—ગઈકાલની કે આજની ? !

સઆદત હસન મન્ટો [જન્મ ૧૯૧૨, મૃત્યુ ૧૯૫૫] માણસ માત્રનો અદનો વાર્તાકાર જેને દેશ, પ્રદેશ કે ભાષાના સીમાડા કરી ન નડે અને છતાં આજે પણ એ આપણા સમાજના છેવાડાના માણસ સુધી અરે, એક સામાન્ય વાચક સુધી પણ નથી પહોંચી શક્યો કેમકે જીવન દરમ્યાન અને મૃત્યુ પછી પણ એને સરકારી તંત્રો, ધાર્મિક મંત્રો અને સાહિત્યિક યંત્રો નડ્યાં છે. ખેર, સત્તાધારીઓ અને એમના દલાલો પાસે કશા સારાં કાર્યની અપેક્ષા રાખવી એ આપણી મૂર્ખામી છે !

મન્ટોની કેટલીક લઘુકથાઓનો અનુવાદ મૂળ ઉર્દૂમાંથી અહીં રજૂ થાય છે. અલબત્ત, એની વાર્તાઓનો સમય ચાલીસેક વર્ષ પહેલાંનો–દેશના ભાગલાની આસપાસનો છે. પણ તે વખતની જેમ આજેય સમાજ અને માણસ તૂટવા તરફ જઈ રહ્યા છે. 'આપણા' ભાગલા થઈ રહ્યા છે–કોમવાદી અજગર આપણને ગળવા જવા જડબાં ફાડી રહ્યો છે ત્યારે જો આ મન્ટો આપણને કંઈક સમજાવી શકે.....મન્ટોમાંથી પ્રેરણા લઈને દસ–વીસ નવા સાહિત્યકારો આગળ આવી 'આપણી' તૂટવાની પ્રક્રિયાને અટકાવી શકે તો .. ...

**—હિરેન ગાંધી**

### ઠપકો

'યાર, તેં બ્લેક માર્કેટનો ભાવ પણ લીધો અને પેટ્રોલ કેવું ભંગાર આપ્યું કે એકેય દુકાન ના બળી !'

### આરામની જરૂર

'મર્યો નથી–જો, હજી જીવે છે !' 'રહેવા દે યાર, થાકી ગયો છું.'

### નસીબ

શું કરું દોસ્ત! મહામહેનતે ફક્ત એક ડબ્બો હાથમાં આવ્યો; પણ સાલું. એમાંથી ય સુવ્વરનું ગોસ નીકળ્યું.

### મજૂરી

બજારમાં એક ભરેલો કોથળો ધબ્બ દઈને પડ્યો. એક માણસે દોડીને છરાથી એનું પેટ ચીરી નાખ્યું. આંતરડાંને બદલે ખાંડ; સફેદ દાણાદાર ખાંડ નીકળવા લાગી. લોકો દોડીને ભેગા થઈ ગયા. પોતપોતાની થેલીઓ ભરવા લાગ્યા. એક જણે કંઈ પહેર્યું નહોતું; એણે જલદી જલદી લુંગી છોડી નાખી ને ખોબલે ખોબલે એમાં ભરવા લાગ્યો.

ઊંચા મકાનની એક બારીએથી મલમલને એક તાકો ફડફડાટ કરતો બહાર આવ્યો. આગની ઝાળમાં ઝડપાયો ને સડક સુધી પહોંચતામાં તો રાખનો ઢગલો થઈ ગયો.

ચારેકોર લૂંટાલૂંટ મચી ગઈ હતી. ગરમીમાં ભડભડતી આગે રાબેતા મુજબ પોતાનો ઇજાફો આપી દીધો. ઘણી વારે તડાતડ અવાજ સંભળાયો.–ગોળીબારનોરસ્તો…પોલિસને લાગ્યું કે બજાર સાવ ઉજ્જડ છે. દૂર દૂર ધુમાડાથી ઢંકાયેલાં વળાંક પાસે એક માણસનો પડછાયો દેખાયો. પોલિસની સીટીઓ બાજી ઊઠી. પડછાયો વીજળીવેગે ધુંમાડામાં ઘૂસી ગયો. પોલિસોએ એનો પીછો પકડયો. ધુમાડાનો વિસ્તાર પૂરો થયો. પોલિસોએ જોયું કે એક કાશ્મીરી મજૂર પીઠ પર વજનદાર કોથળો મૂકીને દોડતો હતો. સીટીઓનાં ગળાં સૂકાયાં પણ પેલો કાશ્મીરી મજૂર થોભ્યો નહિ પીઠ પર વજન હતું ને? પાછું જેવું તેવું વજન નહિ ખાસ્સો મોટો કોથળો ! છતાં પીઠ પર કંઈ છે જ નહિ એવી રીતે ભાગ્યો.

પોલિસો હાંફી ગયા. એકે કંટાળીને પિસ્તોલ કાઢી ને ધડૂમ કરતીકને ધરી દીધી. ગોળી કાશ્મીરી મજૂરની પિંડીમાં વાગી. કોથળો પીઠ પરથી સરકી પડયો. ગભરાઈ ને એણે પાછું વાળીને જોયું તો પોલિસો ધીમે ધીમે પાછળ જ આવતા હતા. એણે પિંડીમાંથી નીંગળતા લોહી તરફ પણ એક નજર નાખી, ને પાછો જોર કરીને કોથળો ઊંચકયો વળી પાછો દોડવા માંડયો પોલિસોને થયું, જવા દો સાલાને! ભલે જતો જહન્નુમમાં !

પિડાતો લંગડાતો એ ભાગ્યો. પછી ગબડી પડયો. એનું શરીર કોથળા નીચે દબાઈ ગયું. પોલિસો આવી પહોંચ્યા, પકડયો અને કોથળા સહિત એને લઈ ગયા.

રસ્તામાં એણે વારંવાર કહ્યું, 'હજરત, આપ મુઝે કયોં પકડતે હૈ ? મૈં તો ગરીબ આદમી, ચાવલ કી એક બોરી લેતા, ઘર મેં ખાતા, આપ મુઝે નાહક ગોલી મારતે હૈ.'

પણ એનું સાંભળે કોણ ? થાણે જઈને ય એણે ઘણા કાલાવાલા કર્યા. પણ પથ્થર પર પાણી ! છેવટે એ કંટાળ્યો ને પોતાની ગંદી ટોપીથી કપાળ પરનો પસીનો લૂંછવા લાગ્યો. ચોખાના કોથળા તરફ આશ્ચર્યમૂઢ નજરે જોઈ રહ્યો પછી જમાદારને કહે—'અચ્છા હજરત, કોથળો તમે રાખો, પણ મને મારી મજૂરી તો આપો—ફક્ત ચાર આના !'

## હેવાનિયત

પતિ–પત્ની જેમતેમ કરીને ઘરનો થોડોક સામાન બચાવવા ભાગ્યશાળી થઈ શકયાં. એક જુવાન દીકરી હતી. એનો કંઈ પત્તો નહોતો. એક નાનકડી બેબી હતી. માએ એને છાતીએ વળગાડી રાખી હતી. એક ભૂરી ભેંસ હતી, હુલ્લડખોરો એને હાંકતા હાંકતા લઈ ગયા. ગાય બચી ગઈ પણ તેના વાછરડાનો પત્તો ન હતો. પતિ–પત્ની, એની નાની દીકરી અને ગાય એક જગ્યાએ સંતાઈ ગયાં હતાં. રાત ઘણી ભયંકર હતી. છોકરીએ બીકને કારણે રડવા માંડ્યું. શાંત વાતાવરણમાં જાણે કોઈ ઢોલ વગાડતું હોય તેવું લાગ્યું. માએ બીકથી છોકરીના મોં પર હાથ દાબી દીધો જેથી દુશ્મન સાંભળી ન જાય. અવાજ બંધ થઈ ગયો. બાપે સાવધાની ખાતર મોટી જાડી ચાદર ઓઢાડી દીધી.

થોડી વાર પછી દૂરથી કોક વાછરડાનો અવાજ આવ્યો. ગાયના કાન ઊભા થઈ ગયા, એ ઊઠી. બાવરી બનીને આમતેમ દોડવા લાગી. એને ચૂપ કરવા ભરે મથામણ કરી જોઈ પણ વ્યર્થ.

અવાજ સાંભળીને દુશ્મનો દોડી આવ્યા. દૂરથી મશાલોનો પ્રકાશ દેખાવા લાગ્યો. પત્નીએ પતિને ગુસ્સામાં ને ગુસ્સામાં કહ્યું—'તમે એ હેવાનને તમારી સાથે શું કામ લાવ્યા'તા ?'

### ભાગલા

એક માણસે પોતાને માટે લાકડાની એક પેટી પસંદ કરી. પણ જ્યારે એ એને ઊંચકવા ગયો ત્યારે એક તસુ પણ ના ખસી. એક માણસે–જેને કદાચ પોતાને એકે વસ્તુ મળતી નહોતી તેણે, પેલા પેટી ઊંચકનારને કહ્યું, 'મદદ કરું ?'

પેટી ઊંચકનારો મદદ લેવા તૈયાર થઈ ગયો. જે માણસને મન-ગમતી વસ્તુ મળતી જ નહોતી તેણે પોતાના મજબૂત હાથનો ટેકો આપીને પેટી ઊંચકીને પોતાની પીઠ પર મૂકી. બંને બહાર નીકળ્યા.

પેટી વજનદાર હતી. એને કારણે પેલાની પીઠ ટચકાઈ ગઈ. પગ લથડવા લાગ્યા પણ ઈનામની લાલચને લીધે શરીરમાં હજુયે જોર છે, એમ મનને મનાવ્યે રાખતો હતો.

પેટી ઊંચકનારની સરખામણીમાં પેટીની પસંદગી કરનાર ઘણો કમજોર હતો. આખે રસ્તે એક હાથનો ટેકો આપીને એ પોતાનો હક સાબિત કરી રહ્યો હતો. બન્ને જણ જ્યારે સલામત સ્થળે પહોંચી ગયા ત્યારે પેટી બાજુ પર મૂકી દીધી. પછી જેણે ખૂબ મહેનત કરી હતી તેણે પેલાને કહ્યું–'બોલ હવે આમાંથી મને કેટલું મળશે ?'

પેટીની પસંદગી કરનારે કહ્યું–ચોથો ભાગ', 'ઓછો કહેવાય.'

'ઓછો નથી, વધારે છે. પેટી પસંદ કોણે કરી 'તી ?'

'એ તો ઠીક છે; પણ આવો કમરતોડ બોજ અહીં સુધી ઊંચકીને લાવ્યું કોણ ?'

'અડધા અડધા ભાગ પાડીએ.'

'ભલે એમ કરો !'

પેટી ખોલી એમાંથી એક માણસ બહાર નીકળ્યો ! એના હાથમાં તલવાર હતી. એણે પેલા બન્ને ભાગીદારોના ચાર ભાગ કરી નાખ્યા !

**સઆદત હસન મન્ટો**

૨૮ ફેબ્રુઆરી. ૧૯૮૭

## આંતરરાષ્ટ્રીય 'નારી દિન' નિમિત્તે બે મુક્તિગીતો

### એક નવો અધ્યાય

અમે જાગીએ, અમે માગીએ;
ક્યાં છે સાચો ન્યાય ?
ગયા જમાના અબળાના એ
સમય હવે બદલાય
—હવે ન સ્હેશું આ અન્યાય !
બંધન આપ્યાં, બેડી આપી;
આપ્યાં વચનો મીઠાં,
પડછાયાની પદવી આપી,
શમણાં સઘળાં જૂઠાં;

તમે બનાવી સીતા–રાધા,
તમે રચી સાવિત્રી !
કઠપૂતળીની જેમ નચાવી,
મન ફાવે તે ચિતરી !
ધરતીમાતા કહી ધમરોળી
હવે સહન નહિ થાય !
ગયા જમાના અબળાના એ
સમય હવે બદલાય
—હવે ન સ્હેશું આ અન્યાય !

તમે જલાવી એ ના બોલી !
ધુત્કારી પણ જીભ ન ખોલી !
જે કાયાએ જન્મ દીધો 'તો
એને વિંખી-પીંખી—
હાં-હાં-તમે લગાવી બોલી !
ન્યાય તણી ઓ દેવી !
છો તે આંખે બાંધે પાટા;
હાથ ત્રાજવું રાખ્યું છે તો
ન્યાય હવે દે તોળી !
આજ ખૂલી છે આંખ અમારી;
અર્થ હવે સમજાય !
ગયા જમાના અબળાના એ,
સમય હવે બદલાય
— હવે ન સ્હેશું આ અન્યાય !
હવે ન કહેશો દેવી અમને
હવે ન કહેશો દાસી !
સભાન થઈને, સ્વમાન સાથે
જીવવાને અભિલાષી

હવે માગવી ભીખ કદી ના
પાલવ નહિ પથરાય !
ગયા જમાના અબળાના એ
સમય હવે બદલાય
—હવે ન સ્હેશું આ અન્યાય !
પ્રશ્ન બનીને અમે ઊઠશું,
હક્ક બનીને અમે ઝૂઝશું,
જવાબ આપો—અમે પૂછશું;
હિસાબ આપો—અમે માગશું !
અમે અમારી વ્યથાકથા સૌ હાથ અમારે લખશું;
કંઠ અમારા ખૂલ્યા ખૂલશે; મૂંગા નહિ રહેવાય !
દૂર ગગનમાં લાલ કસુંબલ ઉજાસ જો દેખાય...
આવો સાથ મળીને રચીએ એક નવો અધ્યાય...
એક નવો અધ્યાય...
એક નવો અધ્યાય...

—સરૂપધ્રુવ

* **રચના સંદર્ભ**
– ટી.વી. શ્રેણી 'ન્યાય-અન્યાય' જે સ્ત્રીઓને અસરકર્તા કાયદાઓ અને તેની અધૂરપો વિશે માહિતી આપતી હતી તેના 'શીર્ષક-ગીત' તરીકે આ ગીતની રચના થવા પામી હતી.

## બંધન
## (મોરલી તે ચાલી રંગ રુસણે-ઢાળ)

કેવાં કેવાં બંધન મને બાંધ્યાં રે, સાહેલડી.
કેવાં કેવાં બંધન મેં તો સહ્યાં રે, સાહેલડી.
આજે કોઈની વારી હું તો નહિ રે, વળું રે-(૨)
જો જે કેવાં બંધન મારાં તૂટે રે, સાહેલડી...
જનમી તો પગે નાંખી રૂપેરી ઝાંઝરી,
કેડમાં કંદોરો, કંઠે સોનાની હાંસડી,
હાથે પગે નાકે કાને હીરલા મોતીથી મઢી.
નાથવાને અંગે અંગ છેદ્યાં રે, સાહેલડી...
હુતુતુતુ ખેલતી'તી, આપી દીધાં દોરડાં,

ખૂંદવા'તા ડુંગરા તો સોંપી દીધાં ખોરડાં
'ઉઠ કે'તાં ઉઠતી'તી, બેસતા'તી બેસ કહેતાં,
ધસમસ ધોધ મારા રુંધ્યા રે, સાહેલડી!...
ગઢમાં પુરીને ઝીણી જાળીઓ મેલાવી'તી,
ઘુમટે ઢાંકીને મને સુંદરી બનાવી'તી,
ઓરડે ગોંધીને પછી હિંડોળે ઝૂલાવી'તી,
ચાવીઝૂડો સોંપી દ્વાર વાસ્યાં રે સ.હેલડી...
નીચી આંખ, હળવી ચાલ, શિયળની શી પૂતળી!
વ્રત ઉપવાસ ગોર્યો, ત્રીજને ફૂલકાજળી,
કુળની મર્યાદા મારે ઇશ્વરની આણ વળી,
હૈયે મારે પાપ-પુણ્ય લાગ્યાં રે, સાહેલડી!...
કહે છે દેવી-પતિવ્રતા-માતા કહી પૂજા કરે,
રાધા કહી ભક્તિ કરે, સીતા કહી સતી ગણે,
કરી અપમાન, જૂઠાં, માનપાન પદવી દે,
ચ્હેરા ભૂસી મ્હોરાં પહેરાવ્યાં રે, સાહેલડી...
તમે કોણ ઘડનારા, પૂછવો સવાલ મારે,
કોણ હું, એંધાણી મારી આપવી છે આજ મારે,
કહેવી છે સાચી વાત, જગના મંડપમાં મારે,
સાચાં ગીત, મારાં ગીત ગાવાં રે. સાહેલડી...
જંજીરો તોડીને સ્નેહ સાંકળો ઘડાવશું,
હેત પ્રીત ન્યાયથી આ જગને શણગારશું,
પિંજરું ખોલીને આભ આંગણે ઉતારશું,
જો, જો કેવાં બંધન મારાં તૂટે રે, સાહેલડી..

—સરૂપ ધ્રુવ

## ભગતસિંહને...

કાશ...તારી વાવેલી બંદૂકોને
'એ લોકોએ'
ઊગવા દીધી હોત...
પણ કમોસમી વરસાદ જેવી
એમની ડ્રાયકલીન વિચારધારામાં
વહી ગઈ, તણાઈ ગઈ, સાફ થઈ ગઈ

તારી બંદૂકની ક્યારીઓ...
ને એની સાથે વાવેલાં કસુંબી શમણાંય ધોવાઇ ગયાં !
બસ, ત્યારનાં આપણે ફર્યાં કરીએ છીએ
સ્વપ્નવિહોણી, ઊંઘરેટી, લાચાર આંખો લઇને...
'એ લોકો' ને આ જ જોઇતું હતું !
એ ધોળાં કબૂતરો (કે પછી બગલા ?) ફફડી ઊઠ્યાં'તાં
બૉમ્બ ધડાકાથી, તૂટતા રેલપાટાની ચીસોથી, લૂંટાતી
બેંકોથી, તરવરિયા ખભા પર લટકતી બંદૂકોથી...
પણ એમને ભાન નહોતું કે બંદૂકોની નાળ
કોના તરફ તકાઈ છે !
–કારણ કે હિંસા કે અહિંસા વચ્ચેના 'અ' નો
આંધળો પાટો ચસચસાવીને બંધાયેલો હતો
એમની આંખો પર...
વ્યક્તિ મટીને વિશ્વમાનવી થવાની મિથ્યા મહત્ત્વાકાંક્ષા
મમળાવતા'તા એમના લાળ ઝરતા મોંમાં...
અને એટલે જ કોર્ટમાં તને ફાંસી ફરમાવતાં શરીરો
ભલે ધોળાં હતાં–એમાં છૂપાયેલો હતો પેલો
કહેવાતો અહિંસક, કોરોકડાક મહાન મહાન આત્મા !

બસ, ત્યારની ઘડી ને આજનો દહાડો—
પછી તો અંતરાત્માના કોલાહલોમાં જ આપણે તો
રાજીના રેડ,

બદલાતા ઝંડાના રંગથી જ ફુલાઈને ફાળકો,
ખુરશી પર બેસનારા પેલા ધોળાધબ વેપારીઓના
વારસાદારોની જ વાહવા......
ને ચમત્કારો ને જયજયકારો વચ્ચે શરૂ થઈ ગયો
'ભારત દુર્દશા' નાટકનો બીજો અંક...
ચાલીસ વર્ષમાં નાટક અને વાસ્તવજીવન વચ્ચેની
ચોથી દિવાલ પણ કડડભૂસ ભાંગી પડી છે.
જોકે, સેટ–સજાવટ બદલાયાં છે...
એ વખતે દેશી બંદૂકોથી વિદેશીઓનો નાશ થતો હતો
ને આજે વિદેશી બંદૂકથી... ! !
સ્મોક બૉમ્બ ને એક્સ્પ્લોઝીવ બૉમ્બનો અર્થ
ન સમજનારા સત્તાધારીઓ આજે પણ છે !
વર્ગવિહીન, વર્ણવિહીન, ધર્મવિહીન સમાજનું સપનું
જોનારાઓને રહેંસી નાખતા સત્તાધારીઓ આજે
પણ છે !
અવાજના રણકારને નહિ, પણ શબ્દોને સાંભળી

નાખનારા, બહેરા કાનના સત્તાધારીઓ આજે પણ છે !
ક્રાન્તિકારીઓ અને આતંકવાદીઓ વચ્ચેનો ભેદ
ન સમજનારા સત્તાધારીઓ આજે પણ છે !
તને તો ખ્યાલ સરખોય નહિ આવે કે
આતંકવાદમાંથી આજે તો આંતક જ રહ્યો છે—
એની સાથેનો વાદ–વિચાર–સિદ્ધાંત તો શોધ્યો નથી
જડતો...ખરું પૂછે તો સત્તાધારીઓનો આગવો
આતંક તો ભલભલા વિદેશીઓનેય લજવે તેવો છે !
ક્રાન્તિની ગર્ભહત્યાનું કાવતરું આજે પણ ચાલુ છે !
પણ ભયંકર વાત તો એ છે કે
એ કાવતરાખોરોની ચામડીનો રંગ ધોળો નથી–
પણ સાવ આપણા જેવો જ છે !
ને એટલે જ ખતરનાક છે આ જંગ...
વધારે કપરું છે આ યુદ્ધ...
અને અમારે જોઈએ છે એ તિખારો, એ જ્વાલા,
એ આગ, એ પ્રકાશ...
આજના આ દિવસે તને યાદ કરીને
અમારા ઓલવાતા અંગારા પરની રાખ ખંખેરી લઇએ !
દમન અને અન્યાય સામે ઝીંક ઝીલવા
ધરબી ધરબીને દારૂગોળા ઠાંસી લઇએ અમારાં હૈયામાં !
'એ લોકો' વ્યક્તિને રૂંધી શકયા, હજીય રૂંધશે, રૂંધતા
આવ્યા છે ..
પણ આદર્શોને નહિ અટકાવી શકે–હરગિઝ નહિ !
જંગ જારી રહેશે...જારી રાખીશું...
આજના આ દિવસે તને યાદ કરીને...

—સરૂપ ધ્રુવ
તારીખ : ૨૩ માર્ચ ૧૯૮૭

## રચના સંદર્ભ :

૨૩મી માર્ચ—ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂનો શહીદ દિન.. ક્રાન્તિકારીઓના જીવન અને મૃત્યુમાંથી પ્રેરણા લેવાનો દિવસ !

'આપણું સાહિત્ય'ના પ્રકાશક હિરેન ગાંધીએ થોડાં વર્ષ પહેલાં, ભગતસિંહના જીવન અને આદર્શો પર આધારિત એક નાટક લખેલું : 'ઇતિહાસની બીજી બાજુ.' આજના કાવ્યનો આરંભ, એ નાટકના સત્ય-ઘટનાત્મક પ્રસંગ ઉપર કર્યો છે...છ વર્ષના બાળ ભાગાંવાળા–ભગતસિંહે ધૂળમાં તણખલાં રોપ્યાં...પૂછ્યું તો કહે : 'બંદૂક વાવું છું– ધોળિયાઓને મારવા...' એ સ્વપ્નશીલ ક્રાન્તિકારીના આદર્શો અને સશસ્ત્ર ક્રાન્તિના વિચારો અપનાવીને આજની રચના આપી છે–આજની તાતી જરૂર માનીને... !

'ઇતિહાસની બીજી બાજુ' નાટકની વાત કરતાં સ્વાધીન ભારતની સેન્સરશીપની દમનનીતિ વિષે અહીં કંઈક કહેવાની ઇચ્છા રોકી શકાય એમ નથી. હિરેન ગાંધી લિખિત અને દિગ્દર્શિત આ નાટકની સ્ક્રીપ્ટને ગુજરાત સરકારની કોઈક કહેવાતી સેન્સર સમિતિ અને પ્રતિષ્ઠિત અધ્યક્ષે–જે સ્વયં ઇતિહાસકાર અને રાજનીતિજ્ઞ હોવાનો દાવો કરે છે–ભજવણીની મંજૂરી નહોતી આપી !–એના દ્વારા કેટલાક કોમવાદી બળોને સશસ્ત્ર ક્રાન્તિ કરવાની ચડવણી કરવામાં આવી છે, એવો આરોપ મૂકવામાં આવેલો ! ગાંધીજી અને કોંગ્રેસ વિશેનાં કડવાં પણ સાચાં વિધાનો રદ્દ કરવાની સૂચના અપાઈ હતી, હોલના માલિક ઉપર ગનાઈ હુકમ ફોન દ્વારા કરવામાં આવેલો... તેમ છતાં 'સંવેદન નાટ્ય સંકુલ'ના સિત્તોર જેટલા કલાકારો–કસબીઓ 'જે કરવું હોય એ કરી લો'–ની ખુમારી સાથે, કશી જ કાપકૂપ વગર, તા. ૬–૮–'૮૪ની સાંજે નાટક ભજવીને જ રહ્યાં ! આ લડતમાં અમને અસંખ્ય રંગધર્મીઓ, પત્રકારો, વકીલોનો પણ ટેકો હતો...એ સમયે 'સંવેદન નાટ્ય-સંકુલ'ની પ્રવૃત્તિઓને તત્કાળ તો ઘણી અસર પહોંચી, આર્થિક રીતે પણ ખાલી થઇ ગયા, શ્રદ્ધા–પ્રેક્ષક-સભ્યોની અને અમારી પણ–ડગી ગઈ. પણ છતાં આજે આપણે સૌ, આ 'આપણું સાહિત્ય' અને અન્ય નાટ્યપ્રવૃત્તિમાં સંકળાયેલા મિત્રો–શુભેચ્છકો જે કંઈ કરી રહ્યા છીએ તે કદાચ પેલી લડતમાંથી મળેલી પ્રેરણાના જ પ્રતાપે ..દોસ્તો ! ખરે જ, આપણો જંગ જારી રાખવો પડશે...

સરૂપ ધ્રુવ

## ખેંચતાણ

દોસ્ત,
તું જ્યારે મળે છે,
ત્યારે યાદ કરે છે કે :
"ચંદુ, વસ્તી વચ્ચે નથી આવવું ?
ક્યાં સુધી ખળભળના દરિયાની જાત થઈ
ઓસ જેમ પાંખડી પર પડયો રહીશ ?"
તારા શબ્દો
મને ધ્યાનમાંથી બહાર ખેંચી કાઢે છે.
પણ મારી મા કહે છે.
"લગન મરણ કે સાજા માંદા પ્રસંગે
સગાંવહાલાંમાં જતો આવતો રહે
નહિતર
બાવીસ વરસના તારા ખોળાને કોઈ લેશે નહિ,
અને વીસ વરસની તારી ખોલીને કોઈ દેશે નહિ,
વળી ફેરા ફરતી વખતે
લાડો પહેલો બેસે કે લાડી, એ કાંઈ
કાર્યદક્ષતા કે ચપળતાનો માપદંડ નથી
છતાં એને ફેરા ફરતા ન આવડ્યાં
એ ફટાણું ગવાય
તો મારી માને ઘણો સંતોષ થાય છે.
ખભે ખેસ નાંખી લોકાચારે જઈ આવું
એ એને બહુ ગમે છે.
મૃત્યુ પાછળ દેવું કરીને ગામ જમાડું
એ એને ઘણું ગમે છે.
લગનના જમણવારમાં
કેટલી આઈટમ બનાવી હતી
એના આધારે
માણસની પ્રતિષ્ઠાનું ગણિત મંડાતું હોય,
એવા રિવાજોના સમાજમાં
મારું કવિ હોવું કેટલું પ્રતિષ્ઠાપાત્ર ? !

પડોશીઓનું રેશનીંગ કાર્ડ લઈ
ઘણીવાર મારી પત્ની કહે છે કે :
'કોઈના ઉછીના પાછીના કરતા આવજો
નહિંતર ખાંડ સાથે તેલ નહીં આપે'.
આટલેથી મારી પત્ની અટકે તો સમજાય,
પણ પડોશીની ભાભીની નણંદ કે નણદોઈ
કે પછી કોઈ પણ દૂરનું સગુંવહાલું
ગુજરી ગયું હોય તો સામે ચાલીને
એ લોકાચાર ખર્ચ ફાળવી નાંખે છે.
અને એ મારી માને ખૂબ ગમે છે.
હું
સમગ્ર વસ્તીને સમાવી લેતા પરિધને
પ્રાથમિકતા આપું છું,
છતાં
મારી ત્રિજ્યા મારે ટૂંકાવવી પડે છે,
કારણકે મારા ઘરમાં મારી માની બહુમતી છે.
તું મને પરિઘ તરફ ખેંચે છે.
મારી મા, મારી પત્ની, મારો પરિવાર
મને કેન્દ્ર તરફ ખેંચે છે.
આ ખેંચતાણમાં
હું
મનોમન ખેંચાતો જાઉં છું
મનોમન મ્યાનમાં કટાતો જાઉં છું.

—મૌન બલોલી

તારીખ : ૧ એપ્રિલ, ૧૯૮૭

## હ્યા, નેચું જો

હ્યા, ઊંચે આભલામાં જોવાથી
મનખ નૈ દેખાય.
તારા દેખાય, ગરહ દેખાય, ધૈણ દેખાય.
બહુ બહુ તો બલૂન દેખાય ..
પણ બલૂન હેંડાડનારો ક બનાવનારો નૈં દેખાય, લૈં.
ઈને જોવા નેચું જો,
આભલે ચોંટેલા તારા ડોળામાં છેંકું પાડ,
તારી ફિલશફીની ફિશીયારીને પૂળો મેલ
ભણાયેલા ભાવે ચીજવસ્તુ
અભણે ય વેચી હકે ને લુચ્ચો ય વેચી હકે.
એકે દન ચીજવસ્તુ પેદા કરી છ ખરી ?
હળની ચકલી ઝાલી છ ખરી ?
ઓતરા ચીતરાના તાપમાં
કુહેથા વળી દાતેડું થતાં મનખ ભાળ્યાં છ ખરાં ?
પોહની ટાઢી રાતે ચાયડાના ગારામાં
પરહેવે ઓગળતા પોણુતિયાને ભાળી
તારા ડોળામાં દીવા થ્યા છ ખરા ?
ક પછી શેડયા વના હમાર દીધે રાખ છ ?
એક જ બીટે બોર કરવા નીકળ્યો છ, લૈ ?
જેવું વળું એવો બીટ ચડાવો પડ ભૌલા.

—ચંદુ પટેલ

તારીખ : ૧ એપ્રિલ, ૧૯૮૭

# એકલવ્યના વારસદારને

દોસ્ત !
આજે તને યાદ દેવડાવાય છે કે તું શબરીનો વારસદાર છે,
પણ તને એ ભૂલાવી દેવાય છે કે
તું એકલવ્યનો પણ વારસદાર છે–એ એકલવ્ય કે જેનો અંગૂઠો
એ લોકોએ છેદી નાખ્યો હતો !
એ લોકો
જેમને કોઈ અસામાજિક તત્ત્વ તરીકે ઓળખતું નથી,
જેઓ કયારેય ગુંડાધારામાં પકડાતા નથી,
જેમને ખબર છે કે કોઈ એક જગ્યા
રામજન્મભૂમિ કહેવાય કે બાબરી મસ્જિદ–
એનાથી આપણાં રોટી–કપડાં–મકાનની કોઈ સમસ્યા હલ થઈ
શકવાની નથી......
આજે એ લોકો
એમના કહેવાતા આર્યધર્મની ધજાઓ ફરકાવવા
રામજાનકી રથની પાછળ પાછળ
હનુમાનના સળગતા પૂંછડાથી
લંકા જ નહિ–આપણો આખો દેશ સળગાવી રહ્યાં છે !
આજ સુધી એ લોકોએ શબરી કે એકલવ્ય સિવાયના તારા
પૂર્વજોને તો વાંદરા જ ગણ્યા છે પણ આજે એમની બહુમતિનો
અશ્વમેધ સફળ બનાવવા તને–વાંદરાના વારસદારને–
વાપરી રહ્યા છે–પૂંછડાની જેમ .....
એમને તો રામરાજ્ય લાવવું છે !
એ જ રામરાજ્ય કે જેમાં વાલીનો વધ થયો ત્યારથી
'ભાગલા પાડો ને રાજ કરો'ની રાજનીતિ (!)નાં બીજ વવાયાં;
શૂદ્ર શંબૂકની હત્યા થઇ તે દિવસથી
અનામત વિરોધી આંદોલનનાં મૂળિયાં નંખાયાં;
શૂર્પણખાનાં નાકકાન કપાયાં ને સ્ત્રીઓનાં નાકકાન કાપવાનો
રિવાજ શરૂ થયો;
સીતાની અગ્નિપરીક્ષા ને સીતાત્યાગ પછી જ હજારો ને લાખો
ભડકે બળતી નારીના ઇતિહાસની ભૂમિકા રચાઇ......
એ જ રામરાજ્ય આવવાનું છે દોસ્ત !
તારા દેશના દુકાળ માટે કોઈ ધરમ જવાબદાર નથી
પણ તને યાદ કરાવનાર કે ભૂલાવામાં નાંખનારનાં કરમ જવાબદાર છે !
તને આમ જીવતેજીવત શૂળીએ ચડાવી દેનારા

એ લોકોને જરા પૂછી તો જો કે,
ક્યાં ગુમ થઈ જાય છે તમે ને તમારું રામરાજ્ય
– જ્યારે મારા દેશમાં બારે માસ દુકાળ હોય છે ? !
– જ્યારે મારે માઇલોના માઇલો ટાંટિયાની તોડ કરીને
ટીપું પાણી મેળવવું પડે છે ? !
– જ્યારે મારી સ્ત્રી ઉપર બળાત્કાર થાય છે ? !
– જ્યારે મારાં બાળકોને વેચાવું પડે છે ? !
જ્યારે મારાં જંગલ કપાય છે ? !
– જ્યારે મારી જમીન ઝુંટવાય છે ? !
– જ્યારે મારો કોળિયો ખૂંચવાય છે ? !
– જ્યારે મારું લોહી ચૂસાય છે ? !
દોસ્ત !
આ રામરાજ્ય પણ 'અપના ઉત્સવ' અને
'ઇન્ડિયા ફેસ્ટિવલ' જેટલો જ ગળ્યો ગોળ છે હોં !
જોને, એ તો હજી તારી કોણીએ જ ચોંટયો છે ને
તારાં લીલાં–ભૂરાં ખમીસના તો લીરેલીરા ઊડી ગયાં !
પર્વતોને જંગલોમાં રહયે રહયે તને હજી આઝાદી ક્યાં સ્પર્શી જ છે ?
તારાં ગામમાં પાકાં મકાન, ગટર, જાજરૂ, વીજળી, પોસ્ટઓફિસ
પાકી સડક કે નિશાળ તો આવે ત્યારે ખરાં;
પણ જો તું ચેતી નહિ જાય તો
આ કહેવાતું રામરાજ તો ખાબકી જ પડવાનું
ને આવું બધું તો એ લોકો સદીઓથી કરતા આવ્યા છે
એમાં પછી રામ હોય, અંગ્રેજ હોય કે ખાદીવાદી–
એ લોકો
તારામાંથી અમુક પસંદ કરેલાઓનો રાજ્યાભિષેક કરતા જ આવ્યા છે !
આજે પણ એવા સુગ્રીવો
કાં તો રાજ કરી રહ્યા છે
અથવા તો પછી રાજ–દંડ બની ચૂકયા છે.
એમના ડ્રોઇંગ રૂમોમાં
યંત્રો, મંત્રો ને તંત્રો
તારા જંગલનાં લાકડાની ફ્રેમમાં મઢાઈને શોભી રહ્યાં છે !
–અને કહેવાય છે કે આદિવાસીઓ જંગલ સાફ કરી રહ્યા છે !
આમ તો
તારા જ લાકડામાંથી એ લોકો કુહાડા બનાવે છે,
પછી એનાથી તારા પગ કાપે છે
અને પછી તને સમજાવે છે કે આ તારો કુહાડો છે ! !
વર્ષોથી આની આ મેલી વિદ્યા અજમાવતા આવ્યા છે
એ લોકો !

અલબત્ત ! તે વખતે એ લોકો કહેતા હતા કે તું એમનાંમાંનો
એક નથી–તું તો કોઇક બીજો છે ને અનામતનો વિરોધ કરી
તારા શ્વાસ રૂંધેલા !
–ને આજે તને સોડમાં લઈને સાણસામાં જકડયો છે !
આબાદી ને અન્યાય,
શાંતિ ને શોષણ:
વિકાસ ને વહેરાવંચો–એ તો આપણા બહુમૂલ્ય બંધારણના
વણલખ્યા નિયમો છે !
ચેતી જા દોસ્ત, ચેતી જા
આ માણસખાઉ માંધાતાઓએ તારું લોહી તો ચાખી લીધું છે–
હવે તને પૂરેપૂરો ભરખી ખાય એ પહેલાં......
સાંભળ્યું છે કે તેં તારાં તીરકામઠાં ઉપાડયાં છે
– તે ઉપાડેલાં ને ઉગામેલાં જ રાખજે
– એને નીચે મૂકી દેવાની કાંઈ જ જરૂર નથી
– જરૂર છે માત્ર તારાં તીરનું નિશાન બદલવાની !

**હિરેન ગાંધી–સરૂપ ધ્રુવ**
તારીખ : ૨૫ એપ્રિલ, ૧૯૮૭

**રચના સંદર્ભ :**

– ૧૯૮૭ના એપ્રિલ મહિનામાં ગુજરાતના આદિવાસી વિસ્તાર 'પંચમહાલ'માં 'રામ જાનકી શોભાયાત્રા' નિમિત્તે કોમી રમખાણો થયાં. વીરપુર ખાતેની આ ઘટનાને ભડકાવવા ચૂસ્ત હિન્દુવાદીઓ જેઓ એ અનામત આંદોલનો' કરી દલિતો, આદિવાસીઓને બધી જ રીતે પીટયા હતાં. તેમણે આદિવાસીઓને એમ કહી ઉશ્કેર્યાં કે તમે તો શબરીના વારસદારો છો અને શબરી રામભક્ત હતી. તમારે 'રામ જન્મભૂમિ'ની લડતમાં સાથીદાર બની વિધર્મીઓ (મુસ્લીમો)ને ખતમ કરવા જોઈએ.
– અહીં એ નોંધવું જોઈએ કે 'બાબરી મસ્જિદ' અને 'રામજન્મભૂમિ' એ રાજકારણીઓ અને હિન્દુ બહુમતવાદીઓએ ઉપજાવી કાઢેલ ઝઘડો છે; અને એ નિમિત્તે દેશમાં ઠેર ઠેર – ગામડે ગામડે 'રામજાનકી શોભાયાત્રા'ઓ કાઢી કોમી આગ ભડકાવાય છે.

# આંતરરાષ્ટ્રિય મજૂર દિન નિમિત્તે બે કાવ્યો

## (૧) દુનિયાકે મઝદૂર! એક હો!

આવો!
અંતરથી ઇચ્છીએ ..
આ અંધકાર, આપણી યાતનાના અંધકારના
સૌન્દર્યને એળે ન જવા દઈએ...
ભલે પછી એ ગમે તે સમય હોય.
ગમે તે વરસ—માસ—દિવસ...
આ કાજળકાળી રાતે મૌનને પણ વાચા ફૂટવાની
વકી છે!
આપણુ શ્રમજીવિઓનો હશે એક દિવસ
આ દુનિયા પર...
આપણે માટે જ નહિ—
બીજાઓને માટે પણ આપણે
એ દિવસ લાવવાનો છે—ટકાવવાનો છે.
બેડીએ આપણે ને ખાય બીજા...
ઉપવાસ આપણે ને ધરાય બીજા...
સદીઓથી આ શોષણ ચાલે છે—સદીઓથી...
પણ એક દિવસ
આપણી કાળઝાળ વેદનાનો અંધકાર
છાવરી દેશે આ દુનિયાને...
સત્તાધારીઓને, જમીનદારોને, નેતાઓને
ગળી જશે આ અંધારા ઓળા...
એ લોકોને—
જેમણે આપણને તુચ્છ ગણીને હુકરાવ્યા છે—
એમને આપણે ધરતી પર ધમરોળીશું,
ધૂળમાં રગદોળીશું,
ભોંય ભેગા કરીશું...
એમની સામે લડીશું, ઝૂઝીશું, જીતીશું...
આવો, દુનિયાના શ્રમિકો! એક થાઓ!

—વિમલ રૈના

તારીખ: ૧ મે, ૧૯૮૭ (આંતરરાષ્ટ્રિય મજૂર દિન)

# અગનઝાળ

અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !
ભૂખ્યાં આ પેટની અગનઝાળ !
આંસુની ધારાની અગનઝાળ
ફફળેલાં હૈયાંની અગનઝાળ !
કાળઝાળ ભડભડતી અગનઝાળ ! —
આ છે ધરતીનો પોકાર !
આ છે જંગલનો લલકાર !
હવે આખરી હો ફેંસલો,
નહીં બુઝાવા તૈયાર !
અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !
અમે વેર — વેર લેશું !
હવે રહેજે ના જંપીશું !
ચલો ક્રાન્તિના પંથે,
ખતમ જુલ્મને કરીશું !
અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !
ખેતરમાં હળ છે સાથે
નહેરોમાં જળ છે સાથે !
આ બીજનો પોકાર છે
મજદૂર ! રહેજો સાથે !
અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !
જુઓ, ભઠ્ઠીઓ જલે છે
ને ચાકડા ફરે છે
આકાશ ડમરૂ બાજે,
અંધાર થરથરે છે !

અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !
આવી ગયો છે અવસર !
કંપે છે ધરા થરથર !
કચડાયેલાંઓ ! જાગો —
શોષણનું માંગો વળતર !
અગંનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !
ભલે સામે મોટો અજગર !
આપણ કીડીનું લશ્કર !
એ એકલો શું કરશે ?
ભાંગીને ભુક્કો ભર્ ભર્ !
અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !
ઓ સાથી ભગતસિંગના !
સિપાહી અસલ જંગના !
કેસરિયાં કરવા ચાલો,
ઘેઘૂર રક્તરંગનાં !
અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !
ઇતિહાસને બદલીશું !
દુશ્મનનાં દળ હણીશું !
જનવાદી ક્રાન્તિ કેરાં,
અજવાળાં પાથરીશું !
અગનઝાળ ! અગનઝાળ ! અગનઝાળ !

—એક ક્રાંતિગીતનો મુક્તાનુવાદ
તારીખ : ૧ મે, ૧૯૮૭ (મે દિન)

# સવારે ઝાડુ, છોડો વાળુ

એંઠા ટુકડા દીધા અમોને
ઝલાવીને આ ઝાડુ
મેલું માથે ઉપડાવ્યું 'ત્યા
સાદ ગલી ગલી પાડું

કયારે છૂટશે આ હાથોથી
સવારે ઝાડુ સાંજે વાળુ...

સદીઓથી સો ટકા અનામત
અમને છે પકડાવી
સઘળાં હકકો લીધા ઝૂંટવી
કાયમ દીધાં દબાવી

અંતર કાળું ઉજળિયાતનું
સવારે ઝાડુ સાંજે વાળુ...

ગામ કિનારે હડસેલીને
જોર જુલ્મ વરસાયા
શિયળ ચૂંથતા નરાધમો આ
કાયમના હડકાયા

જવું અમારે કયા મલકમાં
સવારે ઝાડુ સાંજે વાળુ...

કાળાલોહીથી ધરતી લથબથ
કાયમથી રંગાતી
સદા જુલ્મના બોજે મરતી
આમ મુડદાલ ઝાડુ જાતિ

કરશું ક્રાંતિ છોડી દઈને
સવારે ઝાડુ સાંજે વાળુ...

—શંકર પેન્ટર
તારીખ : ૨૮ મે, ૧૯૮૭

૫૫

## વેઠિયા મજૂર

વેઠિયા મજૂર અમે બંધવા મજૂર
રાત દિ' ગુલામગીરી જી રે હજૂર...
જી રે હજૂર જીરે હજૂર... જીરે મજૂર...

વર્ષોથી વારસાઈ હક અમને મળ્યો,
શેઠિયાના ચોપડાનો અંગૂઠોય ના બળ્યો,
જન્મ્યા એ જાણે અમારો થઈ ગયો કસૂર,
વેઠિયા મજૂર... અમે બંધવા મજૂર...

ખૂન પસીનો ખેતરોમાં જિંદગીભર વહ્યો,
મુઠ્ઠી દાણો બાલુડાના તાંસળામાં ના રહ્યો,
હક્ક માંગે જમીનદાર બનતો કાળઝાળ ક્રૂર,
વેઠિયા મજૂર... અમે બંધવા મજૂર...

કાયદાઓ કરનારા ને તોડનારા કોણ છે?
ગરીબોના દેશમાં આ ગરીબો તો ગૌણ છે
રાજદ્વારી શેઠિયાનો ભેગો વાગે સૂર...
વેઠિયા મજૂર... અમે બંધવા મજૂર...

અભણ–અજ્ઞાન–અસંગઠિત છીએ અમો,
ઉઠાવી ગેરલાભ શ્રમચોરીને તમો જમો,
જાગીશું તો કરશું અમો ક્રાંતિ જરૂર...
વેઠિયા મજૂર... અમે બંધવા મજૂર...

—શંકર પેન્ટર
તારીખ: ૨૮ મે, ૧૯૮૭

# ક્યાં સુધી સ્હેવાય ?

(ઢાળ : હે જવાન વીરતાસ્કી હૈ કસોટી આજ)

હાલ આ બેહાલ હવે ક્યાં સુધી સ્હેવાય ?
ક્રાંતિકૂચના તાલમાં બેસી ના રહેવાય... નવ જવાન... અય જવાન...

ગામેગામ ખેતરોમાં દાતે'ડાના દેવતા
ટાઢ તાપ વર્ષા માંહી શ્રમયોગ સેવતા
માંગે મજૂરી તો સામે લાઠીઓ વિંઝાય
હાલ આ બેહાલ હવે ક્યાં સુધી સ્હેવાય ? નવ જવાન... અય જવાન...

રોટલાના ટુકડા વિણુ ટળવળે છે બાળ
ભરશે તેનું પેટડું શું શોષકોની ગાળ ?
જાગ ઓ કરાલ કાળ આ તે શું કહેવાય !!
હાલ આ બેહાલ હવે ક્યાં સુધી સ્હેવાય ? નવ જવાન... અય જવાન...

ઊંચ નીચ વાડાબંધી ધર્મના ધતીંગમાં
અફીણુ બેહોશીનું આ ફરયા બધા ડીંગમાં
માંહીમાંહી લઢીવઢી એક ના થવાય
હાલ આ બેહાલ હવે ક્યાં સુધી સ્હેવાય ? નવ જવાન... અય જવાન...

જાગો જાગો જાગો મહેનત વીરો તમામ
જુલ્મી શૈતાનોની ઊંઘ કરી દો હરામ
ગગન ગજવી ક્રાંત કેરું ગીત છો ગવાય
હાલ આ બેહાલ હવે ક્યાં સુધી સ્હેવાય ? નવ જવાન... અય જવાન...

—શંકર પેન્ટર

તારીખ : ૨૮ મે, ૧૯૮૭

# મશાલ જલશે

મૂંગી પૂતળી !
આંધળી પૂતળી !
હાથ ત્રાજવું
ઊંચું નીચું
આંખે પાટાબાંધી પૂતળી !
કેવા પટા ?
શાના પાટા !
કોમના ચીંથરા !
ધર્મના ગાભા !
છોડી દે આ આટાપાટા !
કેવું માપ ?
ને કેવો તોલ ?
આ તે કેવું
પોલંપોલ !
કદીક તો તું સાચું બોલ !
એકને છે કણ;
બીજાને મણ'' !
તમે કહોને,
શું છે કારણ ?
અમે અમારું કાઢયું તારણઃ
એકને સિક્કો આતંકવાદી !
બીજાને બસ, કેદ જ સાદી !
લઘુમતિ ને બહુમતિને
મળી છે શું સરખી આઝાદી ?
કોણ અહીં છે આતંકવાદી ?
કોણ કરે છે અહીં ચૂકાદો ?
કોને મળતો ન્યાય અહિંયા ?
આપણો તો છે સવાલ સાદો !

કોક તો પૂતળીને પડકારો !
ન્યાય ન આ અન્યા' ગોઝારો !
બહુમતિ, જ્ઞાતિ, જાતિને
સલામતીનો છે સધિયારો !
હવે ન રહેવું બાળું ભોળું !
હવે ન રહેવું મીઠે મોળું !
કેમ કરીને ગળવો અન્યા' !
ના જોઈએ પારેવું ધોળું !
પીટર ! બીજો ગાલ ન ધરતો !
એ લોકોને માફ ન કરતો !
ન્યાયનો તારો હક છે સાથી !
ન્યાયનું નાટક તું ના સ્હેતો !
પછી તો જો જો ઘણું બદલશે.
માથાં ફૂટશે, લોહી વહેશે.
પ્રશ્ન નથી કંઈ ખાલી તારો,
ગામે ગામે લોક ઉમટશે !
ગામ જાગશે, સીમ જાગશે !
પછી તો ગામેગામ જાગશે !
ગોલાણા, ગુજરાત ને ભારત
ક્રાન્તિની ચિંગારી જલશે !
અગનઝાળથી પાટા બળશે !
ત્રાજવાં જૂઠાં ભડભડ બળશે !
મૂંગી પૂતળી આંધળી પૂતળી
પછી તો હાડોહાડ સળગશે !
એક એક ચિંગારીમાંથી
લાખ્ખો અબજો મશાલ જલશે........
મશાલ જલશે.. ......
મશાલ જશે.........

—

સરૂપ ધ્રુવ

## રચના સંદર્ભ :

તંત્ર અને એમાંય ન્યાયતંત્ર !

કોઈ પણ સ્થળે, કોઈ પણ સમયે તટસ્થ જ હોવું ઘટે પરંતુ ઘટવું જોઇએ એવું ઘણુંબધું આપણે માટે નથી ઘટતું; કેમ કે આપણે શોષિત છીએ, પીડિત છીએ,–જથ્થાબંધ છીએ, લાખ્ખો અબજો છીએ પણ વહેંચાયેલાં છીએ, વાડામાં છીએ, અસંગઠિત છીએ...

પણ મૂળ વાત ન્યાયતંત્રની છે. આપણી અત્યારની આ હાલત માટે રાજ્યતંત્ર, અર્થતંત્ર, સમાજતંત્રના જેટલું જ ન્યાયતંત્ર પણ જવાબદાર છે જ. સરૂપબેનના કાવ્યમાં એ વાત સ્પષ્ટ અને સચોટ રીતે રજૂ થઈ છે. એક તરફ વારંવાર ફાટી નીકળતાં કોમી રમખાણોવાળા સ્થળે–રમખાણોની ચરમસીમાના સમયે લઘુમતિ કોમની વ્યક્તિઓ હુમલો કરે છે અને તેમને ફાંસી થાય છે, જ્યારે બીજી તરફ કોઇ જ ઉશ્કેરણી વિના પોતાના હક્ક માટે ઝૂઝતાં દલિતો અને લઘુમતિ કોમના સભ્યો ઉપર પૂર્વનિયોજિત હુમલો કરી આખી વસ્તીમાં હાહાકાર મચાવાય છે. પણ હુમલાખોરો બહુમતિ કોમના સવર્ણો હોવાથી માત્ર જન્મટીપ થાય છે. આપણને, સામાન્ય માણસને ન સમજાય એવી કાયદાની આંટીઘૂંટીઓ એક તરફ રાખી સાદી ભાષામાં 'માણસ'ને સમજાય એવી ભાષામાં વાત કરીએ તો...

(૧) ખરેખર આ બંને ચૂકાદાઓ તટસ્થ અને ન્યાયપૂર્ણ લાગે છે ?
(૨) હકીક્તમાં આપણું ન્યાયતંત્ર સત્તાધારીઓ અને રાજકારણીઓથી પર છે ખરું !
(૩) લઘુમતિ કોમનો ન્યાય તોળતી વખતે તેનાં આર્થિક, સામાજિક, રાજકીય પાસાં અને ખાસ તો તેની તંગ અવસ્થાને ધ્યાનમાં લેવાય છે ખરી ?
(૪) બહુમતી કોમ હુમલો કરે છે ત્યારે તેની પાછળ સદીઓથી ચાલી આવતી તેની કહેવાતી સર્વોપરિતા અને દલિતો–લઘુમતીને હક્ક ન આપવાની માનસિકતા ધ્યાનમાં લેવાય છે ખરી ?
(૫) 'આતંકવાદી ધારા' વિશે સામાન્ય માણસની સમજ અને કાયદો ઘડનારાની સમજ વચ્ચે આસમાન જમીનનું અંતર છે–આવું ઘણાં બધાં કિસ્સામાં બને છે–શા માટે ?
(૬) સાચા તટસ્થ ન્યાય સુધી આપણી કહેવાતી લોકશાહી પહોંચી શકે ખરી ?

આ અને આવા કૈંક પ્રશ્નો થાય એ સ્વાભાવિક છે, એમાં આપણો વાંક નથી, તંત્રનો વાંક છે–ન્યાયતંત્રનો. પણ યાદ રાખીએ કે સહન માત્ર અને ફક્ત આપણે જ કરીએ છીએ.

તટસ્થ અને ન્યાયતંત્રની વાત નીકળી છે એટલે કેટલાક બહુમતવાદી વિરોધપક્ષની 'સમાન નાગરિક ધારા' (યુનિફોર્મ સિવિલ કોડ)ની માંગણી યાદ આવે છે. જ્યાં ન્યાયતંત્ર અને કાયદા ઘડનારા જ તટસ્થ ન રહી શકતાં હોય ત્યાં જો આવો ધારો ઘડાય અને અમલમાં આવે તો આપણા જેવા દલિતો, શોષિતો અને લઘુમતિઓનું શું થાય ? ! આ રાજકીય પક્ષો ઠેર ઠેર ચીતરે છે કે 'ફલાણાઓના માનબિંદુની રક્ષા કરો' ત્યારે સહજ પૂછવાનું મન થાય કે ફલાણાઓનું માનબિંદુ કયું ? એ કયાં અને કયારે અસલામત બન્યું ? અસલામત તો આપણે શોષિતો છીએ, લઘુમતિઓ છીએ ! આપણા જેવા માણસના માનબિંદુનું શું ? આપણા જીવવાના અધિકારનું શું ? આપણી રોજી રોટીનું શું ?

ખેર, વિરોધ પક્ષો કે સત્તાધારી પક્ષ દેખીતા જુદાં છે. આપણો સવાલ તો તંત્ર માટે છે. ન્યાયતંત્ર માટે.

— હિરેન ગાંધી

તારીખ ૨૦ જૂન, ૧૯૮૭

# આતંકધારાની મેલી મુરાદ?

સૂરજ પશ્ચિમ તરફ ઢળતો હતો,
હું ઘર તરફ જતો હતો,
રસ્તા પર અવર જવર હતી,
જાણે કોઈને કોઈની ઓળખ ન હતી,
શહેરમાં તોફાનની વકી હતી,
કરફ્યુ પડવાની જાણ હતી,
ઘરમાં જેલનું વાતાવરણ હતું,
ચારે તરફ ભયનું આવરણ હતું,
બહારથી અવાજો આવતા હતા,—
કૂતરા નાસભાગ કરતાં હતાં,—
રેડિઓ પર સમાચાર હતા—
ગરીબનાં ઝુંપડાં બળતાં હતાં,
પોળમાં પોલિસ ઊભા હતા,
સાથે મિલીટ્રીના મોભા હતા.
ચોમેર અશાંતિની 'શાંતિ' હતી,
કોઈના મરણની ભ્રાંતિ હતી,
છાપામાં આઠ મર્યાં હતાં,
કુલ્લે અઠ્ઠાવીસ મર્યા હતા,
ખરેખર ત્યારે કરફ્યુ હતો!!
–કે રાજકીય વ્યૂહ હતો!!!

આતકધારાનો મૂકયો આક્ષેપ,
પડયો હિન્દુ મુસ્લિમમાં વિક્ષેપ,
નિર્દોષને ચઢાવ્યા મંચે
કોની તોપ કોના તમંચે?!
સીડી આપતે ઊંચા મંચની,
કાપ ના મૂક તે જીવનની,
નિર્દોષો લટકી ગયા?
દોષિતો છટકી ગયા.?
જેમ છે શબ્દો ને વ્યાકરણની ગમ્મત
મુરાદ મેલી આ રાજકારણની રમત
કોઈનો માથે આતંકધારો
કોઈનો માટે ના કોઈ ધારો,
યાદ રાખજે રાજકારણી,
એક દિવસ છે તારો દાંડો
જ્યારે આવશે અમારો વારો,

પ્રભુ કહો કે અલ્લાહ,
નથી નિર્દોષ પર મહેરબાં,
કયામત ઉતરી આવી છે.
નિર્દોષને નજર લાગી છે.

વિશેષ કશું નથી કહેતો કિરણ,
બંધ મિલો ને બેકારી છે,
કરુણતા આજ પોકારી છે,
કાપડ નથી કોઈ મિલોમાં,
કફન ઉપર 'સેલ' આવી છે,
જાણે કે મોતની વેલ લાગી છે,
સૂરજ ઢળી ચૂકયો છે,
હું કઈ તરફ જઈ રહ્યો છું.?!

**—કિરણ શાહ**
—જુલાઈ ૧૯૮૭

* **રચના સંદર્ભ**
– 'મશાલ જલશે' ગીતમાં લઘુમતી કોમનો જે કિસ્સો સંદર્ભ નોંધમાં છે, તેજ કિસ્સાના ચૂકાદા નિમિત્તે આ રચના તૈયાર થઈ છે.

# ચિત્કાર

એક ચિત્કાર,
એક અવાજ,
એક પડઘો.
એક આક્રંદ,
એક સન્નાટો,
શૂન્યાવકાશ ! !
એક કુમળું ફૂલ,
ચૂંથાયું નરપિશાચથી,
વૃદ્ધની વાસનાથી,
એ 'અહિંસાધામ'માં.
એ જણાએ અખબાર વાંચ્યું.
એક જણાએ કેસ સાંભળ્યો,
અને આવ્યો અવાજ
હાશ ! જામીન મળી ગયા ! !
સ્ત્રીઓની સભા મળી,
વકીલની સવારી નીકળી,
વ્હારે ગયા કુમળી કળીની
બધાં સાથે હળીમળીને
પ્રશ્નો પાંચ પૂછી લીધા,
રોષ વ્યક્ત કરી લીધો.
ફરી પાછી અદાલતની જેમ
એમની પણ મુદત પડી.

આજની આ અદાલત
નથી ગણતી એ બળાત્કાર,
વૃદ્ધને વંદન કરીને—
'અહિંસાના અનુયાયી'નો
આવ્યો, હુકમથી આવકાર !
બાળક ભયભીત બન્યું,
અકસ્માત ના વિસરી શક્યું
આંસુ આંખના એમ જ રહ્યાં,
પિશાચ ખૂબ હસતા રહ્યા.

સમાજનો એ શાણો માણસ
સમજી ના શક્યો પૌત્રીની ઉંમર
વ્યૂહ અને વાસનાનું ચક્કર,
સૂતા સમાજની ફિકર ?
કાયદા કિતાબમાં જ રહ્યા,
સમાજ હંમેશ સૂતો રહ્યો,
બાળક અદાલત ને અખબારમાં,
સમાચારનું કારણ બન્યું,
ત્યાં સુધીમાં તો—
ફરી
એક ચિત્કાર,
એક અવાજ,
એક પડઘો,
એક આક્રંદ
એક સન્નાટો,
શૂન્યાવકાશ ! !

—કિરણ કે. શાહ
તારીખ : ૮ જુલાઈ, ૧૯૮૭

* રચના સંદર્ભ

– ખેડા જીલ્લાના દેવલી ગામે આવેલ આશ્રમશાળાના છાત્રાલયના સંચાલકે—જેઓ વૃદ્ધ હતા—૧૧ વર્ષની છોકરી ઉપર બળાત્કાર કર્યો એવાં સમાચારના આધારે આ કાવ્ય લખ્યું.

## એનકાઉન્ટર

'ગુજરાતી..!'
'બનિયા સાલા...'
'ચિંગુસ મારવાડી!'
'ચમડી તૂટેગી મગર...!'
નવજીવન એકસપ્રેસમાં બેઠેલા લોકોના
ભારતીય શબ્દો
ગૂં ગૂં કરતાં મારા કાનના પડદા પર ચોંટી ગયાં.
મને થયું—
મારા લોહીમાંથી
રસપૂરી ને દાળભાત,
પાપડ ને ખાખરા,
અથાણાં ને રાયતાં છૂટાં પડીને
ટ્રેનના પૈડાં નીચે પીલાવા માંડ્યા હતાં.
સપનું તો નથી જોતોને ?!
ખાતરી કરવા મારા સૂકલકડી શરીરને એક ચૂંટલી ખણી.
સામેની બર્થ પર
એક બેઠી દડીનો, ચીબો ગંધાતો ગુરખો
બાજુમાં બેઠેલા સરદારજી સાથે લળી લળીને વાત કરતો હતો
જાણે મને ઉદ્દેશીને જ કહેતો હતો :
"એ કસ્તુરભાઇ!
ઇન્દિરાશાહી ગૃહોમાં કેટલો હિસ્સો છે તારો ?
દિલ્હી દરબારની દલાલીના કેટલા રૂબલ-ડૉલર મળ્યા આ વર્ષે ?
જરા, આ ગરીબ ગોરખા તરફ પણ જોતો જા
સદીઓથી એણે રક્ષણ કર્યું છે-તારી
લખલૂટ સંપત્તિનું.
આ દેશમાં તારી પેઢીઓ પાડાની જેમ ચરી ખાય એ માટે.
મારી અગણિત પેઢીઓએ સરહદ પર અપ્રતીમ શૌર્યના ઇલ્કાબ મેળવ્યા છે.
તારું અહિંસક સામ્રાજ્ય ઊભું છે લાચાર
માથું ટેકવીને.
"એની અજેય કુકરી પર."
'વિવિધતામાં એકતા' ની વ્યાજખોરી કરનાર, ધન્નાશેઠ !
આ સરદારજીના પંજાબી પસીનાની
સસ્તામાં નિકાસ કરીને મેળવેલા વિદેશી હૂંડિયામણથી
તારા ગુજરાતનાં ગરીબોનું દળદર કદી ફેડયું છે ખરું ?!

કયાં સુધી શાહીવાદીઓનું લેંટ ચાટીને
ઘર આંગણે ફુલફટાક થઈ ફરતો રહીશ ?
કયાં સુધી તારી અદોદળી અસ્મિતાને
"વિશ્વગુર્જરી'ના ઈનામી વાઘા પહેરાવી પોમાતો રહીશ ?'
—બંનેની આંખમાંથી વરસતા લાવામાં
મારી બહુમૂલ્ય ટ્રસ્ટીશીપને
સખાવતી દાતાની શાખ તણાતી જોઈને
મારામાંનો 'સાબરમતીનો સંત' ધ્રૂણવા લાગ્યો.
બહાર પ્લેટફોર્મ પર એક ફેરિયો
ખોખરા અવાજે બરાડતો હતો :
"અનામત વિરોધી આંદોલનના લીધે ફાટી નીકળેલા
કોમી હુલ્લડોને દબાવવા લશ્કરની ફ્લેગ માર્ચ"
ને વિજયની લાગણી સાથે મેં
અમદાવાદ સ્ટેશને પગ મૂકયો.
"જખ મારે છે દુનિયા !
આપણો ગઢ સલામત છે."

—રાજુ સોલંકી
તારીખ. ૧૬ જુલાઈ ૧૯૮૭

## સ્ટેજ

અમે સ્ટેજ પર ગયા જ નહિ
અને અમને બોલાવાયા પણ નહિ,
આંગળીના ઈશારે
અમને અમારી પાયરી દેખાડી દીધી.
અમે ત્યાં જ બેઠા.
અમને શાબાશી મળી
અને 'એ' સ્ટેજ પર ઉભા રહીને
અમારાં દુઃખ અમને જ સંભળાવતા રહ્યાં.
કયારેય એમનાં થયાં નહિ.
અમે શંકા વ્યક્ત કરી—
'એમણે' સાંભળ્યું ન સાંભળ્યું કર્યું,
ને સીસકારો કરી
અમારા કાન પકડી
અમને જ દમ માર્યો
માફી માંગો...નહીં તો...

* મૂળ મરાઠી કાવ્યનો અનુવાદ.
—મૂળ કવિ : વાહરુ સોનવણે
—અનુવાદક : જગદીશ પટેલ.

## હમ સબ એક હૈ

આકાશમાં ચંદ્રના સ્થાન પર ઝળહળી રહ્યાં છે—
મિલનાં નિયોન સિમ્બોલ.
ખાટલાની સીંદરી સાથે
ઉઘાડું શરીર ઘસતા, ખિલખિલાટ હસતા,
મિલ મજદૂરનાં ભૂલકાંઓ
આકાશ તરફ લંબાવી રહ્યાં છે—
નાના હાથ.
આ ભૂલકાંઓ જીદ કરશે તો ?!
અંધકારથી યે કાળા પડછાયા ફરી રહ્યા છે.
પસીનાની ગંધ સાથે.
બાજુના હાઈ-વે પરથી ડબલ ડેકર પસાર થાય ત્યારે-
હચમચી ઊઠે છે એકેએક ખોલી.
ઇલેકિટ્રક ટ્રેઇન પસાર થાય ત્યારે-
ગટરની ગંધ સાથે દૂર સુધી દોડયા કરે છે ઝૂંપડપટ્ટી,
–કલાકના સો માઇલની ઝડપે.
બંધ દુકાનોના ઓટલા પર ફૂંકાઈ રહ્યાં છે ચરસ-ગાંજા,
ચાર રસ્તા પાસેની પોલિસચોકીમાં ખખડયા કરે છે કપ-રકાબી
અને સિનેમા પાસેની અંધારી ગલીમાં
રૂપજીવિનીઓ શોધી રહી છે રાત્રિના છેલ્લા ઘરાક
મેલીદાટ ચડીવાળા છોકરાંઓ શહેરની દિવાલો પર ચોડી રહ્યા છે
'હમ સબ એક હૈ' નાં પોસ્ટર્સ
અંધકારમાં મંદિર અને મસ્જિદના ગુંબજોની છાયા
પૂછી રહી છે એકમેકને :
'આ કોણ આપણી છાતી પર ઘસી રહ્યું છે અસંખ્ય છરા ?"

પ્રવીણ પંડયા.
૭ ઓગષ્ટ ૧૯૮૭

## કોણ ચલાવે રાજ, બોલો !

ચાળીસમે પણ ચલકચલાણું ?
થતાં રહ્યાં તારાજ, બોલો !
અમેય રૈયત, તમેય રૈયત (!
કોણ ચલાવે રાજ, બોલો !

મતપેટી કે મંત્રતંત્રથી
ફાટફૂટ ભઈ, ફૂલફટાક !
માણસથા મત મોટા કીધા;
નેવે મૂકી લાજ, બોલો !

ટળવળતી, તરફડતી
સગ્ગી જનતા સામે મિંચી આંખ;
થઈ વર્લ્ડના ચક્કરવરતી !
જાતે પ્હેર્યા તાજ, બોલો !

દેશવિદેશે ધજા ફરકતી;
સ્વીસએન્કમાં આણ વરતતી;
સબમરિન સળતળિયે પ્હોંચી;
કોનાં સરતાં કાજ, બોલો !

શ્હેર સળગતાં, નદીઓ મેલી;
સડતી લાશો, જંગલ ખાલી;
ગંગાજળથી શબ નવડાવ્યું,
પછી સજાવ્યા સાજ, બોલો !

સપના ઉપર સપનું મૂકી,
ચાળીસ માળ ચડાવ્યા ભારે !
ભૂખ્યાં પેટે ભમતાં માથાં,
હવે તો આવ્યાં વાજ, બોલો !

કેટલું કહેવું ? ક્યાં લગ સ્હેવું ?
નથી થવું નારાજ, બોલો !
ચલો, ઉગામો મુંક્કી સાથી !
રગદોળીશું તાજ, બોલો !

**સરૂપ ધ્રુવ.**

* **રચના સંદર્ભ :**

– ૧૫ ઓગસ્ટ, ૧૯૮૭ના દિવસે આપણા દેશની આઝાદીના ચાળીસ વર્ષ પૂરાં થાય છે. એ આઝાદી અને ચાળીસ વર્ષનું પૃથક્કરણ કરતું આ 'આંપણું ગીત'.

## નીલગીરી કૂંજે—ઓફીસર્સનું નાળચું અને બાબુ—બદરનો શ્રમ

આ માળખામાં કોઈ નહીં માને કે–
બાબુ–બદરૂ ને સીતા–ફાતમાનો શ્રમ સ્મગલ થાય છે;
ને ગોઠવાય છે એરકન્ડિશન્ડ શૉ–કેસમાં.
ભલે વેતન સરકાર નક્કી કરે,
પણ મૂલ્યની તલવાર ફેરવનારા ફેરવ્યા કરે છે.
ને એ લોકોએ—
દુકાનોને દુકાનો રહેવા દીધી નથી;
પણ લોહીનો વેપાર કરતી કોઠીઓ બનાવી દીધી છે.
એમણે ઉગાડેલી સરકારી કર ચોરીની નીલગીરી કૂંજે
શોષે છે પાતાળ,
ઉગાડે જાય છે હિંસાનાં પરપોટા,
અને હવાને મુક્ત થવા દેતા નથી.
એમની કોઠીઓના મળપેશાબના રેલાઓએ
અમારી સાબરમતીને રહેવા દીધી નથી નદી.
દેશસેવકના ફર્માઓ પેદા કરતી એમની ઠેકેદાર કંપનીઓ
ઓફીસર્સનું નાળચું
બાબુ–બદરૂને ધાન ભેગાં કરે એ દિશામાં ગોઠવશે.
એવો ભરોસો પડતો નથી. કારણકે—
નવનિર્માણનાં નેવાં એમના ઘર પર ગોઠવાયાં છે.
ને કટોકટીની કાતર બાબુ–બદરૂના ગજવા પર.
છતાં છડેચોક મનાતું નથી કે—
મજૂરનો શ્રમ સ્મગલ થાય છે, ને
ગોઠવાય છે બે–ચાર જણનાં એરકન્ડિશન્ડ શો–કેસમાં.

**મૌન બલોલી.**

૧૫ ઓગસ્ટ, ૧૯૮૭

* * *

આ પુસ્તક અને 'આપણું સાહિત્ય' વિશેનો આપનો નિખાલસ અભિપ્રાય અને સૂચનો આ પત્ર પર લખી અમને રવાના કરો.

તારીખ :
આપનું નામ :
સરનામું :

પ્રતિ :

સંવેદન સાંસ્કૃતિક મંચ;
૯, રૂપેશ સોસાયટી, વસ્ત્રાપુર સ્ટેશન રોડ,
જીવરાજ પાર્ક વિસ્તાર, અમદાવાદ.
પિન : ૩૮૦૦૫૨.

## સંસ્થા અને પ્રવૃત્તિના સક્રિય ભાગીદાર કઈ રીતે બની શકાય...?

* સંસ્થા તથા 'આપણું સાહિત્ય'ની પ્રવૃત્તિઓનો પ્રચાર, પ્રસાર અને યોગ્ય વિવેચન કરીને, તથા જરૂરી સૂચનો અને સંપર્કો આપીને.........
* દલિતો, શોષિતો, પીડિતોનાં પ્રશ્નો, સંઘર્ષો કે અરમાનોને વાચા આપતી રચનાઓ છાપવા–ભજવવા આપીને...
* સંસ્થાની પ્રવૃત્તિઓમાં આપની સર્જનશક્તિ અને વ્યવસ્થા શક્તિને સક્રિય બનાવીને.........
* સંસ્થા અને પ્રવૃત્તિનાં મૂળ આમ જનતા સુધી પહોંચે અને મજબૂત બને એ માટે એના જીવંત એકમ બનીને...
* 'આપણું સાહિત્ય'ની પત્રિકાઓ નિયમિત રીતે વહેંચી શકો એમ હો તો તાત્કાલિક અમારો સંપર્ક સાધીને...
* સંસ્થા અને પ્રવૃત્તિઓને આર્થિક રીતે પગભર બનાવીને ........
* આર્થિક રીતે પગભર થતાં સુધી સંસ્થા અને પ્રવૃત્તિઓને શક્ય એટલું અનુદાન આપીને..... મેળવી આપીને...

**વિશ્વના તમામ શોષકો, સત્તાધિશો અને દલાલો 'એ લોકો' છે; અને બાકીનાં તમામ માણસો 'આપણે' છીએ. સદીઓથી 'એ લોકો' સામે આપણે યુદ્ધે ચઢયાં છીએ. હવે સમય પાકી ગયો છે – યુદ્ધને ભીષણ બનાવવાનો–'આપણું સાહિત્ય' અને 'સંવેદન સાંસ્કૃતિક મંચે' એ લોકો સામે સાહિત્ય, રંગભૂમિ અને કલાના મોરચે યુદ્ધ આરંભી દીધું છે; એને પ્રોત્સાહન અને સક્રિય સહકાર આપવો એ 'આપણી' સહિયારી જવાબદારી છે......ફરજ છે.**

# આપણું સાહિત્ય

(અનિયતકાલીન)

(ફક્ત ખાનગી વહેંચણી માટે)

તારીખ : —સહયોગરાશિ : પચીસ પૈસા

આ જ ઢાંચામાં, આ જ કાગળની સાઇઝમાં, લાલ શાહીથી છપાતી આ પત્રિકા આજે એક વર્ષથી વધુ સમય વટાવી ચૂકી છે. ઓગસ્ટ, ૧૯૮૬ થી ઓગસ્ટ, ૧૯૮૭ સુધીમાં કુલ ૩૩ અંકો અને ૪૬ રચનાઓ પ્રગટ થઈ, ૧૫ સાહિત્યકાર મિત્રોએ રચના છાપવા આપી સક્રિય સહકાર આપ્યો. શરૂઆતના એક–બે અંકોને બાદ કરતાં દરેક અંકની ૧૦૦૦ નકલો છપાય છે. જેમાંની ૧૦૦ અમદાવાદમાં અને કુલ્લે ૭૦૦–સુરત, વડોદરા, ભાવનગર, મહેસાણા, ગાંધીનગર, મુંબઈ, મહેમદાવાદ, હિંમતનગર, ઇડર, સિંધણોં, આસનવડ વગેરે સ્થળોએ નિયમિત વહેંચાય છે. ચાર–પાંચ અંકો બાદ કરતાં બાકીનાની છૂટક નકલો હજુ પ્રાપ્ય છે. આપ જરૂરત હોય તો જરૂરી રકમનો મનીઑર્ડર કરી મંગાવી શકો.

પ્રવૃત્તિના એક વર્ષને અંતે અમારી ત્રણ મુખ્ય મર્યાદાઓ બહાર આવી છે.

(૧) દરેકે દરેક અંકની બધી જ નકલો વહેંચી શકતાં નથી આ મ ટે હજુ અમારે વધુ સંપર્કો અને સક્રિય કાર્યકરોની જરૂર છે.

(૨) અમદાવાદ સિવાયના સ્થળોએથી સહયોગ રાશિની વસૂલાત થતી જ નથી, અથવા તો નહિવત્ થાય છે. અલબત્ત કેટલાંક મિત્રોએ અનુદાનો મોકલ્યાં છે, પરંતુ ૨૫ પૈસા લઈને જ પત્રિકા આપવાનો આગ્રહ જળવાયો નથી. અનુદાનો વડે કોઈપણ પ્રવૃત્તિ ક્યાં સુધી ચાલે ? અને ચાલે તો પણ શા માટે ચલાવવી ? આ પ્રકારના સાહિત્યના વિકાસ માટે આપણે ૨૫ પૈસા જેવી મામૂલી સહયોગ રાશિ પણ ન આપી શકીએ ?! ન માંગી શકીએ ?! દરેક અંક દીઠ બધું મળીને ૧૨૫ થી ૧૫૦ રૂપિયાનો ખર્ચ આવે છે. જો વહેંચાતી ૮૦૦ નકલોનો હિસાબ ગણીએ તો ય રૂા. ૨૦૦/– મળવા જોઈએ. પરંતુ વાસ્તવિક્તા એ છે કે અંક દીઠ સરેરાશ ૨૫ થી ૩૦ રૂપિયા જ મળે છે. અનુદાનો વિના પ્રવૃત્તિ ચાલી જ ન શકે એવી સ્થિતિ છે. પ્રવૃત્ત આર્થિક રીતે પગભર થાય માટે આપણે સક્રિય થવું જ રહ્યું.

(૩) અંતિમ વાત છે સાવ સામાન્ય, આપણા સમાજના છેક છેવાડાના માણસ સુધી આ સાહિત્ય પહોંચાડવાની. જો એના સુધી આ સાહિત્ય પહોંચશે તો જ એ સાચી કસોટીએ ચઢશે, અને એ કસોટી આપણા સાહિત્યને વધુ સાચું દિશાસૂચન કરી શકશે. આપે અગાઉ જોયું કે એક–બે અપવાદ બાદ કરતાં આ પત્રિકા હજુ મોટાં શહેરો સુધી જ પહોંચી છે. તેને ગામડાં અને કસ્બાઓ સુધી પહોંચાડવી છે, અને એ માટે જરૂર છે વધુ સક્રિય ભાગીદારોની. જરૂર પડશે તો વધુ નકલો છપાવીશું પણ તેના સાચા વાચક સુધી આપણા સાહિત્યને પહોંચાડીને જ જંપીશું.

આશા છે આગામી વર્ષમાં આપણે વધુ આગળ ધપ્યાં હોઈશું અને ઉપરની મર્યાદાઓને શક્ય એટલી હદે વટાવી દીધી હશે.

— હિરેન

'આપણું સાહિત્ય' સંપર્ક સ્થાન :
માલિક–પ્રકાશક હિરેન ગાંધી, ૯, રૂપેશ સોસાયટી, વસ્ત્રાપુર સ્ટેશન રોડ, જીવરાજ પાર્ક વિસ્તાર, અમદાવાદ.
પિન : ૩૮૦૦૫૧ ફોન : ૪૧૩૮૩૫

મુદ્રક : કૃષ્ણ પ્રિન્ટર્સ, એ–૭, વાસુપૂજ્ય ચેમ્બર્સ, ઇન્કમટેક્ષ આશ્રમરોડ, અમદાવાદ.